બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**મે-૨૦૨૩**

શવ્વાલુલ્ મુઅઝ્ઝમ-ઝિલ ક઼અદ
હિજરી સન : ૧૪૪૪

વર્ષ : ૨૦, અંક : ૦૫, સળંગ અંક : ૨૩૨

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


**: માનદ તંત્રી :**
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | હિંદના ઈતિહાસનાં અપ્રદર્શિત પાનાંઓ પર એક નજર | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 07 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 10 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 13 |
| 05 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمۃ اللہ علیہ | 16 |
| 06 | ક઼ાનૂને શરીઅત (ભાગ : ૨) | 18 |
| 07 | તઝકેરતુલ અવલિયા હઝરત અબૂ સુલૈમાન દારાઈ رحمۃ اللہ علیہ | 21 |
| 08 | ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ | 25 |
| 09 | ફિક઼્હના અન્ય ત્રણ મહાન ઈમામો વિશે બયાન | 30 |
| 10 | ચરિત્રવાન સમાજનું ઘડતર કેવી રીતે થાય ? | 33 |
| 11 | ઈમ્તિનાએ નઝીર એટલે હુઝૂર ﷺના જેવા પેદા થવું.. | 34 |
| 12 | બાતિલ ફિર્ક઼ાવાળાઓના ગલત તર્જુમા અને કન્ઝુલ ઈમાન | 38 |
| 13 | ઈબ્ને તયમિયાની ગુમરાહીઓ | 44 |
| 14 | મેહરમ વિના હજ્જ ફર્ઝ જ ન થશે ! | 47 |
| 15 | નાજાઈઝ રીતે જમીન પચાવી પાડનારનો અંજામ ! | 48 |
| 16 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## અપના બેળા ભવંરસે નિકલ જાએગા

*અઝ : હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા અઝહરી رحمۃ اللہ علیہ*

હર નઝર કાંપ ઉઠેગી મેહશરકે દિન
ખોફસે હર કલેજા દહલ જાએગા
પર યહ નાઝ ઉનકે બંદેકા દેખેંગે સબ
થામ કર ઉનકા દામન મચલ જાએગા
મોંજ કતરાકે હમસે ચલી જાએગી
રુખ મુખાલિફ હવાકા બદલ જાએગા
જબ ઈશારા કરેંગે વો નામે ખુદા
અપના બેળા ભંવરસે નિકલ જાએગા
યૂં તો જીતા હૂં હુકમે ખુદાસે મગર
મેરે દિલકી હે ઉનકો યક઼ીનન ખબર
હાસિલે ઝિંદગી હોગા વો દિન મેરા,
ઉનકે ક઼દમોં મેં જબ દમ નિકલ જાએગા
રબ્બે સલ્લિમ વો ફર્માનેવાલે મિલે
ક્યૂં સતાતે હૈં અય દિલ તુઝે વસવસે
પુલસે ગુઝરેંગે હમ વજ્દ કરતે હૂએ
કૌન કહેતા પાઉં ફિસલ જાએગા
"અખ્તરે" ખસ્તા ક્યૂં ઈતના બેચૈન હે
તેરા આકા શહનશાહે કૌનેન હૈ
લવ લગા તો સહી શાહે લૌલાકસે
ગમ મસર્રત કે સાંચે મેં ઢલ જાએગા

# હિંદના ઈતિહાસનાં અપ્રદર્શિત પાનાંઓ પર એક નજર

તંત્રી લેખ

હિંદુસ્તાન એક એવો દેશ છે જ્યાં ધર્મો જાતિઓની વિવિધતા, ભાષાઓની વિવિધતા છતાં ભાઈચારગીથી અમ્નો અમાનની સાથે અહીં પ્રજા સુખચૈનથી જીવતી રહી અને સૌએ તન મન ધનની કુર્બાનીઓ આપીને આ દેશને અંગ્રેજોની ગુલામીમાંથી છોડાવ્યો અને સુખ શાંતિ, મેળ મેળાપ અને એકતા સાથે પ્રજા જીવી રહી હતી. પણ છેલ્લા કેટલાક વરસોથી એકતા તથા ભાઈચારાની ભાવના સાથે જીવતી ભોળી પ્રજાને રાજકીય આટાપાટામાં રાજકીય લાભ ખાટવા માગતા રાજકરણીઓએ સત્તા પ્રાપ્તિ માટે હરીમળીને રહેતી પ્રજામાં ફૂટફાટ પડાવી કૌમી વૈમનસ્ય, આપસમાં નફરતનાં બીજ રોપ્યાં જેનાં પરિણામો દિવસે દિવસે ખતરનાક સ્વરૂપ પકડી રહ્યાં છે. તે હિંદુ મુસ્લિમો જેમના બાપદાદાઓ એકબીજા સાથે મેળ મેળાપથી રહેતા હતા એમની નાદાન ઔલાદોની એવી કૌમી ઉશ્કેરણી ગલત સલત ઈતિહાસો રજૂ કરીને, ગલત પ્રોપેગંડાઓ કરીને કરવામાં આવી કે હિંદભરનો પૂરો માહોલ ખરાબ કરી નાખવામાં આવ્યો. ધાર્મિક પ્રસંગોના પ્રદર્શનોમાં જલસા, જુલૂસો, શોભા યાત્રાઓ અવાર નવાર દેશભરમાં નીકળવા લાગી જે પહેલાં કદી નીકળતી ન હતી ! અને એ પ્રસંગોને પોતાની ધાર્મિક નીતિરીતીથી ઉજવવાને બદલે અન્ય ધર્મ જાતીના લોકો વિરુદ્ધ સુત્રોચ્ચાર કરવો, મસ્જિદો પર કેસરી ઝંડા લગાડવા જેવી ગુંડાગર્દી ભરી પ્રવૃત્તિઓ હવે સામાન્ય બની ગઈ છે, જેના પરિણામે વારે તહેવારે હુલ્લડો ખડાં થવા લાગ્યાં અને છેવટમાં તોફાનોની તપાસમાં ખાસ તોફાનીઓ બાજુ પર રહી જાય છે અને નિર્દોષ યુવાનોને જેલના સળીયા પાછળ બેસાડી તેમની જિંદગીઓને ખરાબ કરવામાં આવે છે. આ ખરેખર થઈ રહ્યું છે અને સૌ મૌનપણે જોઈ રહ્યા છે, કોઈ કાંઈ કરી નથી શકતું, અને ન્યાયપ્રિય લોકો સમસમી રહ્યા છે. આ બધી બાબતો દેશની એકતા અખંડિતતા, દેશના વિકાસ અને દેશની વિશ્વભરમાં પ્રતિષ્ઠા માટે જોખમકારક છે. જેથી દેશના જિમ્મેદારોએ આ ક્ષેત્રે ધ્યાન આપી સત્વરે આ ખરાબીઓ પર રોક લગાડવી જોઈએ અને બે કૌમો વચ્ચે આપસમાં દંગલો ખડા કરનાર તત્વો પર નિષ્પક્ષપણે કાર્યવાહી કરવી જોઈએ, એમાં જ આપણા સૌની આપણા દેશની ભલાઈ છે.

આજે ઈતિહાસને વિકૃત કરીને એ રીતે રજૂ કરવામાં આવે છે કે મુસ્લિમ રાજાઓ બાદશાહોએ હિંદુ મંદિરોને તોડી પાડયાં, લૂટી લીધાં...વગેરે, જેનાથી નફરતની આગ દેશભરમાં ઉશ્કેરણીજનક ભાષણો કરીને ફેલાવવામાં આવી રહેલ છે, પણ કોઈ સચ્ચાઈ રજૂ કરવા તૈયાર નથી, કોઈ એ ઉશ્કેરણી ફેલાવનારાઓને જાણે પૂછનાર નથી ! એવા સંજોગોમાં અત્રે એક સર્વેક્ષણ રજૂ કરીએ છીએ કે હિંદુ રાજાઓ થકી હિંદના ઈતિહાસમાં કેવાં અને કેટલાં મંદિરો તૂટયાં અને લૂટાયાં હતાં. બિકાઉ મીડિયા આ બાબતો નથી દર્શાવતું અને એવી સાચી ખોટી વાતો પેશ કરતુ રહે છે કે પબ્લિકમાં નફરતનું બજાર ગરમ કરે. નીચેના લખાણમાં હિંદના ઈતિહાસનાં કેટલાંક મહત્વના બનાવો હિંદુ રાજાઓના જંગોના અને મંદિરો તોડવા લૂટવાના પેશ કરીએ છીએ.

ઈ.સ. ૬૪૨ની શરૂઆતમાં પાલવા હુકમરાં નરસિમહાવરન પહેલાએ ચલુકયુંને ફતહ કર્યુ. તેના પાટનગર વાટાપીને વેરાન કરી નાખ્યું. અને ત્યાંની ગણેશની મૂર્તિને પોતાના રાજ્ય તામિલનાડુમાં લાવ્યો. ઈ.સ. ૯૫૦માં ચંડેલાના રાજા યશોવરમનએ ખજૂરાહોમાં વિષ્ણુ વૈકુંઠને રાખવા માટે લક્ષ્મણ મંદિર બાંધ્યું જે સોનાથી બન્યુ હતું જેને ઓડિસાના સાહિરાજાએ છીનવી લીધુ હતું.

એક બૌદ્ધ ઈતિહાસકારના મુજબ પાંડિયાના રાજા શ્રીમારા શ્રીવાલાભાએ ઈ.સ. ૧૮૩ની આસપાસ શ્રીલંકા

પર હુમ્લો કર્યો અને સંભાલા રાજા સીતા પહેલાની ફોજને હાર આપી જેઓ પહાડોની તરફ ભાગી ગયા. શ્રીમારાએ શાહી ખજાનો લૂટી લીધો તેની સાથે બુદ્ધની મૂર્તિને પણ લઈ ગયો જે લગભગ ૫૦ વરસો પહેલાં જીવલાં જીવલ પેલેસમાં સોનાથી બનાવીને એક પેડ સટલ પર રાખવામાં આવેલ હતી.

ઈ.સ. ૧૧૧ સદીના પ્રારંભમાં રાષ્ટ્રકોર્ટ રાજા અન્દરા અકલાસીરના મંદિરને તબાહ કરી નાખ્યું. કાશ્મીરી રાજા હુમા લલીતાદિત્યએ ગદ્દારી કરીને ગાઉડા (બંગાલ)ના રાજાને કતલ કરી નાખ્યો હતો. તેનાથી સાથીઓએ બદલો લેવાની કોશિશ કરી અને લલીતાદિત્યની રાજધાનીમાં દાખલ થતાં જ તે કશ્મીરી રાજાના અંગત દેવતા પરીહા સકીસાના મંદિરમાં ગયા અને પછી તેમણે એમાંથી એક દેવતાને તોડી પાડીને ધૂળમાં મિલાવી દીધો.

બૌદ્ધ ધર્મના માનવાવાળાઓ પર બ્રાહમણ રાજાએ દર્દનાક જુલ્મો કર્યા અને તેમના ધાર્મિક સ્થળોને તબાહ કરી અને તેના પર પોતાનાં જ મંદિર બનાવ્યાં અને તેમના ધર્મગુરૂઓની કત્લે આમ કરી. બરહદર્ય, મોરી સલ્તનતનો આખરી રાજા હતો જેણે ભારત પર ૧૮૦ થી ૧૮૭ ઈ.સ. પૂર્વે સુધી હુકૂમત કરી હતી, જેને તેના બ્રાહમણ જનરલ પશીમતર શોંગાએ ગદ્દારી થકી કત્લ કરી આપ્યો હતો અને શોંગ સલ્તનત સ્થાપી હતી. જેના પછી તેણે બૌદ્ધ ધર્મના માનનારાઓ પર ખૂબ જ જુલ્મ અને સિતમ કર્યો હતો. તે એક મોટી ફોજની સાથે નીકળ્યો અને બૌદ્ધમતના એકે એક મઠો, પ્રાર્થનાલયો વગેરેને તબાહ કરી દીધાં. તેણે સાકલા સુધી ઘણા બૌદ્ધ ભિક્ષુકોને મારી નાખ્યા જેને હાલમાં સિયાલકોટ કહેવામાં આવે છે.

એ જાલિમ રાજાએ દરેક બુદ્ધ ભિક્ષકના માથાના બદલામાં સો દીનાર ઈનામ આપવાનું એલાન કર્યુ. તેણે અશોકન પલરડાલ, કોકલમા, ખાનકાહે પાટલી પુત્ર વર્તમાનકાળના પટનાના કેટલાય બુદ્ધમતના અન્ય મઠોને નષ્ટ કરી આપ્યા.

સાંચી જે મધ્ય પ્રદેશમાં બુદ્ધમતનું મહત્વનું સ્થળ હતું. અશોકના જમાનામાં તેને તથા તેના આસપાસના વિસ્તારો, જેમ કે કટની જિલ્લામાં સતધારા અને રેવા જિલ્લામાં દેવ કોથરને તબાહ કરી દેવામાં આવ્યો હતો, જેની સાબિતીઓ આજે પણ મળે છે. મથુરા યુ.પી.નું એક મશહૂર શહેર છે જ્યાં કહેવામાં આવે છે કે બ્રાહ્મણ મંદિર જેમ કે ભટેશ્વર ગોકરનેશ્વર પૂરાણા સમયમાં બૌદ્ધમતનાં કેન્દ્રો હતાં, જે મધ્ય યુગની શરૂઆતમાં હિંદુ ધાર્મિક સ્થળ બની ગયાં.

એ જ પ્રમાણે ઈલાહાબાદ (પ્રયાગરાજ)ની નજીક કોશામ્બીમાં મહાન મઠ અને વાણારસીની નજીક સારનાથ જ્યાં ગૌતમ બુધ્ધે પોતાનું પ્રથમ પ્રવચન આપ્યું હતું તે બાહ્મણ હુમલાનું શિકાર બની ગયું, ત્યાર બાદ ત્યાં બ્રાહ્મણ મંદિર બાંધવામાં આવ્યું. પ્રખ્યાત ઈતિહાસકાર "ડી.એન.ઝા" જે હિંદુસ્તાનના પૂરાણા અને મધ્ય યુગના ઈતિહાસનો માહિર છે તે લખે છે : કેવળ ઉત્તર પ્રદેશના સુલ્તાનપુર જિલ્લામાં આગ લગાડીને કમસે કમ ૪૯ બૌદ્ધ સ્થાનોને સળગાવીને રાખ કરી દેવામાં આવ્યાં. ચીની બૌદ્ધ એલચી જેણે ૬૩૧ અને ૬૪૫ દરમિયાન હિંદુસ્તાનનો દોરો કર્યો રાજા હર્ષર્ધનના દૌરમાં, તેનું કહેવું છે કે હસુન તસાંગનો રાજા મેહરાકોલ શીવ ભક્ત હતો જેણે બૌદ્ધમતના ૧૬૦૦ મઠોને નષ્ટ કરી દીધા અને હજારો બૌદ્ધમતના ભિક્ષુઓ અને તેમના માનનારાઓને ખત્મ કરી દીધા. અને તેનું અધિક કહેવું છે કે કંધારામાં ૧૦૦૦ સંઘરામોને સામાન્ય રીતે વિરાન કરી દીધાં.

જગન્નાથ મંદિર જે પૂર્વી ગંગાના કિનારે હુકમરાન અનંત વર્મન ચોબા ગંગાદેવના સમયમાં ૧૨ મી સદીમાં બુદ્ધમતના મઠો પર બાંધવામાં આવ્યું. "ઝા" કહે છે કે કદાચ કોઈ શંકા થાય કે પૂરા જિલ્લામાં પોનેશ્વરા, સોમેશ્વર અને અંગલેશ્વરાના મંદિર ક્યાં તો બુદ્ધ મઠો પર બનાવવામાં આવ્યાં હતાં............ "ઝા"નું એ પણ

www.barkaterkhwaja.net

કહેવું છે કે સાતમી સદીમાં રાજા શશાંકે એ ઝાડને કાપી નાખ્યું જેની નીચે ગૌતમ બુદ્ધને જ્ઞાન મળ્યું હતું અને એક સ્થાનિક મંદિરમાંથી બુદ્ધની મૂર્તિની જગાએ શીવની મૂર્તિ રાખી દીધી.

બિહારની નાલંદા લાયબ્રેરી પૂરાણી તથા આંતર રાષ્ટ્રીય ખ્યાતનામ હતી તેને ધર્માંધ જનૂનીઓએ આગ લગાડી દીધી હતી. અને "ઝા"એ કહ્યું કે એ વાત ગલત છે કે એને કમાંડર બખ્તિયાર ખિલજીથી સંબંધિત કરે છે. પુરાતત્વ વિભાગ અનુસાર સોમનાથ મંદિર નીચે ત્રણ માલની ઈમારતથી બુદ્ધ ગુફાઓના પુરાવા પણ મળ્યા છે.....

એ જ પ્રમાણે ચીરા ખાનદાનની હુકૂમતના દોરમાં મંથલીકમ પ્રખ્યાત જૈન કેન્દ્રોમાંથી એક હતું. એમાં એક જૈન મંદિર પણ હતું જેને શીવ મંદિરમાં ફેરવી દેવામાં આવ્યું. એ મંદિરમાં આજે પણ જૈન મંદિરની નિશાનીઓ જોવા મળે છે. કર્ણાટકના અદારગંચી ડોડપા મંદર અને હાલોરમાં આવેલ મેગોડી મંદિર પણ જૈન મંદિર હતાં. જૈન ધર્મના માનનારાઓનો એ પણ દાવો છે કે તામિલનાડુમાં લગભગ ૮૦૦ જૈન ધર્મગુરૂની કત્લેઆમ હિંદુ રાજા થકી કરવામાં આવી.

કાશ્મીરના હિંદુ રાજાઓ પોતાના દૌરમાં મંદિરને તોડવાનો એક વિભાગ (**Devotpaatnayak**) બનાવ્યો હતો. હર્ષદેવ (૧૦૮૪ થી ૧૧૦૧)એ હિંદુ તથા બુદ્ધ બંનેના પ્રાર્થનાલયોને તબાહ કર્યાં. એ વિભાગ થકી દેવી દેવતાઓનાં મંદિર તોડવામાં આવતાં અને સોનાની મૂર્તિઓને પીગાળી દેવામાં આવતી જેનો ઉલ્લેખ પંડિત પૃથ્વીનાથ હમઝઈ કાશ્મીરના ઈતિહાસની કિતાબના પેજ ૧૪૩ પર કલહાનાના વર્ણનમાં કરે છે. *(ડૉ. ફયઝાન અઝીઝીના લેખના આધારે)*

"ગુજરાત સમાચાર" દૈનિક તા. ૧૭–૧૧–૨૦૧૮ પેજ–૧૪ વડોદરા આવૃત્તિમાં છે કે, મરાઠાઓએ શંકરાચાર્યનો મઠ તોડી પાડયો ત્યારે ટીપૂએ તેનો જીર્ણોદ્ધાર કરેલો. ટીપુના મુખ્ય મંત્રી અને નાણા મંત્રી હિંદુ હતા. આમ ઈતિહાસ સાક્ષી છે કે હિંદુ રાજાના લશ્કરમાં સૈનિકો તથા હોદ્દેદારો મુસલમાન રહેતા હતા તો મુસલમાન રાજાના લશ્કરમાં તથા હોદ્દેદારો હિંદુ રહેતા હતા. રાજાઓ હિંદુએ હિંદુ સાથે તથા મુસ્લિમે મુસ્લિમ રાજા સાથે જંગો કરેલી છે, ત્યાં સત્તાની જ લડાઈઓ હતી, કોઈ ધાર્મિક લડાઈઓ ન હતી.

ઉપરોક્ત ઐતિહાસક હવાલાઓથી સ્પષ્ટ થઈ ગયું કે મુસલમાન હાકિમોના આગમન પહેલાં તથા પછી પણ હિંદુસ્તાનમાં હિંદુ રાજાઓ થકી મંદિર તથા અન્ય ધર્મ સ્થાનોને ન કેવળ તોડી પડાયાં બલ્કે લૂટમારની સાથે ધર્મગુરૂઓને કત્લ કરવામાં આવ્યા. એનાથી ઉલ્ટુ મુસ્લિમ હાકિમોએ હિંદુ મંદિર બનાવ્યાં તેમને વઝીફા આપતા હતા. (જુઓ : ઔરંગઝેબની ઐતિહાસિક સચ્ચાઈ, બરકાતે ખ્વાજા મંથલી, સપ્ટેમ્બર, ૨૦૨૨, પેજ–૪૩ થી ૪૯) અને તેમની રાજ સત્તામાં રાજપૂત તથા હિંદુ તબકાના લોકો મહત્વના હોદ્દાઓ પર બિરાજમાન હતા, ખાસ કરીને હઝરત ઔરંગઝેબના તથા ટીપુ સુલ્તાનના જમાનામાં. પણ આજે ગલત ઈતિહાસ રજૂ કરીને તેમને બદનામ કરવામાં આવે છે અને કૌમી વૈમનસ્ય ફેલાવવામાં આવે છે !

ઉપરોક્ત બનાવો પ્રોફેસર રિચર્ડ એમ. એટનના પુસ્તક **Temple Destruction & India's Hindu Muslim State** તથા હિંદુસ્તાનના મશહૂર ઈતિહાસકાર ડી.એન.ઝાના પુસ્તક **"Against tha Grain"** વગેરેમાંથી લીધેલ છે. ઉપરોક્ત બંને શખ્સોએ સચોટ દલીલો વડે આ ઈતિહાસને પ્રદર્શિત કરેલ છે જેને આને વતનીભાઈઓ સમક્ષ રજૂ કરવાની જરૂર છે, કેમ કે આજે મંદિર તોડી પાડનારાઓના રૂપમાં મુસ્લિમ હાકિમોને મનઘડન તરીકાથી બતાવવાની ભરપુર કોશિશો થઈ રહી છે. https://www.sadaeislam.in/blog/hindu-rajaon-ke-zarye-mandiron-ki/

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.

اِعْلَمُوْۤا اَنَّ اللّٰهَ شَدِیْدُ الْعِقَابِ وَ اَنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِیْمٌؕ(۹۸) مَا عَلَى
الرَّسُوْلِ اِلَّا الْبَلٰغُؕ وَ اللّٰهُ یَعْلَمُ مَا تُبْدُوْنَ وَ مَا تَكْتُمُوْنَ(۹۹)
قُلْ لَّا یَسْتَوِی الْخَبِیْثُ وَ الطَّیِّبُ وَ لَوْ اَعْجَبَكَ كَثْرَةُ
الْخَبِیْثِۚ فَاتَّقُوا اللّٰهَ یٰۤاُولِی الْاَلْبَابِ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ(۱۰۰) یٰۤاَیُّهَا
الَّذِیْنَ اٰمَنُوْا لَا تَسْــٴَـلُوْا عَنْ اَشْیَآءَ اِنْ تُبْدَ لَكُمْ تَسُؤْكُمْۚ وَ
اِنْ تَسْــٴَـلُوْا عَنْهَا حِیْنَ یُنَزَّلُ الْقُرْاٰنُ تُبْدَ لَكُمْؕ عَفَا اللّٰهُ
عَنْهَاؕ وَ اللّٰهُ غَفُوْرٌ حَلِیْمٌ(۱۰۱) قَدْ سَاَلَهَا قَوْمٌ مِّنْ قَبْلِكُمْ ثُمَّ
اَصْبَحُوْا بِهَا كٰفِرِیْنَ(۱۰۲) مَا جَعَلَ اللّٰهُ مِنْۢ بَحِیْرَةٍ وَّ لَا سَآىٕبَةٍ وَّ
لَا وَصِیْلَةٍ وَّ لَا حَامٍۙ وَّ لٰكِنَّ الَّذِیْنَ كَفَرُوْا یَفْتَرُوْنَ عَلَى اللّٰهِ
الْكَذِبَؕ وَ اَكْثَرُهُمْ لَا یَعْقِلُوْنَ(۱۰۳) وَ اِذَا قِیْلَ لَهُمْ تَعَالَوْا اِلٰى
مَاۤ اَنْزَلَ اللّٰهُ وَ اِلَى الرَّسُوْلِ قَالُوْا حَسْبُنَا مَا وَجَدْنَا عَلَیْهِ
اٰبَآءَنَاؕ اَوَ لَوْ كَانَ اٰبَآؤُهُمْ لَا یَعْلَمُوْنَ شَیْــٴًـا وَّ لَا یَهْتَدُوْنَ(۱۰۴)

## સૂરએ માઈદાની તફસીર

જાણી રાખો કે અલ્લાહનો અઝાબ સખ્ત છે,[૩૪] અને અલ્લાહ માફ કરનાર મહેરબાન (પણ) છે (૯૮) હુકમ પહોંચાડી દેવા સિવાય રસૂલ પર (બીજી કોઈ જવાબદારી) નથી.[૩૫] અલ્લાહ જાણે છે જે કંઈ તમે જાહેર કરો છો, અને જે કંઈ સંતાડો છો[૩૬] (૯૯) તમે ફર્માવી દો કે ગંદુ અને સ્વચ્છ એક સરખાં નથી[૩૭] ભલે તને ગંદાની વધુમતી સારી લાગે. તો હે બુદ્ધિમાનો ! અલ્લાહથી ડરતા રહો જેથી તમે સફળતા મેળવો (૧૦૦) હે ઈમાનવાળાઓ ! એવી વાતો ન પૂછો કે જે તમને કહી દેવામાં આવે તો તમને ન ગમે[૩૮] અને એવી વાતોને એવા સમયે પૂછશો કે (જ્યારે) કુર્આન ઉતરી રહ્યું છે, તો (તે) તમારા પર ઉઘાડી દેવાશે અલ્લાહ એને માફ કરી ચૂક્યો છે.[૩૯] અને અલ્લાહ માફ કરનાર સહનશીલ છે (૧૦૧) તમારાથી પહેલાંની એક કૌમે એવી વાતો પૂછી,[૪૦] પછી તેના ઈન્કારી બની બેઠા (૧૦૧) અલ્લાહે કાન ચીરેલાં કે બજાર તેમજ વસીલા કે હામી નક્કી નથી કર્યાં,[૪૧] હા ! કાફિર લોક અલ્લાહ પર જૂઠો આક્ષેપ મૂકે છે.[૪૨] અને એમનામાં ઘણા નર્યા મૂર્ખ છે[૪૩] (૧૦૩) અને જ્યારે એમને કહેવામાં આવે, ''આવો તેના તરફ

*જે અલ્લાહે ઉતાર્યું, અને રસૂલ તરફ (ત્યારે) કહે,[૩૪] 'અમને તે પૂરતું છે જેના પર અમે પોતાના બાપદાદાને જોયા, શું તેમના બાપદાદા કંઈ ન જાણે અને ન તો રસ્તા પર હોય છતાં પણ ?[૩૫] (૧૦૪)*

**:: સમજૂતી ::**

**૩૪ :** તો હરમ અને હુરમત (હરમની ઈજ્જત)નો ખ્યાલ રાખો. અલ્લાહ પોતાની રહમતોના વર્ણન પછી પોતાના ગુણ શદીદુલ ઈકાબ (સખ્ત સજા દેનાર)નું બયાન કર્યું, જેથી ખૌફ અને ઉમ્મીદ મળીને ઈમાન સંપૂર્ણ બને, એ પછી ગફૂર અને રહીમના ગુણોના બયાન કરીને પોતાની રહમતની વિશાળતા જાહેર કરી.

**૩૫ :** તો જ્યારે રસૂલ હુકમ પહોંચાડીને (જવાબદારીમાંથી) મુક્ત થઈ ગયા તો તમારા પર તેનું માનવું આવશયક થયું. દલીલ રજૂ થઈ ગઈ, અને બહાનાની જગ્યા બાકી ન રહી.

**૩૬ :** તેને તમારા બાહ્ય તથા અંતર અને મુનાફિકપણા તેમજ નિખાલસતાનું જ્ઞાન છે.

**૩૭ :** એટલે કે હલાલ અને હરામ, સારૂં અને બુરૂં, મુસ્લિમ અને કાફિર, ખરૂં અને ખોટું એક કક્ષામાં નથી હોઈ શકતાં.

**૩૮. શાને નુઝૂલ :** અમુક લોકો સૈયદે આલમ ﷺને ઘણા ફુઝૂલ પ્રશ્નો પૂછયા કરતા હતા, હુઝૂરના દિલ મુબારકને એ ગમતું ન હતું, એક દિવસે ફર્માવ્યું, "જે પૂછવું હોય તે પૂછો હું દરેક વાતનો જવાબ આપીશ" ત્યારે એક માણસે પૂછયું કે, "મારો અંજામ શું છે ?" ફર્માવ્યું "જહન્નમ !" એક માણસે પૂછયું કે "મારો બાપ કોણ છે ?" હુઝૂરે તેના બાપનું નામ કહી દીધું કે "સદાકા", જેના બીનો તે હતો, (જેના નુત્ફાનો તે તે હતો), જો કે તેની માતાનો પતિ તો બીજો હતો, જેનો આ પુત્ર કહેવાતો હતો. ત્યારે આ આયત ઉતરી કે એવી વાતને ન પૂછો જે ઉઘાડી દેવામાં આવે તો તમને માઠી લાગે. *(તફસીરે અહમદી)*

બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે એક દિવસ સરવરે આલમ ﷺએ ખુત્બાની વચમાં ફર્માવ્યું કે, જેને જે પૂછવું હોય તે પૂછો ! "અબ્દુલ્લાહ બિન હુઝાફા સહમીએ ઉભા થઈને પૂછયું કે "મારા પિતા કોણ છે ?" ફર્માવ્યું "હુઝાફા" ફરી ફર્માવ્યું, "હજુ પૂછો !" હઝરત ઉમર ઉભા થઈને ઈમાન અને રિસાલતના ઈકરાર પછી દરગુઝર કરવા વિનંતી કરી. ઈબ્ને શિહાબની રિવાયત છે કે (એ પછી) અબ્દુલ્લાહ બિન હુઝાફાની માતાએ તેમને કહ્યું, "તું ઘણો કુપાત્ર છે, અજ્ઞાનયુગની સ્ત્રીઓની જે હાલત હતી તેની તને શું ખબર, અલ્લાહ ન કરે અને તારી માથી કોઈ ગુન્હો થયો હોત, તો આજ તે કેવી બદનામ થાત ?" ત્યારે અબ્દુલ્લાહ બિન હુઝાફાએ કહ્યું, "જો હુઝૂર કોઈ હબશી ગુલામને મારો બાપ કહેત તો હું ખાત્રી સહિત માની લેત."

બુખારી શરીફની હદીષમાં છે કે લોકો મશ્કરી રૂપે આવા સવાલો કરતા હતા, કોઈ પૂછતું, મારો બાપ કોણ છે ? કોઈ પૂછતું, મારી ઊંટણી ખોવાઈ ગઈ છે તે ક્યાં છે ? ત્યારે આ આયત ઉતરી.

મુસ્લિમ શરીફની હદીષમાં છે કે હુઝૂર ﷺએ ખુત્બહ દરમ્યાન હજ ફર્ઝ હોવાનું જણાવ્યું, ત્યારે એક માણસે પૂછયું કે, "શું દર વર્ષે ફર્ઝ છે ?" હુઝૂર ચૂપ રહ્યા. પૂછનારે ફરી પૂછયું, ત્યારે ફર્માવ્યું કે, "જે હું બયાન ન કરૂં તેની પાછળ ન પડો, જો હું હા કહી દેત તો દર વરસે હજ ફર્ઝ થઈ જાત, અને તમે તે કરી શકત નહીં.

www.barkatekhwaja.net

**મસ્અલો : આથી જણાયું કે અહકામનો હુઝૂરને અખત્યાર આપવામાં આવ્યો છે, જે ફર્ઝ કરે તે ફર્ઝ થઈ જાય, જેને ન કરે તે ન થાય.**

**૩૯. મસ્અલો :** આ આયતથી સાબિત થયું કે જે વાતની મનાઈ શરીઅતમાં ન આવી હોય તે મુબાહ છે. હઝરત સલમાન رضی اللہ عنہની હદીષમાં છે કે હલાલ તે છે જે અલ્લાહે પોતાની કિતાબમાં હલાલ કર્યું. હરામ તે છે જેને તેણે પોતાની કિતાબમાં હરામ ઠરાવ્યું, અને જેના વિશે ચુપકીદી સેવવામાં આવી તે માફ છે, તો કષ્ટમાં ન પડો. *(ખાઝિન)*

**૪૦ :** પોતાના પૈગમ્બરોને ફુઝૂલ સવાલ પૂછયા, પૈગમ્બરોએ (તેના) હુકમો કહ્યા ત્યારે તે મુજબ કરી શક્યા નહીં.

**૪૧ :** અજ્ઞાનયુગમાં કાફિરોનો એ નિયમ હતો કે જે ઊંટણી પાંચ વખત વિયાતી અને છેલ્લી વાર તેને નર બચ્ચું આવતું તો તેનો કાન ચીરી નાખતા, પછી તેના પર ન સવારી કરતા ન તેને ઝુબેહ કરતા ન તેને ચારા પાણી પરથી નસાડતા, આને તેઓ ''બહીરા'' કહેતા હતા. અને જ્યારે કોઈ મુસાફરી આવી પડતી અથવા કોઈ બીમાર પડતું ત્યારે એવી નજર (બાધા) રાખતા કે હું મુસાફરીમાંથી સહી સલામત પાછો આવીશ અથવા તંદુરુસ્ત થઈ જઈશ તો મારી ઊંટણી ''સાઈબા'' (બજાર) છે. પછી બહીરાની જેમ તેને પણ ઉપભોગવાનું હરામ ગણતા, અને તેને છૂટી મૂકી દેતા, અને બકરી જ્યારે સાત વખત વિયાઈ ચૂકતી અને તેનું સાતમું બચ્ચું નર હોતું તો તેને પુરૂષો આરોગતા, અને નારી હોતું તો તેને બકરીઓમાં છૂટુ મૂકી દેતા, અને નર નારી બંને હોતાં તો પણ છોડી મૂકતા અને કહેતા હતા કે એ પોતાના ભાઈ પાસે જતી રહી. એને તેઓ ''વસીલા'' કહેતા. અને જ્યારે નર ઊંટથી દસ ગર્ભ મળી જતા, તો તેને છોડી દેતા, ન તેના પર સવારી કરતા ન તેના પાસેથી કામ લેતા અને ન તેને ચારા પાણી પરથી હાંકતા, એને ''હામી'' કહેતા.

*(મદારિક)*

બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે ''બહીરા'' તે (જાનવર) છે જેનું દૂધ મૂર્તિઓ માટે રોકી લેતા હતા, કોઈ તેનુ દૂધ દોહતું નહીં, અને ''સાઈબા'' તે છે જેને તેઓ પોતાની મૂર્તિઓ માટે છૂટા મૂકી દેતા હતા, કોઈ તેનાથી કામ લેતું નહીં. આ રીત રસમો અજ્ઞાન યુગથી લઈને ઈસ્લામના આરંભના સમય સુધી ચાલતી આવી હતી. આ આયતમાં તેને રદ કરવામાં આવી.

**૪૨ :** કારણ કે અલ્લાહ તઆલાએ એ જાનવરો હરામ કર્યા નથી. તેના તરફ એનો સંબંધ જોડવો ખોટો છે.

**૪૩ :** જેઓ પોતાના આગેવાનોના કહેવાથી એ વસ્તુઓને હરામ સમજે છે, તેઓ એટલો વિચાર નથી કરતા કે જે વસ્તુ અલ્લાહે અને તેના રસૂલે હરામ નથી કરી તેને કોણ હરામ કરી શકે છે ?

**૪૪ :** એટલે કે અલ્લાહ અને રસૂલને અનુસરો અને જાણી લો કે આ વસ્તુઓ હરામ નથી.

**૪૫ :** બાપદાદાનું અનુકરણ ત્યારે ઠીક કહેવાત જ્યારે તે જ્ઞાન ધરાવતા હોત અને સીધા માર્ગ પર હોત.

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

www.barkatekhwaja.net

## દર્સે હદીષે પાક

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી અવફાથી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સ નબી ﷺની ખિદમતમાં હાજર થયો. અર્ઝ કરી કે હું કુર્આન કાંઈ પણ યાદ નથી કરી શકતો, તો મને એ ચીજ શીખવાડી દો જે પૂરતી હોય.[1] ફર્માવ્યું, આવું કહી લીધા કરો[2] ! سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આ તો અલ્લાહના માટે થયું, મારા માટે શું છે ?[3] ફર્માવ્યું, કહી લીધા કરો, ઈલાહી ! મારા પર રહમ કર ! મને અમ્ન, હિદાયત અને રોજી આપ.[4] પછી એ શખ્સે બંનેવ હાથ બંધ કરીને તેનાથી આ પ્રમાણે ઈશારો કર્યો[5] હુઝૂર ﷺએ ફર્માવ્યું, તેણે પોતાના બંનેવ હાથ ખૈરથી ભરી લીધા. (અબૂ દાઊદ) નિસાઈની રિવાયત 'اِلَّا بِاللّٰهِ' પર ખત્મ થઈ ગઈ."*

**૧.** સર્વ દુઆઓની તરફથી અથવા દરરોજ કુર્આનની તિલાવતની તરફથી કે એના પઢવામાં મને તિલાવતનો સવાબ મળ્યા કરે. અથવા નમાઝમાં કુર્આનની તિલાવતની તરફથી. પ્રથમ બે અર્થો અધિક મજબૂત છે, કેમ કે એ સવાલ કરનાર અરબી છે. કુર્આનની ઝબાનમાં છે. જેથી એ કેવી રીતે થઈ શકે છે કે તે નમાઝ જાઈઝ થઈ શકે એટલા પ્રમાણમાં પણ કુર્આન યાદ ન કરી શકે. તેમજ એ દુઆ જે હુઝૂરે ઈર્શાદ ફર્માવી છે એ પણ કુર્આની આયતોના બરાબર જ છે, જ્યારે એ યાદ થઈ શકે છે તો જરૂરત પૂરતી નમાઝની કિ઼રાઅત પણ યાદ થઈ શકે છે. (અઝ : અશિઅતુલ લમ્આત) જો અંતિમ અર્થ મુરાદ હોય તો એનાથી એ મસ્અલો માલૂમ થશે કે નવ મુસ્લિમ જે હજી કુર્આન યાદ નથી કરી શક્યો, ગુંગો વગેરે... એમના માટે નમાઝના કાર્યો જ પૂરતાં છે.

**૨.** એટલે કે **જો તમો દરરોજ કુર્આનની તિલાવત ન કરી શકો તો આ કલેમાત કહી લીધા કરો, એમાં ઈન્શાઅલ્લાહ ! તિલાવતનો સવાબ પામશો.** કેમ કે એ અલ્લાહના ખજાનાઓમાંથી છે, એ કલમાઓની ઘણી ફઝીલતો આવેલી છે. તેમજ એ વિવિધ કુર્આની કલમાઓનો સમૂહ છે, અને રબની વહદાનિયત અને સિફાતે ષબૂતિયહ અને તન્ઝીહિયહનો સંગમ છે.

**૩.** એટલે કે એમાં ખુદાની હમ્દ તો આવી ગઈ, મારા માટે દુઆના શબ્દો ન આવ્યા. આ સવાલથી જાણવા મળે છે કે તે દરરોજની તિલાવત અથવા વિર્દો વઝાઈફના વિશે સવાલ કરી રહ્યા છે.

**૪.** એટલે કે મારા પર રહમ કર, મારા પાછલા ગુનાહ માફ કરી દે અને ભાવિમાં ગુનાહોથી બચવાની તૌફીક઼ આપ, મને દીન તથા દુનિયાની આફતોથી નજાત આપ. ઈસ્લામ દીન પર અડગતા આપ અને અહકામ પર અમલની હિદાયત આપ. અને હલાલ રોજી, મખ્લૂક઼થી બેપરવાઈ, સારો ખાત્મો નસીબ કર. આ દુઆ ખૂબ જ જામેઅ (સમૃધ્ધ) છે. અમુક બુઝુર્ગો બે સજદાઓની વચ્ચે ક઼ાઈદામાં આ પઢયા કરે છે.

**૫.** એટલે કે ખુશીમાં બંનેવ હાથોની મુઠ્ઠીઓ બંધ કરી લે કે મેં બંનેવ જહાનની નેઅમતો પર કબજો કરી લીધો. આ ક઼ૌલ એ ઈર્શાદના અર્થમાં છે.

*''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺ જ્યારે سَبِّحِ اسْمَ رَبِّكَ الْأَعْلَى પઢતા તો ફર્માવતા[1] : سُبْحَانَ رَبِّيَ الْأَعْلَى '' (અહમદ, અબૂ દાઊદ)*

**૧.** એટલે કે તરત જ એ આયત પર અમલ કરી લેતા. જાહેર એ છે કે કિ઼રાઅતથી મુરાદ નમાઝના સિવાયનામાં તિલાવત છે, નહીં તો નમાઝમાં سُبْحَانَ رَبِّيَ الْأَعْلَى કેવળ સજદામાં પઢવામાં આવે છે. ઈમામ માલિકને ત્યાં નફલોમાં એ કહી શકાય છે. ઈમામ શાફઈને ત્યાં નફલો ફરજો સૌમાં.

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તમારામાંથી જે કાંઈ وَالتِّيْنِ وَالزَّيْتُوْنِ પઢે[1] અને اَلَيْسَ اللّٰهُ بِاَحْكَمِ الْحٰكِمِيْنَ પર પહોંચે તો કહી લે, હા ! હું એના પર ગવાહોમાંથી છું[2] અને જે لَاۤ اُقْسِمُ بِيَوْمِ الْقِيٰمَةِ પઢે અને اَلَيْسَ ذٰلِكَ بِقٰدِرٍ عَلٰۤى اَنْ يُّحْيِۦَ الْمَوْتٰى પર પહોંચે તો કહી લે, હા ![3] અને જો વલ્‌મુર્સિલાત પઢે અને فَبِاَيِّ حَدِيْثٍۭ بَعْدَهٗ يُؤْمِنُوْنَ પર પહોંચે તો કહી લે, અમે અલ્લાહ પર ઈમાન લાવ્યા.[4] (અબૂ દાઊદ) અને તિર્મિઝીની રિવાયત આ ક઼ૌલ સુધી જ છે કે હું એના પર ગવાહોમાંથી છું.''*

**૧.** પૂરી અથવા અમુક. અને પઢવાથી નમાઝની બહાર પઢવું મુરાદ છે. જેમ કે ઈબાદતથી જાહેર છે.

**૨.** એટલે કે જે અંબિયા તથા અવલિયા અને બારગાહના મક઼બૂલોએ એના પર ગવાહી આપી છે, હું પણ એના ટોળામાં સામેલ છું. એમના તુફૈલ મારી ગવાહી પણ ક઼બૂલ ફર્માવી લે.

**૩.** એટલે કે હા ! રબ મુડદાં જીવતાં કરવા પર ક઼ાદિર છે. ''બલા''માં નફીની (નકારની) સાબિતી નથી બલ્કે રદ કરવામાં આવેલ (મનફી) સાબિતી થાય છે.

**૪.** આ હદીષ કુર્આનની તિલાવતના પ્રકરણમાં લાવવી જોઈતી હતી, પણ કેમ કે સંપાદક શાફઈ છે જેમને ત્યાં નમાઝની હાલતમાં પણ આ શબ્દો કહેવા જોઈએ. એટલા માટે આ હદીષ નમાઝની કિ઼રાઅતમાં લાવ્યા. હનફીઓની નજીકમાં પણ નફલમાં એ કહી શકાય છે. જેમ કે હઝરત હુઝૈફાથી રિવાયત છે કે નબી ﷺ નમાઝે તહજ્જુદમાં જ્યારે રહમતની આયત તિલાવત કરતા તો રબથી રહમત માગતા અને જ્યારે અઝાબની આયત પર પહોંચતા તો રબની પનાહ માગતા પછી આગળ વધતા.

*'હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ સહાબાની જમાઅતમાં તશરીફ લાવ્યા. તો એમની સામે શરૂથી છેવટ સુધી સૂરએ રહમાન પઢી.[1] સહાબા ખામોશ રહ્યા.[2] તો હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે મેં આ સૂરત શબે જિનમાં જિન્નાત પર પઢી તો તે તમારા કરતાં સારા જવાબો આપનારા હતા. હું જ્યારે આ ક઼ૌલ પર પહોંચ્યો فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ તો કહેતા નથી, હે મૌલા ! અમે તારી કોઈ નેઅમતને નથી જૂઠલાવતા, તારા માટે જ તારીફ છે.[4] (તિર્મિઝી) અને ફર્માવ્યું કે આ હદીષ ગરીબ છે.''*

**૧.** એટલે કે નમાઝ સિવાય. એનાથી જાણવા મળ્યું કે દોસ્તોથી મુલાકાતના સમયે કુર્આન શરીફ પઢવું અને સાંભળવું સુન્નત છે. અરબ શરીફમાં હજી પણ એ જ દસ્તૂર છે.

**૨.** કેમ કે એ સમજતા હતા કે તિલાવતે કુર્આનના સમયે ખામોશી ફર્ઝ છે. કુર્આનની આ આયત તેમની સમક્ષ હતી : وَاِذَا قُرِئَ الْقُرْاٰنُ ۔۔ الخ

**૩.** જ્યારે કે જિન્નાત પ્રતિનિધિમંડળના રૂપમાં ઈમાન લાવવા માટે હુઝૂર ﷺ ની ખિદમતમાં હાજર થયા. આ

બનાવ કેટલીય વાર બન્યો છે. એમનામાંથી કોઈ એક રાતમાં હુઝૂર ﷺએ તેમને સૂરએ રહમાન સંભળાવી.

**૪.** એટલે કે જ્યારે હુઝૂર ﷺ આ આયત પઢીને ખામોશ થતા ત્યારે તેઓ આવુ અર્ઝ કરતા, ન કે અયન તિલાવતની હાલતમાં. જેથી એમનો આ અમલ કુર્આની હુકમની વિરૂધ્ધ ન હતો. આ પરથી જાણવા મળ્યું કે કુર્આન સાંભળતી વખતે રડવું, ઝુમવું અને અમુક પ્યારા શબ્દો કહેવા જે આયતના વિષયને અનુરૂપ હોય એ ઘણુ જ બેહતર છે, પણ એ સર્વ કાંઈ કારીની ખામોશીની હાલતમાં છે.

## (વિભાગ : 3) الفصل الثالث

*"હઝરત મઆઝ બિન અબ્દુલ્લાહ જહની رضی اللہ عنہથી રિવાયત છે[1] ફર્માવે છે કે જહીહાના એક માણસે તેમને ખબર આપી[2] કે તેમણે રસૂલુલ્લાહ ﷺને સાંભળ્યા કે આપે ફજરની બંનેવ રકાતોમાં اِذَا زُلْزِلَتِ પઢી[3] એ મને ખબર ન પડી કે ભૂલી ગયા કે જાણી જોઈને પઢી." (અબૂ દાઊદ)*

**૧.** આપ તાબઈ છે. મદની છે. હિ.સ. ૧૧૮માં વફાત પામ્યા ઘણા જ ષિકહ તથા આલિમ હતા.

**૨.** એમનું નામ જાણી ન શકાયું પણ કેમ કે સર્વ સહાબા આદિલ છે, એટલા માટે સહાબીનું નામ માલૂમ ન હોવું હદીષને ઝઈફ કે મજહૂલ નથી કરતું.

**૩.** જાહેર એ છે કે એનાથી ફજરના ફર્ઝ મુરાદ છે અને હુઝૂર ﷺ અને હુઝૂર ﷺનું આ ફેઅલ શરીફ (કાર્ય) જાઈઝ હોવાનું વર્ણવવા માટે છે. જો કે અફઝલ એ છે કે ફજરમાં તવાલે મુફસ્સલમાં કોઈ સૂરત પઢવામાં આવે. તેમજ ફર્ઝોમાં કોઈ સૂરત મુકર્રર (બીજીવાર) ન હોય પણ કેમ કે એના વિરૂધ્ધ પણ જાઈઝ છે, એટલા માટે હુઝૂરે આ અમલ કર્યો. ગાલિબ એ છે કે આપનો આ અમલ શરીફ ઈરાદાપૂર્વક હતો.

*"હઝરત ઉરવા رضی اللہ عنہથી રિવાયત છે[1] ફર્માવે છે કે હઝરત અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہ એ ફજર પઢી તો બે રકાતોમાં સૂરએ બકરહ પઢી.[2]" (માલિક)*

**૧.** આપ ઉરવા બિન ઝુબૈર છે. કુરૈશી છે. અસદી છે. જલીલુલ કદર તાબઈ છે. મદીનાના મહાન ફકીહ તથા મુહદ્દિષ હતા. સાઈમુદ્દહર હતા. સિદ્દીકે અકબર رضی اللہ عنہના નવાસા છે. હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર સિદ્દીકના ફરઝંદ છે. હિ.સ. ૨૨માં જન્મ પામ્યા અને હિ.સ. ૯૪માં વફાત પામ્યા. આપનો એક બાગ તથા કૂવો મદીનામાં આજ સુધી મશહૂર છે. લોકો બરકતના માટે એનું પાણી પીએ છે. ફકીરે પણ ત્યાં હાજરી આપી છે, જે બીરે ઉરવાના નામથી મશહૂર છે.

**૨.** જાહેર છે કે આપે કેટલાક રકૂઅ પહેલી રકાતમાં પઢયા અને કેટલાક બીજી રકાતમાં અને બની શકે છે કે પૂરી સૂરએ બકરહ પઢી. અડધી પહેલી રકાતમાં અને બીજીમાં. આ પ્રમાણે જવાઝના વર્ણન માટે છે, નહીં તો ફજરની નમાઝમાં ચાલીસથી સાઈઠ આયતો સુધી પઢવું મુસ્તહબ છે.

*'હઝરત ફરાફિસા ઈબ્ને ઉમેર હનફીથી[1] રિવાયત છે. ફર્માવે છે કે મેં સૂરએ યૂસુફ યાદ નથી કરી પણ ઉષ્માનના ફજરમાં પઢવાથી. કેમ કે આપ એ જ વારંવાર પઢતા હતા.[2] (માલિક)*

**૧.** આપ તાબઈનમાંથી છે. મદીના મુનવ્વરાના રહેવાસી કબીલા બની હુનૈફથી છે જે યમામાનો મશહૂર કબીલો છે.

**૨.** આ પરથી જાણવા મળ્યું કે **એક સૂરત વારંવાર નમાઝોમાં પઢવી વિના કરાહતે જાઈઝ છે.** જુઓ હઝરત ફરાફિસા, ઉષ્માનગનીથી સાંભળતાં સાંભળતાં *એ સૂરતના હાફિઝ થઈ ગયા.*

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**બહરો બર, શહરો કરા, સહલો હઝન, દશ્તો ચમન**
**કૌન સે ચક પે પહોંચતા નહીં દાવા તેરા**

**અર્થાત :** બહરો બર = સમંદર અને સુકી જમીન, શહેર અને ગામડાં. સહલ = એક સરખી જમીન. હઝન = સખત પહાડ. દશ્ત = જંગલ અને બાગ. એવી કઈ (ચક) જગ્યા છે જ્યાં આપનો ઈખ્તિયાર ન હોય ! મતલબ અય ગ઼ૌષ પાક ! رحمۃ اللہ علیہ સમંદર હોય કે ધરતી, શહેર હોય કે ગામડાં, પહાડ, બગીચા કોઈ એવી જગ્યા નથી જ્યાં આપનો તસર્રૂફ (કુદરત) ન હોય. ગ઼ૌષે પાક رحمۃ اللہ علیہ ખુદ ફર્માવે છે : હું આખી દુનિયાને એવી રીતે જોઉં છું જેવું કે હથેળીમાં રાયનો દાણો ! બીજી જગ્યાએ ફર્માવે છે કે, પૂર્વ પશ્ચિમ ઉત્તરથી દક્ષિણ સમંદર, ધરતી, પહાડ બધા જ મારી અઝમતોને માને છે. અને કોઈ વલી એવો નથી જેણે મારી કુત્બિયતને ક઼બૂલ ન કરી હોય. ખુલાસો એ છે કે આખી દુનિયા ખુદાએ, ગ઼ૌષ رحمۃ اللہ علیہને તાબે કરી દીધી છે જ્યાં જે હુકમ ચાહે ચલાવી શકે છે.

**હુસ્ને નિય્યત હો, ખતા ફિર કભી કરતા નહીં**
**આઝમાયા હૈ, યગાના હૈ દો ગાના તેરા**

**અર્થાત :** અય ગ઼ૌષ પાક ! رحمۃ اللہ علیہ જો નિય્યત સાફ હોય અને આપની નમાઝ (દો ગાના) (સલાતુલ અસ્રાર) નમાઝે ગ઼ૌષિયા અદા કરે તો કદી નામુરાદ થતો નથી. મારુ અજમાવેલ છે કે દરેક મુરાદ પૂરી થાય છે. આ નમાઝ લાજવાબ છે. **જ્યારે કોઈ તકલીફ પડે કે મોટુ કામ પડે દરેક મુરાદ માટે નમાઝે ગ઼ૌષિયા (સલાતુલ અસ્રાર) પઢવામાં આવે છે. આ'લા હઝરત ફર્માવે છે કે સાચી નિય્યત સાથે જો આ નમાઝ પઢવામાં આવે તો દરેક મુરાદ પૂરી થાય છે.** આ નમાઝને ઈમામ અબૂહસન નૂરૂદ્દીન અલી શતનૂફીએ બેહજતુલ અસ્રારમાં અને શૈખ અબ્દુલ હક઼્ક઼ મુહદ્દિષે દહેલ્વીએ "અખ્બારુલ અખ્યાર"માં તથા મુલ્લા અલી ક઼ારીએ ગ઼ૌષે પાક رحمۃ اللہ علیہથી રિવાયત કરી છે. વધુ વિગત માટે જુઓ બહારે શરીઅત, ભાગ–૪, પેજ–૨૮.

**અર્ઝે અહવાલ કી પ્યાસોં મેં કહાં તાબ મગર**
**આંખેં અય અબ્રે કરમ તકતી હૈ રસ્તા તેરા**

**અર્થાત :** અય ગ઼ૌષ પિયા ! رحمۃ اللہ علیہ આપના કરમના તરસ્યાઓને આપની બારગાહમાં હાલત બયાન કરવાની શું તાક઼ત ?! પરંતુ અય કરમના વાદળ ! આખોં આપનો રસ્તો જોઈ રહી છે કે આપ ક્યારે કરમનો વરસાદ વરસાવશો !

**મૌત નઝદીક ગુનાહોં કી તહીં મેલ કે ખોલ**
**આ બરસ જા કે નહા ધો લે યે પ્યાસા તેરા**

**અર્થાત** : અય મારા ગૌષે આ'ઝમ ! رحمۃاللہ علیہ મૌતની ઘડ़ીઓ નજીક છે અને ગુનાહોનો મેલ (ગંદકી) થર પર થર જામીને (મેલ) કવર જેવુ થઈ ગયુ છે. આપ કરમ તથા બખ્શિશનો વરસાદ વરસાવો જેથી હું આપના કરમની વર્ષાથી સ્નાન કરી મારા ગુનાહોના મેલને ધોઈ નાખી પવિત્ર થઈ જાઉં.

**આબ આમદ વો કહે, ઔર મૈં તયમ્મુમ બરખાસ્ત**
**મુશ્તે ખાક અપની હો ઔર નૂર કા અહલા તેરા**

**અર્થાત** : આબ આમદ = તયમ્મુમ બરખાસ્ત (પાણી આવ્યું અને તયમ્મુમ ગયું) ફારસી મુહાવરો છે. જ્યારે માણસ પાણી પર ક़ાદિર (શક્તિમાન) ન હોય ત્યારે તયમ્મુમ કરી નમાઝ પઢી શકે છે અને જ્યારે પાણી મળી જાય એટલે કે પાણી પર કાદિર થઈ જાય તો તયમ્મુમ તૂટી જાય છે. ખુલાસો એ કે અસલ વસ્તુના મળવાથી બદલ (નકલી) જતું રહે છે. આ શેઅરનો મતલબ એ થાય છે કે અય મારા ગૌષ આ'ઝમ ! رحمۃاللہ علیہ આપની મદદ અસલ મારી મુરાદ છે. જ્યારે આપ કહો કે મારી મદદ આવી ગઈ તો હું કહીશ કે મને કોઈની જરૂરત નથી. અને પછી (મુશ્તે ખાક) મુટ્ઠી માટી એટલે કે (માનવી) હું હોઉં અને આપના નૂરનો વરસાદ, તો મારા ગુનાહ સાફ થઈ જશે.

**જાન તો જાતે હી જાએગી ક़્યામત યે હૈ**
**કે યહાં મરને પે ઠેહરા હૈ નઝારા તેરા**

**અર્થાત** : અય મારા દસ્તગીર ! હું આપના દીદાર (દર્શન) માટે ઉત્સુક છું. પરંતુ (ક़યામત) મુસીબત એ છે કે આપનો દીદાર મૃત્યુ પછી થશે ! મૌત તો આવતાં આવશે, ખુદા જાણે ક્યારે આવશે ?! ક્યાં સુધી હું બેક़રાર રહીશ ?! આપ દીદાર કરાવી મારી બેક़રારી મિટાવી દો !

**તુઝ સે દર, દરસે સગ, સગ સે હૈ મુઝકો નિસ્બત**
**મેરી ગરદન મેં ભી હૈ દૂર કા ડોરા તેરા**

**અર્થાત** : અય વલીઓના સરદાર ! આપની બારગાહને આપથી નિસ્બત (સંબંધ) છે તે ઘણી મહાન મર્તબાવાળી બારગાહ છે. અને જે કૂતરાને આપની બારગાહથી નિસ્બત (સંબંધ) થઈ જાય તે પણ આપનો ગુલામ કહેવાય અને હું આપની બારગાહનો કૂતરો (ગુલામ) હોવાની નિસ્બત ધરાવું છું. મારી ગરદનમાં પણ આપની ગુલામીનો પટ્ટો પડેલ છે. બીજી જગ્યાએ આ'લા હઝરત ફર્માવે છે : *કોઈ ક્યૂં પૂછે તેરી બાત 'રઝા'–તુઝસે કુત્તે હઝાર ફિરતે હૈં*

**ઈસ નિશાની કે જો સગ હૈં નહીં મારે જાતે**
**હશ્ર તક મેરે ગલેમેં રહે પટ્ટા તેરા**

**અર્થાત** : કૂતરા બે પ્રકારના હોય છે : એક લાવારિષ જેને રખડતો કહેવામાં આવે છે, જે ઘર ઘરની ઠોકરો ખાય છે, જેનો કોઈ માલિક નથી, કોઈ તેને જાળવનાર નથી. બીજો પાલતુ જે માલિકના ઘરે રહે છે, માલિક તેની દેખભાળ કરે છે, તેના ગળામાં નિશાનીરૂપે પટ્ટો પહેરાવવામાં આવે છે જેને જોઈને દરેક વ્યક્તિ

ઓળખી લે છે કે આ કોઈ માલિકનો ગુલામ છે. આ'લા હઝરત ફર્માવે છે, અય મારા પીર દસ્તગીર ! મારા ગળામાં આપની ગુલામીનો કાદરી પટ્ટો લગાવેલ છે જેને જોઈ દરેક આંખવાળો ઓળખી લે છે કે હું આપનો ગુલામ છું, હશ્રમાં પણ આ પટ્ટો મારા ગળામાં રહે જેથી મેદાને મેહશરની તકલીફોથી બચી જાઉં.

**મેરી કિસ્મત કી કસમ ખાએઁ સગાને બગદાદ**
**હિંદ મેં ભી હૂં તો દેતા રહૂં પેહરા તેરા**

**અર્થાત** : અય રોશન ઝમીર ! મને એટલી તાકત આપો કે હું બગદાદથી હજારો કિલોમીટર દૂર હિંદ (ભારત)માં રહીને પણ આપની બારગાહનો ચોકીદાર બની પહેરો આપતો રહું. જ્યારે પણ બાતિલ તાકત આપની અઝમતોના ખિલાફ માથુ ઉઠાવે તો હું તેને કચડી નાખું. જો મારી કિસ્મતમાં આ પ્રતિષ્ઠા લખાઈ જાય તો (સગાને બગદાદ) બગદાદના કૂતરાઓ પણ મારી કિસ્મતની કસમો ખાશે !

આ'લા હઝરતની ઈલ્તિજા કબૂલ થઈ. આપે વલીઓ, નબીઓના દુશ્મન વહાબી, દેવબંદીઓનો મુકાબલો કરી તેમને બેપર્દા કરી લોકોના ઈમાનને બચાવી લીધાં. ખુદા આપની તુર્બત પર હમેશાં રહમતોનો વરસાદ વરસાવે.

**તેરી ઈઝ્ઝત કે નિષાર અય મેરે ગૈરતવાલે !**
**આહ સદ આહ કે યું ખ્વાર હો બુર્દહ તેરા**

**અર્થાત** : યા ગૌષ પિયા ! رحمۃ اللہ علیہ આપની ઈજ્જત અને અઝમત પર કુર્બાન જાઉં ! આપ કદી આપના મુરીદને રૂસ્વા જોઈ શકતા નથી. અફસોસ ! હજારો અફસોસ કે વહાબી, દેવબંદીઓ આપના (બુર્દહ) ગુલામને ખોટા ખોટા આક્ષેપો કરી બદ્નામ અને રૂસ્વા કરવા લાગ્યા છે, આપ મારી ઈજ્જતની હિફાઝત કરો ! મારી મદદ કરો !

આ'લા હઝરતની આ ઈલ્તિજા પણ કબૂલ થઈ કે અરબ તથા અજમના મોટા મોટા આલિમો, મુફતીઓએ આપને મુજદ્દિદ અને પોતાના માથાના તાજ માન્યા અને આ'લા હઝરત આખી દુનિયામાં છવાઈ ગયા.

**બદ્ સહી, ચોર સહી, મુજરિમો નાકારા સહી**
**અય વો કૈસા હી સહી, હૈ તો કરીમા તેરા**

**અર્થાત** : અય ચોરને વલી બનાવનાર આકા ! હું (બદ્) બુરો, ચોર, મુજરિમ, બેકાર ગમે તેવો છું પણ (કરીમા) અય બખ્શિશ કરનાર ! હું તો તમારો જ ગુલામ છું. આ શેઅરમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ બારગાહે ગૌષમાં આજીજી ઈન્કેસારી દાખવી છે અને એ તરફ ઈશારો છે કે અય મારા દસ્તગીર ! હું જો બુરો, બેકાર, ચોર હોઉં તો પણ શું ?! આપનો જ છું ! આપના દરબારમાં આવનાર ચોર, ડાકૂઓ વલી બની જાય છે.

**મુઝકો રૂસ્વા ભી અગર કોઈ કહે તો યૂહીં**
**કે વોહી ન વો 'રઝા' બંદએ રૂસ્વા તેરા**

**અર્થાત** : અય મારા ગૌષ ! رحمۃ اللہ علیہ જો કોઈ મને રૂસ્વા પણ કહેશે તો કહેશે, તે જ છે ને ગૌષનો ગુલામ અહમદ રઝા ! જ્યારે મારી નિસ્બત આપની તરફ થઈ જશે તો મારી બુરાઈઓ દૂર થઈ જશે.

www.barkatekhwaja.net

# અસ્રારુલ અવલિયા

## હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અત્કિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક :** હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ

**અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### હાજતવાળાઓની વાત સાંભળવી અવરાદો વઝાઈફથી બેહતર

અઝીઝો ! અહલે સુલૂક (સાચા સૂફીઓ)ની કિતાબોમાં નોંધાયેલ છે કે દુરવેશ લોકો પોતાના જમાઅતખાનામાં રાહ જોઈને બેઠેલા રહે કે જેથી કોઈ શખ્સ આવે અને તે તેની દસ્તબોસીની સઆદત (સદનસીબી) હાંસલ કરે, ભલે પોતે તિલાવતે કલમા મજીદમાં જ કેમ વ્યસ્ત ન હોય. હઝરત ખ્વાજા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ પોતાના મુસલ્લા પર તિલાવતમાં વ્યસ્ત રહેતા હતા. જ્યારે કોઈ શખ્સ આવતો તો તિલાવત છોડી આપતા, તેનો હાથ ચૂમતા અને તેની સાથે વાતચીતમાં વ્યસ્ત થતા, તેની જરૂરત પૂરી કરતા. જ્યારે પાછો ચાલ્યો જતો તો ફરી તિલાવતે કલામે પાકમાં મશગૂલ થઈ જતા. આપણા સજ્જાદાનશીન તથા મશાઈખ માટે જરૂરી છે કે તે આવનારા લોકો માટે વઝીફા વગેરેની મશગૂલિયતને ત્યજી દે અને આવનારાઓની ખબર અંતર પૂછે. કેમ કે સુલૂકવાળાઓને ત્યાં જરૂરતમંદોની વાત સાંભળવી અને તેમની જરૂરત પૂરી કરવી અવરાદો વઝાઈફથી અધિક ફઝીલત ધરાવે છે.

હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ મક્કાના રઈસોમાંથી કોઈની પાસે એક જરૂરત લઈને ગયા. તે બુઝુર્ગ અવરાદો વઝાઈફમાં મશગૂલ હતા, જેથી અબૂ સઈદે મુલાકાત વિના તથા જરૂરત બતાવ્યા વિના પરત થવું પડયું. તૂટેલા દિલે અને ગમગીન હાલતમાં નબીયે રહમત صلی اللہ علیہ وسلم ની બારગાહે શિકસ્તા નવાઝમાં હાજર થયા. હુઝૂર صلی اللہ علیہ وسلم એ નૂરે રિસાલતની રોશનીમાં હઝરત અબૂ સઈદના દિલના અહવાલને પઢી લીધા. પૂછયું, અબૂ સઈદ ! કેમ પરેશાન છો ? અર્ઝ કરી, યા રસૂલલ્લાહ !

મને એક જરૂરત હતી તો ફલાણા બુઝુર્ગ પાસે ગયો, પણ તે અવરાદમાં વ્યસ્ત હતા તો જરૂરત કહ્યા વિના પરત આવી ગયો સરકારે મદીના صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, તેના માટે જરૂરી બાબત તો એ હતી કે અવરાદ ત્યજીને તમારી વાત સાંભળતા, અને તમારી જરૂરત પૂરી કર્યા બાદ વિર્દો શરૂ કરતા. તેણે સારું ન કર્યુ.

ખ્વાજા શિબ્લી رحمۃ اللہ علیہ નો દસ્તૂર હતો કે આપ તિલાવતે કુર્આન હકીમમાં પણ મશગૂલ થતા અને કોઈ જરૂરતમંદ આવતો તો તિલાવતે કલામે પાક છોડીને તેની વાત સાંભળતા. જ્યાં સુધી તે બેસેલો રહેતો આપ તેની સાથે વાતમાં વ્યસ્ત રહેતા. તેના ગયા પછી ફરી પોતાના કામમાં લાગી જતા. એટલા માટે હઝરત ખ્વાજા શમ્ઊન મુહિબ رحمۃ اللہ علیہ ના ક઼ૌલ પ્રમાણે માણસ કેવી રીતે અલ્લાહનો વલી બની શકે છે, જ્યારે કે અર્શે ઈલાહી (મો'મિન બંદાનું દિલ) ચાલીને તેના દરવાજા પર આવે અને હાજત લાવે, અને ઈન્સાન પોતાના મક઼દૂર (હૈસિયત) પ્રમાણે તેને પૂર્ણ ન કરે. અર્શે ઈલાહીથી મુરાદ ખ્વાજા શમ્ઊનની નજીક મો'મિનનું દિલ છે, કેમ કે હદીષ શરીફમાં આવ્યું છે : قلب المومن عرش اللہ تعالی એટલે મો'મિનનું દિલ અલ્લાહનું અર્શ છે.

### ખાલિક઼ની નજરમાં જે પ્રિય હોય છે મખ્લૂક઼ની નજરમાં પણ તે અઝીઝ હોય છે

ફર્માવ્યું, એકવાર સુલ્તાન નાસિરુદ્દીન رحمۃ اللہ علیہ

www.barkatekhwaja.net

મુલ્તાનની તરફ જઈ રહ્યા હતા. જ્યારે તે અજોધનમાં પહોંચ્યા તો આ દુઆગોની ઝિયારત (મુલાકાત) માટે તશરીફ લાવ્યા અને હક્ક ખિદમત બજાવી લાવ્યા અને પછી પરત ગયા. જ્યારે હું લોકોની આવજાથી સખત આજિઝ આવી ગયો તો મેં એકાંત અપનાવવા ચાહ્યું, પણ મેં વિચાર્યું કે મારા મશાઈખ رحمۃ اللہ علیہم اجمعین નો તો આ નિયમ નથી રહ્યો બલ્કે તેમણે દરેકની દસ્તગીરી (મદદ) કરી. હું એક માળ પર બેસી જતો. બંને હાથ નીચે કરી દેતો. લોકો આવતા મારી સાથે મુસાફો કરતા અને ચાલ્યા જતા. આવનારા લોકોની એ હાલત હતી કે એક એક દિવસમાં દસ દસ કમીસો જે હું પહેરેલ હોતો તેને ટુકડે ટુકડા કરતા અને પોતાની સાથે લઈ જતા. મને એ લોકોના હુસ્ને એતેક઼ાદ પર આશ્ચર્ય હતું કે કેવું કામિલ યક઼ીન ધરાવતા હતા. જુમ્આના દિવસે થયેલ મસ્જિદ જતો, પરત થતો તો લોકોની ભીડ થઈ જતી. હું સખત આજિઝ આવી ગયો ને પરેશાન થઈ ગયો. એક નોકરે મારા પગોને ખેંચ્યા તો મને એ વાત સારી ન લાગી. તરત જ તેણે કહ્યું, શયખ ફરીદ ! ખુદાનો શુક્ર અદા કરો ! આનાથી બેહતર બીજુ શું હશે કે તમારા પોતાના જેવા લાખો તમારી દસ્તબોસીના આરઝૂમંદ છે ?! મને એ નોકરની વાત ખૂબ જ પસંદ આવી કે તેણે ખૂબ જ સહીહ અને સરસ કહ્યું.

ફર્માવ્યું, જે શખ્સ બારગાહે ખુદાવંદ عزوجل માં અઝીઝ હોય છે તો મખ્લૂક઼માં પણ તેની ઈજ્જત થાય છે. મેં મારા શયખ ખ્વાજા બખ્તિયાર رحمۃ اللہ علیہ ની ઝબાને ફયઝ નિશાનથી સાંભળ્યું. ફર્માવ્યું, એકવાર હું ખાનએ કા'બાના તવાફમાં એક અન્ય બુઝુર્ગ સાથે મશગૂલ હતો. એક માણસ આવ્યો. એ બુઝુર્ગ તેની સાથે મુસાફો કર્યો. મને આશ્ચર્ય થયું કે તવાફ દરમ્યાન એ બુઝુર્ગે મુસાફો કર્યો, એ જરૂરી ન હતું. તવાફ બાદ સૂતા તો તે બુઝુર્ગે કહ્યું કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને આવું કરતાં સાંભળ્યું છે, જેથી સુન્નતે રસૂલની પયરવી કરી છે.

## ખુદા જેને ચાહે છે ઈજ્જતના ખિર્ક઼ાથી નવાઝે છે

ફર્માવ્યું, હે દુરવેશ ! હું મારા શયખ رحمۃ اللہ علیہ ની બારગાહે શિકસ્તા પનાહમાં બે એક અઠવાડિયા બાદ હાજર થતો હતો. મોટાભાગના યારાને સુલૂક દા.ત. શયખ બદરૂદ્દીન ગઝનવી અને અન્ય હઝરાત હમેશાં ખાનકાહે મુઅલ્લામાં હુઝૂરે ખ્વાજામાં રહેવાની સઆદતથી ફયઝયાબ થતા. જ્યારે હઝરતના વિસાલનો સમય નજીક આવ્યો. એક બુઝુર્ગને સજ્જાદાનશીનીની આરઝૂ હતી, પરંતુ વિસાલના સમયે હઝરત કુત્બુદ્દીન رحمۃ اللہ علیہ એ ફર્માવી આપ્યું કે આ અસા (સ્ટીક), લાકડીનાં પગરખાં અને જામા મુબારક શયખ ફરીદને સુપ્રત કરી દેવામાં આવે. જે રાત્રે મારા હુઝૂરે વિસાલ ફર્માવ્યો, મેં ખ્વાબમાં જોયું કે તેમને દરબારે ઈલાહીમાં લઈ જવામાં આવી રહ્યા છે. દિવસ થયો તો આ ફક઼ીર (શયખ ફરીદ) હાંસીથી દિલ્હીની તરફ રવાના થયો. ચોથા દિવસે શહેરમાં પહોંચ્યો. ક઼ાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ તે જામા મુબારક પગરખાં (પાવડીઓ) અને અસા મુબારક મારી પાસે લઈ આવ્યા. મેં બે રકાત અદા કરી અને જામા મુબારક પહેર્યો. હઝરતની ખાનકાહમાં ત્રણ દિવસ જ રોકાયો હતો અને હાંસી તરફ રવાના થઈ ગયો. સબબ તેનો એ હતો કે હાંસીમાં મારો એક સાથી સરહંગામ નામનો હતો તે હાંસીથી મને મળવા માટે આવ્યો. બે ત્રણ દિવસ સુધી ખાનકાહે મુઅલ્લાના દરવાને તેને અંદર આવવાની ઈજાઝત ન આપી. એક દિવસ ઘરથી નીકળ્યો તો તે સરહંગામ આવ્યો અને મારા કદમોમાં લપેટાઈને રડવા લાગ્યો. મેં કહ્યું, શા માટે રડો છો ? કહ્યું, આપ હાંસીમાં હતા તો ઝિયારત કરવું આસાન હતું, અહીં આપની મુલાકાત ખૂબ જ મુશ્કેલ થઈ ગઈ છે. મેં એ જ વખતે સાથીઓને કહ્યું કે અમે હાંસી જઈશું. હાજરજનોએ તક઼ાદો કર્યો કે ખ્વાજા કુત્બુદ્દીન رحمۃ اللہ علیہ એ આપને અહીં સ્થાયી થવાની વસીયત કરી છે તો આપ શા માટે જાવ છો ?! મેં કહ્યું, મારા હુઝૂર ખ્વાજા કુત્બુલ અક઼તાબે મને જે મહાન નેઅમતથી સરફરાઝ કર્યો છે તેનો ફયઝાન શહેર તથા વિરાનામાં એક સમાન છે. હેતુ આ વાતને કહેવાનો એ હતો કે દરેક હાલતમાં બુઝુર્ગોની દસ્તબોસીનો શરફ હાંસલ કરવો જોઈએ, શક્ય છે એમનામાં કોઈ એવો મગફૂર (બખ્શાએલો) ઈન્સાન હોય જેના મુસાફાથી આપની પણ મગફિરત થઈ જાય.

આ વિષયના સંપૂર્ણ થયા બાદ હઝરત અંદર તશરીફ લઈ ગયા અને અમે બારગાહના ખાદિમો પણ પરત થઈ ગયા. اَلحَمدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

(ભાગ-૨)

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

**મસ્અલા** : તલોને એના તેલના બદલામાં યા ઝૈતૂનને ઝૈતૂનના તેલના બદલામાં વેચવું ત્યારે જ જાઈઝ છે જ્યારે કે તેમાં જેટલું તેલ છે તે જેના બદલામાં વેચાણ કરીએ છીએ તેના તેલ કરતાં વધારે હોય. અર્થાત માપના મુકાબલામાં તેલનો થોડો ભાગ (વધુ) હોવો જરૂરી છે, નહીંતર નાજાઈઝ છે. સરસીયાને કડવા તેલના બદલામાં યા દિવેલીને એના તેલના બદલામાં વેચવાનો હુકમ છે. મતલબ કે જે ખલીની જે કિંમત થતી હોય એના તેલને જ્યારે એની સાથે વેચવામાં આવે તો બદલામાં જે તેલ હોય તે એનાથી વધારે હોય જેટલું એમાં છે. *(હિદાયા, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : જો કોઈ એવી ચીજ એમાં ભળેલી હોય કે જેની કિંમત ન હોય, જેમ કે સોનીને ત્યાંની રાખ કે જેને નયારે (સોનીને ત્યાંનો કચરો ખરીદનારા) ખરીદે છે. એના માટેનો હુકમ એ છે કે જે સોના કે ચાંદીના બદલામાં એને ખરીદ્યું જો તે વધારે કે ઓછું છે તો વેચાણ ફાસિદ છે અને બરાબર હોય તો જાઈઝ છે. જો વધારે કે ઓછું છે તે વાતની જાણકારી ન હોય તો પણ નાજાઈઝ. *(બહાર વગેરે)*

**મસ્અલા** : જે ચીજોમાં વેચાણ જાઈઝ હોવા માટે બરાબરીની શરત છે એમાં જરૂરી છે કે સમાનતાની જાણકારી સોદા વખતે હોવી જોઈએ. જો સોદા વખતે જાણકારી ન હતી, પાછળથી માલમ પડયું, જેમ કે ઘઉંને ઘઉંના બદલામાં અંદાજે વેચી દીધા, પાછળથી માપવામાં આવ્યા તો બરાબર નીકળ્યા. આ રીતનું વેચાણ જાઈઝ નથી. *(આલમગીરી)*

**મસ્અલા** : ઘઉંને ઘઉંના બદલામાં વેચ્યા અને કબ્જા ન બદલાયા એ જાઈઝ છે. અનાજનું વેચાણ એની જ જાતના અનાજ યા અન્ય જાતિના અનાજ સાથે કરવામાં આવ્યું એમાં કબ્જા શર્ત નથી. પરંતુ એ ત્યારે છે જ્યારે બંને બાજુ નક્કી હોય. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : મુસલમાન અને કાફિર દરમિયાન દારુલ હર્બમાં જે સોદો થાય એમાં વ્યાજ નથી. મુસલમાન જો દારુલ હર્બમાં અમાન લઈને ગયો તો કાફિરોની ખુશીથી જે રીતે તેનો માલ હાંસલ કરે જાઈઝ છે. જો કે એવી રીતે હાંસલ કર્યો કે મુસલમાનનો માલ આ રીતે લેવો જાઈઝ ન હોય પરંતુ એ જરૂરી છે કે તે કોઈ ખરાબ વૃત્તિની મેળવ્યો ન હોય. કેમ કે કાફિરો સાથે પણ ખરાબવૃત્તિ હરામ છે. જેમ કે કોઈ કાફિરે એની પાસે કોઈ ચીજ અમાનત રાખી અને તે દેવા ઈચ્છતો નથી એ વાયદાભંગ છે અને તે દુરસ્ત નથી. *(દર વ રદ)*

**મસ્અલા** : ફાસિદ વેચાણ (સોદો)થી હર્બી કાફિરનો માલ હાસિલ કરવો મના નથી અર્થાત જે વેચાણની મુસલમાનોની અંદર (એક બીજા સાથે) મના છે તે જો હર્બી સાથે કરવામાં આવે તો મના નથી. પરંતુ શર્ત એ છે કે તે સોદો મુસ્લિમ માટે ફાયદાકારક હોય. જેમ કે એક રૂપિયાના બદલામાં બે રોપા ખરીદ્યા યા એને મુરદાર (મરેલું) વેચ્યું. કેમ કે આ રીતે મુસલમાનના રૂપિયા મેળવવા શરીઅતથી ખિલાફ અને હરામ છે, પરંતુ કાફિર પાસેથી મેળવવા જાઈઝ છે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : હિંદુસ્તાન જો કે દારુલ ઈસ્લામ છે એને દારુલ હર્બ કહેવું સહીહ નથી. પરંતુ

www.barkatekhwaja.net

અહીંના કાફિરો યકીનન ન ઝિમ્મી છે ન મુસ્તામીન. કેમ કે ઝિમ્મી યા મુસ્તામીન માટે ઈસ્લામી બાદશાહની જિમ્મેદારી લેવી અને અમન આપવી જરૂરી છે. પરિણામે તે કાફિરોનો માલ ફાસિદ વેચાણથી હાંસલ કરી શકાય છે, જયારે કે વાયદાભંગ ન હોય.

## ★ વ્યાજથી બચવાની હાલતો ★

જે રીતે વ્યાજ લેવું હરામ છે એ રીતે વ્યાજ આપવું પણ હરામ છે. હદીષોમાં બન્ને પર લા'નત આવી અને ફર્માવ્યું કે બંને બરાબર છે. એટલા માટે વ્યાજ આપવાથી પણ બચવું જરૂરી છે. જો કોઈ જાઈઝ જરૂરત માટે કર્જ લેવું જ પડે અને વ્યાજ વગર કોઈ આપતું ન હોય તો એના માટે કેટલીક હાલતો એવી છે કે એના મારફત વ્યાજની નજાસત અને નહૂસતથી છૂટકારો મળે છે અને કર્જ આપનાર જાઈઝ તરીકાથી નફો મેળવી શકે છે. ફક્ત લેવડ દેવડની હાલતમાં થોડોક ફેરફાર કરવો પડશે પરંતુ નાજાઈઝ હરામથી બચાવ થઈ જશે. શાયદ કોઈના દિલમાં એવો ખયાલ આવે કે સો આપીને એકસો દસ લઉં તો પછી વ્યાજથી કઈ રીતે બચાય ? એનો જવાબ એ છે કે શરીઅતે જે સોદાને જાઈઝ બતાવ્યો છે તે આ ખયાલથી નાજાઈઝ તથા હરામ નથી થઈ શકતો. જુઓ, રૂપિયાથી ચાંદી ખરીદી અને એક રૂપિયાની એક રૂપિયા ભારથી વધારે લીધી તો યકીનન વ્યાજ હરામ છે. પરંતુ દા.ત. એક ગિન્ની જે પંદર રૂપિયાની હોય એનાથી પચ્ચીસ રૂપિયા ભાર યા એનાથી વધારે ચાંદી ખરીદી અથવા સોળ આનાની બે રૂપિયા ભાર ચાંદી ખરીદી જો કે એનો મકસદ પણ એ હોય કે વધારે ચાંદી લેવામાં આવે. પરંતુ આ રીતે વ્યાજ ગણાશે નહીં. આ રીત યકીનન હલાલ છે. માલમ પડયું નાજાઈઝ અને જાઈઝ હોવું સોદા પર આધારિત છે. સોદો બદલાઈ જશે તો હુકમ પણ બદલાઈ જશે. આ મસ્અલાને વધારે સ્પષ્ટ કરવા માટે બે હદીષો લખીએ છીએ.

**(૧)** સહીહૈનમાં છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક માણસને ખૈબરના હાકિમ બનાવીને મોકલ્યા. તેઓ ત્યાંથી હુઝૂરની ખિદમતમાં ઉમદા પ્રકારની ખજૂરો લાવ્યા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે શું ખૈબરની બધી જ ખજૂરો આવી થાય છે ? તેમણે અર્ઝ કરી, નહીં, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અમે બે સાઅના બદલામાં આ ખજૂરોનો એક સાઅ લઈએ છીએ અને ત્રણ સાઅના બદલામાં બે સાઅ લઈએ છીએ. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, આવું ન કરો. મામૂલી ખજૂરોને રૂપિયાથી વેચો અને પછીથી રૂપિયાથી આ પ્રકારની ખજૂરો ખરીદો અને તોલની ચીજો માટે પણ આ પ્રમાણે જ ફર્માવ્યું. એ જ સહીહૈનમાં છે કે હઝરત બિલાલ رضی اللہ عنہ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે ખૈબરની ખજૂરો લાવ્યા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું ક્યાંથી લાવ્યા ? તેમણે અર્ઝ કરી, અમારે ત્યાં ખરાબ ખજૂરો હતી એના બે સાઅ બરાબર આ ખજૂરના એક સાઅના હિસાબે વેચી દીધું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અફસોસ ! એ બિલ્કુલ વ્યાજ છે ! એ બિલ્કુલ વ્યાજ છે ! આવું ન કરવું. હા ! જો એને ખરીદવાનો ઈરાદો હોય તો પોતાની ખજૂરો વેચીને પછીથી એને ખરીદો. આ હદીષોથી સ્પષ્ટ થયું કે **ઉમદા ખજૂરો ખરીદવાની ઈચ્છે છે પણ પોતાની ખરાબ ખજૂરો વધારે આપીને લે છે તો એ વ્યાજ કહેવાય છે. જો પોતાની ખજૂરો રૂપિયાથી વેચીને સારી ખજૂરો ખરીદો તો જાઈઝ છે.** એ કારણે ઈમામ કાઝીખાં પોતાના ફતવામાં વ્યાજથી બચવા માટેની હાલતો બતાવતાં આ પ્રમાણે લખે છે :–

**و مثل هذا روی عن رسول الله صلی الله علیه وسلم انه امر بذلك**

આટલી સ્પષ્ટતા બાદ અમે થોડીક (કેટલીક) હાલતો બયાન કરીએ છીએ, જેને આલિમોએ વ્યાજથી બચવા માટે બતાવેલી છે :–

**મસ્અલા :** એક માણસના બીજા માણસ પાસે

www.barkatekhwaja.net

૧૦ (દસ) રૂપિયા લેણા હતા. એણે કર્જદાર પાસેથી ૧૦ રૂપિયામાં કોઈ ચીજ ખરીદી અને તે વસ્તુ મેળવી લીધી. તે જ ચીજને એણે કર્જદારને ૧૨ (બાર) રૂપિયામાં વેચી. હવે એ માણસના તેના પર ૧૨ (બાર) રૂપિયા લેણા થયા. એને બે રૂપિયા નફો થયો તે વ્યાજ ગણાશે નહીં. *(ખાનિયા)*

**મસ્અલા** : એક માણસે બીજા પાસે કર્જની માગણી કરી. તે આપતો નથી પણ પોતાની કોઈ ચીજ એકસો રૂપિયામાં કરજદારને વેચી કાઢી. તેણે એકસો રૂપિયા દીધા અને ચીજ મેળવી લીધી. પછીથી લેણદારે તે જ ચીજ કર્જદાર પાસેથી એક વરસના વાયદે એકસો રૂપિયામાં ખરીદી, એ વેચાણ જાઈઝ છે. કર્જદારે એકસો રૂપિયા દીધા અને લેણદાર પર એકસો દસ રૂપિયા લાઝિમ થઈ ગયા. જો લેણદાર પાસે એવી કોઈ ચીજ આ રીતે વેચવા માટેની ન હોય તો કર્જદાર પોતાની કોઈ ચીજ લેણદારને એકસો દસ રૂપિયામાં વેચી દે અને તેના કબ્જામાં આપી દે. પછીથી લેણદાર તે ચીજ બીજા કોઈને સો રૂપિયામાં વેચી દે અને તેને આપી દે. પછીથી પેલા અજનબી પાસેથી તે કર્જદાર માણસ સો રૂપિયામાં તે ચીજ ખરીદી તેને કિંમત ચૂકવી આપે અને તે લેણદારને એકસો ચૂકવી આપે. પરિણામ એ આવ્યું કે કર્જદારની ચીજ એની પાસે આવી ગઈ અને લેણદારને સો રૂપિયા મળી ગયા પરંતુ કર્જદારના જિમ્મે એકસો દસ રૂપિયા લાઝિમ રહ્યા. *(ખાનિયા)*

**મસ્અલા** : કર્જદારે પોતાની કોઈ ચીજ લેણદારને છ મહિનાના વાયદે તેર રૂપિયામાં વેચી અને તેને ચીજ આપી દીધી. પછીથી લેણદારે તે ચીજ બીજા કોઈને વેચી અને તે સોદાને રદ કરી પછીથી તે ચીજને કર્જદારને ૧૦ રૂપિયામાં વેચી અને પૈસા માટે એનું પરિણામ એ આવ્યું કે કર્જદારની વસ્તુ પાછી આવી ગઈ અને લેણદારને ૧૦ રૂપિયા મળી ગયા. પરંતુ કર્જદારના જિમ્મે ૧૩ રૂપિયા વાજિબ થયા. *(ખાનિયા)*

**મસ્અલા** : વ્યાજથી બચવાની એક રીત "બયએ ઈય્ના" છે. "બયએ ઈય્ના" એને કહેવામાં આવે છે કે, જેમ કે એક માણસ બીજા પાસે ૧૦ રૂપિયા કર્જે માગે છે. તેણે કહ્યું કે હું દસ રૂપિયા આપતો નથી પણ હું એમ કરી શકું છું કે મારી આ ચીજ તમને ૧૨ રૂપિયામાં આપું છું. તમે ચાહો તો એને ખરીદી બજારમાં દસ રૂપિયામાં વેચી દેજો, તમને ૧૦ રૂપિયા મળી જશે અને તમારું કામ નીકળી જશે અને એ રીતે સોદો થયો. વેચનારે વધારે નફો મેળવવા અને વ્યાજથી બચવા આ રીત અપનાવી અને દસની ચીજ બારમાં વેચી એનું કામ ચાલી ગયું અને પોતાને ઈચ્છા મુજબનો નફો મળ્યો. કેટલાક લોકોએ એને માટે એવી રીત બતાવી છે કે ત્રીજી વ્યકિતને પોતાના સોદામાં સામેલ કરે, એટલે કે લેણદારે કર્જદારને બાર રૂપિયામાં વેચી અને કબ્જો આપી દીધો. પછીથી કર્જદારે ત્રીજી વ્યકિતને દસ રૂપિયામાં વેચી ચીજ આપી દીધી. એણે લેણદારને દસ રૂપિયામાં વેચી ચીજ આપી દીધી અને દસ રૂપિયા લેણદાર પાસેથી વસૂલ લઈને કર્જદારને આપી દીધા. પરિણામે એ આવ્યું કે કર્જ માગનારને દસ રૂપિયા મળી ગયા પરંતુ બાર આપવા પડશે, કેમ કે તે ચીજ એણે બારમાં ખરીદી છે. *(ખાનિયા, ફતહ, રદ્દુલ મુહ્તાર)*

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

તઝકેરતુલ અવલિયા

# હઝરત અબૂ સુલૈમાન દારાઈ رحمۃ اللہ علیہ

ના

## હાલાત તથા ખૂબીઓ

હપ્તો ૫૦

**ઓળખ** : આપ શરીઅત તથા તરીક઼તના અસીમ સમંદર હતા. અને મિઝાજમાં લુત્ફો કરમ હોવાના કારણે આપને રયહાનુલ કુલૂબ અને ઈહતિદાઉલ જાએફીન જેવા લક઼બો અતા કરવામાં આવ્યા હતા. અને આપનું રહેઠાણ શામ (સીરિયા)નું પ્રખ્યાત દારુલ મુલ્ક હતું એ નિસ્બતથી આપને દારાઈ કહેવામાં આવે છે.

આપના એક મુરીદ હઝરત અહમદ હવારીથી નકલ થયેલ છે કે એક રાતે મેં એકાંતમાં નમાઝ અદા કરી જેનાથી મને ઘણુ જ સુકૂન મેહસૂસ થયું. અને જ્યારે મેં મારો બનાવ મારા પીરો મુર્શિદ હઝરત અબૂ સુલૈમાનને અર્ઝ કર્યો તો તેમણે ફર્માવ્યું કે તમે આટલા વૃધ્ધ થઈ ગયા પરંતું તમને એકાંત તથા જાહેરની કૈફિયતોનો અંદાજો ન થઈ શક્યો, જ્યારે એકાંત હોય કે જાહેરમાં ખુદા તઆલાથી રોકી દેનારી કોઈ ચીજ નથી.

**આપના ઈર્શાદો** : આપ ફર્માવ્યા કરતા હતા કે એકવાર રાતમાં નમાઝ પઢયા બાદ જ્યારે મેં દુઆના માટે હાથ ઉઠાવવા ચાહ્યા તો ઠંડીના કારણે એક હાથ બગલમાં દબાવી દીધો. અને એ જ રાતે ખ્વાબમાં અલ્લાહ તઆલાને એ ફર્માવતાં સાંભળ્યું કે, **હે સુલૈમાન ! તને એ હાથનો મર્તબો (બદલો) અતા કરી દેવામાં આવ્યો જે તેં દુઆના માટે લાંબો કર્યો હતો, અને જો બીજો હાથ પણ ઉઠાવી લેત તો અમે તેનો બદલો પણ અતા કરી આપત. જેથી એ દિવસથી આપે ઠંડીની ઋતુમાં પણ બંને હાથ ઉઠાવીને દુઆ માગવાનો નિયમ બનાવી લીધો હતો.**

(અત્રે વિચારવાની વાત છે તે લોકો ખાસ કરીને યુવાનો જેઓ દુઆ થતી હોય છે, ''જહન્નમથી બચવાની, જન્નતની અતાની, દુનિયા તથા આખેરતની મુસીબતોથી બચવાની વગેરે...'' છતાં પોતાના હાથોને નીચેથી ઊંચા નથી કરી શકતા કે જીભથી આમીન શબ્દ નથી કહેતા ! તો શું આ મેહરૂમી નથી ?!–અનુવાદક)

ફર્માવ્યું, એક રાતે મારા પર એવી ઊંઘ છવાઈ ગઈ કે મારા વઝીફાઓનો સમય ખત્મ થવા લાગ્યો અને ખ્વાબમાં જોયું કે એક હૂર મને કહી રહી છે કે પૂરા પાંચસો વરસથી મને તમારા માટે સાઝ શણગાર કરવામાં આવે છે અને તમે ગફલતની નીંદમાં પડેલા છો ?! એ અવાજની સાથે જ જાગૃત થઈને મેં મારો વઝીફો પૂર્ણ કર્યો.

ફર્માવ્યું કે એકવાર ખ્વાબમાં એક એવી હૂરનો નઝારો કર્યો કે તેની પેશાની રોશન તથા મુનવ્વર છે. અને જ્યારે મેં સવાલ કર્યો કે આ નૂર તથા રોશની કેવી છે ? તો તેણે જવાબ આપ્યો કે એક રાત્રે તમે ખૌફે ઈલાહીમાં રડી રહ્યા હતા તો તમારાં આંસુઓને મારા ચહેરા પર હલ્દી રૂપે ઘસી દેવામાં આવ્યાં હતાં, બસ એ દિવસથી આ નૂર રોશની મારી પેશાની પર જાહેર થઈ ગઈ.

ફર્માવ્યું કે મેં હમેશાં રોટી પર નમક છાંટીને ખાય લીધુ હતું, સંજોગોવસાત એક દિવસ નમકમાં તલ ભળી ગયો અને મેં જોયા વિના એ તલ પણ ખાઈ લીધો, પણ તેની એ સજા મળી કે એક વરસ સુધી ઈબાદત તથા રિયાઝતમાં લિજ્જત જ હાંસલ ન થઈ ! ફર્માવ્યું કે મેં મારી જિંદગીની જરૂરતના માટે મારા એક દોસ્તથી મદદ રૂપે કાંઈક માગી ! લીધુ હતું,

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

પરંતું એક દિવસે જ્યારે મારી માગણી પર તેણે એવું કહી દીધું કે, તમારા માગણી છેવટે ક્યારે પૂર્ણ થશે ?! તો એ દિવસથી મેં મખ્લૂક઼ (લોકો) પાસેથી કાંઈ માગ્યું નથી. ફર્માવ્યું કે હું સમયના ખલીફાને બુરો જાણવા છતાં કદી લોકોની સાથે તેની બુરાઈ એ ડરથી કરતો ન હતો કે ક્યાંક લોકો મને મુખ્લિસ તથા હક્ક઼ગો ન સમજી બેસે, અને હું ઈખ્લાસની ગૈર મૌજૂદગીમાં દુનિયાથી વિદાય થઈ જઉં.

ફર્માવ્યું કે મક્કા મોઅઝ્ઝમામાં એક શખ્સ ઝમઝમના સિવાય બીજુ પાણી પીતો ન હતો અને જ્યારે મેં સવાલ કર્યો કે ચાહે ઝમઝમ (ઝમઝમનો કૂવો) જો સૂકાઈ જાય તો તમે શું કરશો ? તેણે કહ્યું કે અલ્લાહ તઆલા આપને આ નસીહતનો બદલો અતા કરે, કેમ કે હું તો વરસોથી પરસ્તિશની હદ સુધી ઝમઝમથી અક઼ીદત રાખુ છું અને આજથી આ અક઼ીદતને ખત્મ કરું છું.

અમુક લોકોએ હઝરત સાલેહ બિન અબ્દુલ કરીમને સવાલ કર્યો કે ડર તથા ઉમ્મીદમાં કઈ ચીજ બેહતર છે ? ફર્માવ્યું કે બેહતર તો એ છે કે બંનેવ હોય, પરંતું ઉમ્મીદ કરતાં ડરનુ પલ્લુ ભારે છે. અને જ્યારે આ ક઼ૌલને હઝરત સલૈમાનની સામે રજૂ કરવામાં આવ્યો તો આપે ફર્માવ્યું કે મારી નજીક તો સર્વ ઈબાદતોનો આધાર જ ડર પર છે, કેમ કે ઉમ્મીદ ઈબાદતથી બેપરવા કરી દે છે, અને દીન દુનિયાનો પાયો જ ખૌફ પર ક઼ાયમી છે. અને જ્યારે ખૌફ પર ઉમ્મીદનો પ્રભાવ છવાઈ જાય છે તો દિલની કમબખ્તી થઈ જાય છે, અને ખૌફની અધિકતાથી ઈબાદતમાં પણ વધારો થતો જોવા મળે છે. ફર્માવ્યું, લુકમાને પોતાના પુત્રને આ નસીહત કરી હતી કે ખુદાથી એટલા ડરો કે રહમતથી માયૂસ ન થાવ, અને ન એટલી ઉમ્મીદથી સંબંધ કરો કે અઝાબથી બેખૌફી થઈ જાય.

**એહતેલામથી બચવાનો તરીક઼ો** : ફર્માવ્યું કે એહતેલામ (સ્વપ્નદોષ) પણ એક કહેર છે જે ભરપેટ ખાવાના પરિણામે થાય છે, અને એના સિવાય ભરપેટ ખાવુ અન્ય છ ખરાબીઓને પણ જન્મ આપે છે : પ્રથમ : ઈબાદતમાં દિલ ન લાગવું : **બીજુ** હિકમતની વાતો યાદ ન રહેવી. **ત્રીજુ** પ્રેમભાવ રાખવાથી વંચિત થઈ જવું. **ચોથુ** ઈબાદતનું બોજ બની જવું. **પાંચમુ** નફસાની ખ્વાહિશોમાં વધારો થઈ જવો. **છઠ્ઠુ** પાયખાના (ટોઈલેટ)થી એટલી મોહલત ન મળવી કે મસ્જિદમાં જઈને ઈબાદત કરી શકે.

**ભૂખના ફાયદા** : આ પણ એક ઉઘાડી બાબત છે કે **અલ્લાહ તઆલા પોતાના મહબૂબ બંદાઓ સિવાય કોઈને પણ ભૂખ વેઠવાની શક્તિ અતા નથી કરતો, કેમ કે ભૂખ આખેરતમાં ભરપેટ રહેવાની ચાવી છે.** અને ભૂખ્યા શખ્સની સર્વ દીની તથા દુનિયવી જરૂરતો પૂરી થતી રહે છે અને નફ્સમાં આજીજી અને દિલમાં નરમી પેદા થઈ જાય છે, અને તેના પર આસ્માની ઈલ્મોનો ઈન્કેશાફ (જાહેર થવું) થવા લાગે છે. ફર્માવ્યું કે **આખા દિવસની ઈબાદત કરતાં રાતમાં હલાલ રોજીનો એક લુકમો અધિક અફઝલ છે.** ફર્માવ્યું કે નફસની ખ્વાહિશો પર તે જ શખ્સ ગઝબનાક થાય છે જેનું દિલ મુનવ્વર હોય, કેમ કે એ જ નૂર દુનિયાથી અલગ કરીને આખેરતની તરફ ધ્યાનિત કરી આપે છે.

ફર્માવ્યું કે મંઝિલથી પરત આવનારો મક઼સદથી મૂળ હેતુથી મેહરૂમ રહી જાય છે અને જિંદગીમાં જેને થોડો સરખો ઈખ્લાસ પણ મયસ્સર થઈ ગયો તે મસ્રૂર (ખુશ) રહે છે. અને ઈખ્લાસવાળાઓ વસવસાઓથી બચતા રહે છે. ફર્માવ્યું કે સચ્ચાઈવાળાઓ જ્યારે દિલની કૈફિયતને પ્રદર્શિત કરવા ચાહે છે તો ઝબાન સાથ નથી આપતી. ફર્માવ્યું કે અમુક ખુદાના બંદાઓ એવા પણ છે જેઓ રઝાની

www.barkatekhwaja.net

હાલતમાં સબ્રને શર્મિંદગીનો સબબ સમજે છે, કેમ કે સબ્રની સ્થિતિમાં બંદો જાણે સબ્રનો દાવેદાર બની જાય છે, પણ રઝાનો સબંધ કેવળ ખુદાની મરજી સાથે છે, એ એતબારથી સબ્રનો સંબંધ બંદાની સાથે અને રઝાનો સંબંધ અલ્લાહ સાથે થઈ જાય છે.

**રઝા (રબથી રાજી)** : રઝાનો ભાવાર્થ એ છે કે ન જન્નતની લાલચ રહે અને ન અઝાબનો ડર. ફર્માવ્યું કે રઝાનો તો મને એવો ચસ્કો પડી ગયો છે કે અલ્લાહ તઆલા દરેક જણને જહન્નમમાં મોકલવા ચાહે તો તેઓ મજબૂરન ચાલ્યા જશે પણ હું તેને ખુશીપૂર્વક કૃબૂલ કરીશ.

**તવઝોઅ (નમ્રતા આજીજી)** : ફર્માવ્યું કે ખૂદબીની (પોતાને કાંઈક સમજવું I am something) ને ત્યજવાનું નામ તવાઝોઅ છે, અને નફસને ન ઓળખનાર કદી તવાઝોઅવાળો (નમ્રતાવાળો) નથી બની શકતો. એ જ પ્રમાણે દુનિયાને તુચ્છતાભરી નજરે જોનારો કદી બુરો નથી હોઈ શકતો.

**ઝાહિદ** : ખુદાથી દૂર કરી દેનારી ચીજને પીઠ પાછળ રાખી દેનારને ઝાહિદ કહેવામાં આવે છે અને ઝોહદની નિશાની એ છે કે ઓછી કિંમતવાળી ચીજની સરખામણીમાં કિંમતી ચીજની તમન્ના ન કરે. અને કેવળ ઝબાની ઝોહદ પણ માલ દૌલતથી કેટલાય અંશે બેહતર છે. ફર્માવ્યું કે દુનિયા જ સર્વ ગુનાહોને જન્મ આપે છે. ફર્માવ્યું કે બંદો મુસીબતોને અલ્લાહ તરફથી ધારીને ખુદા સિવાય સૌને છોડી આપે. ફર્માવ્યું કે ભૂખ ઈબાદત માટે જરૂરી છે. ફર્માવ્યું કે દુનિયવી બાબતોમાં ચિંતન વિચારણા કરવી આખેરતના માટે આડ બની જાય છે. અને દીની બાબતોમાં ચિંતન બેહતરીન ફળ (બદલા) આપનાર હોય છે. ફર્માવ્યું કે ઈલ્મમાં વધારા માટે બોધ ગ્રહણ કરવો જરૂરી છે અને ચિંતન મનન ખૌફમાં વધારો કરે છે. ફર્માવ્યું કે આંખથી અશ્રુવહન અને દિલથી ચિંતન આખેરતની જરૂરત છે. ફર્માવ્યું કે **જિંદગી ફોગટમાં વહી જવાનો ગમ એટલો મહત્વનો છે કે જો માણસ એના પર આખી જિંદગીભર રડતો રહે તો પણ કમ છે.**

ફર્માવ્યું કે મો'મિન તે છે જે દિલને દુનિયાના ગમથી અલિપ્ત કરીને રબની ઈબાદતમાં રડતો રહે. ફર્માવ્યું કે **જ્યાં સુધી બંદો ઈબાદતમાં મશગૂલ રહે છે ત્યાં સુધી ફરિશ્તા જન્નતના બગીચાઓમાં દરેક દરેક ઈબાદતના બદલામાં એક એક ઝાડ લગાડે છે, અને જ્યારે બંદો ઈબાદતથી દૂર થાય છે તો તે પણ પોતાનું કામ છોડી આપે છે.**

ફર્માવ્યું, સાચા દિલથી નફસાની ખ્વાહિશોને ત્યજી દેનાર અલ્લાહ તઆલાના બદલાનો મુસ્તહિક્ છે. ફર્માવ્યું કે **જે ઈબાદતમાં દુનિયામાં જ લિજ્જત હાંસલ ન થઈ હોય, તો આખેરતમાં પણ તેનો બદલો નથી મળતો, કેમ કે લિજ્જત પ્રાપ્ત થવી જ કૃબૂલિયતની દલીલ છે.** ફર્માવ્યું કે ઝાહિદ દિલનો અંતિમ દરજો તવક્કુલવાળાઓના શરૂના દરજા બરાબર છે. ફર્માવ્યું કે અલ્લાહ તઆલા આરિફોને ઊંઘમાં પણ એ દરજાઓ અતા કરે છે જે ગૈર આરિફોને નમાઝમાં પણ નસીબ નથી થતા. અને જ્યારે આરિફોની બાતિની આંખ ખુલી જાય છે તો જાહેરી આંખ સુસ્ત કરી દેવામાં આવે છે અને તેને અલ્લાહના સિવાય કાંઈ નજર નથી આવતુ. અને કુર્બે ઈલાહીની પ્રાપ્તિ પણ એ જ વખતે શક્ય છે જ્યારે દીન તથા દુનિયા બંનેને ખુદા પર છોડી આપે. ફર્માવ્યું કે મઅરેફત ખામોશીથી અધિક નજીક છે. ફર્માવ્યું કે જેનું દિલ ઝિક્રે ઈલાહીથી મુનવ્વર થઈ જાય છે તેને કોઈ ચીજની જરૂરત બાકી નથી રહેતી. અને જે ઈબાદતોમાં તકલીફો વેઠે છે તે જ નજાતનો ઝરીયો બની જાય છે.

ફર્માવ્યું કે સબ્રથી અફઝલ કોઈ ચીજ નથી, પણ સબ્રના પણ બે પ્રકાર છે : પ્રથમ એ ચીજ પર સબ્ર

www.barkatekhwaja.net

કરવી જેની તલબ જ ન હોય. બીજુ એ ચીજ પર સબ્ર કરવી જેની તલબ પણ મૌજૂદ હોય પણ ખુદાએ એને મના કર્યુ. ફર્માવ્યું કે જેટલા પ્રમાણમાં મેં પોતાને ખરાબ હાલતવાળો કર્યો એનાથી વધારે તો દુનિયા પણ મને ખરાબ હાલતવાળો નથી કરી શકતી. ફર્માવ્યું કે **જે નફસને મારીને કુર્બે ઈલાહી હાંસલ કરે છે તે જન્નતનો હકદાર થઈ જાય છે.** ફર્માવ્યું કે અલ્લાહ તઆલાનો આ ઈર્શાદ છે કે જે બંદાઓ મારાથી શર્મિંદગી પ્રદર્શિત કરે છે તેમની હું પર્દાદારી કરું છું.

**દોસ્તથી દરગુઝરનો ફાયદો :** આપે કોઈ મુરીદને ફર્માવ્યું કે જો કોઈ દોસ્ત પણ ગુસ્સાની હાલતમાં તમારી મરજી વિરૂધ્ધ વાત કહે તો તમે ન ગુસ્સો કરો અને ન તેને ભલુબુરુ કહો, કેમ કે બની શકે છે કે તે અધિક વધારે કઠણ વાણીથી કામ લે. એ મુરીદે કહ્યું કે અનુભવ બાદ આપનુ કથન (કૌલ) તદ્દન સહીહ સાબિત થયું.

હઝરત જુનેદ બગદાદીથી રિવાયત છે કે આપ ખૂબ જ અધિક સાવધાન રહીને ફર્માવ્યા કરતા હતા કે મને સૂફિયાએ કિરામના જેટલા પ્રમાણમાં કથનો માલૂમ થાય છે, હું તેના પર ત્યાં સુધી અમલ ચાલુ નથી કરતો જ્યાં સુધી કુર્આન હદીષથી કમસે કમ તેના વિશે બે શહાદતો નથી મળી જતી.

આપે હઝરત મઆઝ ઈબ્ને જબલથી પણ અમુક ઈલ્મ હાંસલ કર્યો હતો અને પોતાની દુઆઓમાં કહ્યા કરતા હતા કે, હે અલ્લાહ ! જે તારા હુકમો પર ચાલતો ન હોય તે તારી ખિદમતને (ઈબાદતને) લાયક કેવી રીતે થઈ શકે છે.

**વફાત :** ઈન્તેકાલ વખતે લોકોએ અર્ઝ કરી કે હવે તમે તે ખુદાને ત્યાં જઈ રહ્યા છો જે ગફુરો રહીમ છે, જેથી અમને કોઈ બશારત આપી દો. આપે ફર્માવ્યું કે હું તો એ ખુદાની પાસે જઈ રહ્યો છું જે ગુનાહે સગીરા પર પકડ કરે છે અને ગુનાહે કબીરા પર સજા આપે છે, આમ કહેતાં કહેતાં અલ્લાહને પ્યારા થઈ ગયા.

કોઈકે ખ્વાબમાં આપને પૂછયું કે અલ્લાહ તઆલાએ આપની સાથે શું મામલો કર્યો ? ફર્માવ્યું કે રહમત તથા ઈનાયતથી કામ લીધુ, પરંતું મખ્લૂક (લોકો)માં ખ્યાતી મારા માટે નુકસાનકર્તા સાબિત સાબિત થઈ.

www.barkatekhwaja.net


**કાનૂને શરીઅત**

(ભાગ-૧ તથા ભાગ-૨) (કુલ-૭૪૦ પેજીસ)

**લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**:: અનુવાદક ::**

**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**

**હદિયો : એક સેટના રૂા. ૨૫૦/-**

જેમાં અકીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક, અખ્લાકિયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે. ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદ્દન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી-દયાદરા**

**મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ**

**મો. ૯૪૨૭૪૬૪૪૧૧**



**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો-વંચાવો) **બંને ભાગના રૂા. ૪૫૦** (ટપાલ ખર્ચ રૂા.૧૦૦)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તો : ૦૭

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

**મસ્અલા ૧ :** એટલા કપડાં જેનાથી સતરે ઔરત થઈ જાય અને ગરમી ઠંડીની તકલીફથી બચે ફર્ઝ છે, અને તેનાથી વધારે જેનાથી શણગારનો હેતુ હોય અને એ કે જ્યારે અલ્લાહ તબારક વ તઆલાએ આપ્યું છે તો તેની નેઅમતોને જાહેર કરવામાં આવે એ મુસ્તહબ છે. ખાસ પ્રસંગે દા.ત. જુમ્આ અથવા ઈદના દિવસે સારા કપડાં પહેરવાં મુબાહ છે. આ પ્રકારનાં કપડાં દરરોજ ન પહેરે કે ઈતરાવા (ઘમંડ કરવા) લાગે અને ગરીબો જેમની પાસે આવા કપડાં નથી તેમને તિરસ્કારની નજરે જુએ જેથી એનાથી બચવું જ જોઈએ. અને ઘમંડના કારણે હોય તો એ પોશાક મના છે. અને ઘમંડ છે કે નથી તેની ઓળખ આ રીતે કરે કે આ કપડાં પહેર્યા પહેલાં જે હાલત પર હતો જો પહેર્યા પછી પણ તે જ હાલત છે તો માલૂમ પડયું કે તે કપડાંથી ઘમંડ પૈદા નથી થયું, અને તે હાલત હવે બાકી ન રહી તો તકબ્બુર (ઘમંડ) આવી ગયું, માટે આવાં કપડાંથી બચે કે તકબ્બુર ઘણી ખરાબ વસ્તુ છે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા ૨ :** સારું તે છે કે ઊની અથવા સુતરાઉ અથવા કિતાન (એક જાતનું પાતળુ કપડુ)ના કપડાં બનાવવામાં આવે જે સુન્નત પ્રમાણે હોય, ન વધુ ભારે કપડુ હોય અને ન હલકુ કપડું બલ્કે દરમિયાની હોય કે જે રીતે ભારે કપડાથી દેખાવ થાય છે અને બહુ હલકુ કપડાથી પણ પ્રદર્શન થાય છે. લોકોની આંખો ઉઠતી હોય છે સમજે છે કે આ કોઈ કમાલવાળો દુનિયાને ત્યજનાર શખ્સ છે. સફેદ કપડાં બહેતર છે, હદીષમાં તેની પ્રશંસા આવેલ છે. અને કાળા કપડાં પણ સારાં છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે મક્કાના વિજયના દિવસે મક્કા મુઅઝ્ઝમા તશરીફ લાવ્યા તો માથા મુબારક પર કાળા રંગનો ઈમામો હતો. લીલા રંગનાં કપડાને કેટલીક કિતાબોમાં સુન્નત લખ્યું છે.

*(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા ૩ :** સુન્નત એ છે કે દામનની લંબાઈ અડધી પિંડલી સુધી હોય અને બાંયોની લંબાઈ વધારેમાં વધારે આંગળીઓનાં બેડકાં સુધી અને પહોળાઈ એક વેંટ સુધી. (રદ્દુલ મુહ્તાર) આ જમાનમાં ઘણા લોકો લેંગાના બદલે જાંગીયાં પહેરવા લાગ્યા છે તે નાજાઈઝ હોવામાં શું કહેવાનું કે ઘૂંટણનું ખુલ્લુ હોવું હરામ છે. ઘણા લોકોની બાંયો કોણીઓથી ઉપર રહે છે તે સુન્નતના વિરુદ્ધ છે અને એ બંનેવ કપડાં

નસારાની પયરવીમાં પહેરવામાં આવે છે. આ વસ્તુએ તેમની ખરાબીમાં અધિક વધારે કરી દીધો.

અલ્લાહ તબારક વ તઆલા મુસલમાનોની આંખો ઉઘાડે છે કે તે કાફિરોની પયરવીથી બચે. હઝરત અમીરુલ મો'મિનીન ફારૂકે આ'ઝમ رضی اللہ عنہનો ઈર્શાદ જે આપે લશ્કરો માટે મોકલ્યો હતો જેમાં વધારે પડતાં સહાબાએ કિરામ હતા, તેમને મુસલમાન પોતાની આંખોની સામે રાખે અને અમલ કરવાનો પ્રયત્ન કરે. અને તે ઈર્શાદ આ છે : اِیَّاکُمْ وَزِیَّ الْاَعَاجِمِ અજમીઓના વેશથી બચો ! એમની જેમ દેખાવ ન બનાવો.

**મસ્અલા ૪** : રેશમના કપડાં પુરૂષ માટે હરામ છે. શરીર અને કપડાંની વચ્ચે કોઈ બીજુ કપડું હોય કે ન હોય બંનેવ રીતે હરામ છે. અને યુદ્ધના સમયે પણ નર્યુ રેશમનું કપડુ હરામ છે. હા ! તાણો સુતરનો હોય અને વાણો રેશમનો હોય તો યુદ્ધના સમયે પહેરવું જાઈઝ છે. અને જો તાણો રેશમ હોય અને વાણો સુતરનો હોય તો દરેક શખ્સ માટે સર્વ પ્રસંગે જાઈઝ છે. મુજાહિદ અને ગૈરમુજાહિદ બંનેવ પહેરી શકે છે. યુદ્ધના સમયે એવાં કપડાં પહેરવાં જેનો વાણો રેશમ હોય તે સમયે જાઈઝ છે જ્યારે કે કપડુ જાડુ હોય અને જો પાતળુ હોય તો નાજાઈઝ છે કે તેનો જે ફાયદો તાણો સુતરનો હતો તે આ પરિસ્થિતિમાં પ્રાપ્ત નહીં થાય. *(હિદાયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા ૫** : તાણો રેશમનો હોય અને વાણો સુતરનો હોય પરંતુ કપડું એ રીતે બનાવવામાં આવ્યું છે કે રેશમ જ રેશમ દેખાય છે તેનાં રુમટાં તેનું પહેરવું મકરૂહ છે. (આલમગીરી) અમુક પ્રકારની મખમલ એવી હોય છે કે તેના રુમટાં રેશમનાં હોય છે તેને પહેરવાનો પણ આ જ હુકમ છે તેની ટોપી અથવા સદરી (કોટી) વગેરે ન પહેરવામાં આવે.

**મસ્અલા ૬** : રેશમના બિસ્તર પર બેસવું, સૂવું અને તેનો તકીયો લગાડવો પણ મના છે, જો કે પહેરવામાં તેનાથી વધારે બુરાઈ છે. *(આલમગીરી)* પરંતુ દુર્રે મુખ્તારમાં તેને મશહૂરની વિરુદ્ધ બતાવવામાં આવ્યું છે અને જાહેર છે કે આ જાઈઝ છે.

**મસ્અલા ૭** : ટસરુકા એક જાતના રેશમનું નામ છે. ભાગલપુરી કપડાં ટસરુકા કહેવાય છે, તે જાડુ રેશમ હોય છે, તેનો હુકમ પણ તે જ છે જે પાતળા રેશમનો છે. કાશી સિલ્ક અને ચીના સિલ્ક પણ રેશમ જ હોય છે, તેને પહેરવાનો હુકમ પણ તે જ છે. સન અને રામ વાંસના કપડાં જે જાહેરમાં બિલકુલ રેશમ હોય તેમ લાગતું હોય તેનું પહેરવું જો કે રેશમનું પહેરવું નથી પરંતુ તેનાથી બચવું જોઈએ, ખાસ કરીને આલિમોએ, કે લોકોને બદગુમાની કરવાની તક ન મળે અથવા બીજાને રેશમ પહેરવાનો ઝરીયો બનશે. આ જમાનામાં કિલાનું રેશમ ચાલ્યું છે આ રેશમ નથી પરંતુ કોઈ વૃક્ષની છાલથી તેને બનાવે છે અને આ ઘણુ જ જાહેરમાં ઓળખાઈ આવે છે તો તેના પહેરવામાં વાંધો નથી.

**મસ્અલા ૮** : રેશમનો લેહાફ ઓઢવો નાજાઈઝ છે કે આ પણ પોશાકમાં દાખલ છે. રેશમના પડદા દરવાજાઓ પર લટકાવવા મકરૂહ છે. કપડાં વેચનારે રેશમ કપડાને ખભા પર મૂકે છે જેવી રીતે કે ફેરીયા ફરનારા ખભા પર નાખે છે, તો આ નાજાઈઝ નથી કે આ પહેરવું નથી અને જો ઝભ્ભો અથવા કુર્તો રેશમનો હોય અને તેની બાંયોમાં હાથ નાખ્યા અને જો વેચવા માટે લઈ જતો હોય એ મના છે. *(આલમગીરી)*

**મસ્અલા ૯** : સ્ત્રીઓને રેશમ પહેરવું જાઈઝ છે ભલે ફક્ત રેશમ જ હોય તેમાં સુતર બિલકુલ ન હોય. *(આમ્મહ્ કુતુબ)*

**મસ્અલા ૧૦** : પુરૂષના કપડામાં રેશમનો કિનારો ચાર આંગળીઓ સુધી જાઈઝ છે અને તેનાથી વધારે નાજાઈઝ છે. એટલે કે તેની પહોળાઈ ચાર આંગળીઓ સુધી અને લંબાઈની ગણતરી નથી. આ

www.barkatekhwaja.net

જ રીતે કપડાનો કિનારો રેશમથી વણવામાં આવેલ હોય જેવું કે કેટલાક અમામા અથવા ચાદરો કે લુંગીઓનો કિનારો એ રીતે હોય છે તેનો પણ આ જ હુકમ છે. જો ચાર આંગળીઓ સુધીનો કિનારો હોય તો જાઈઝ છે, નહીંતર નાજાઈઝ. (દુર્રે મુખ્તાર, રદુલ મુહ્તાર) એટલે કે જ્યારે તેની કિનારાની બનાવટ પણ રેશમની હોય. અને જો સુતરની બનાવટ હોય તો ચાર આંગળીઓથી વધારે પણ જાઈઝ છે. અમામો અથવા ચાદરનો પલ્લુ રેશમનો વણેલો હોય તો કેમ કે વાણો રશમનો હોય તો નાજાઈઝ છે, માટે પલ્લુ પણ ચાર આંગળીઓ સુધીનો જ હોવો જોઈએ, વધારે ન હોય.

**મસ્અલા ૧૧ :** બાંયો અથવા ગિરેબાન અથવા દામનના કિનારા પર રેશમનું કામ થયેલ હોય તો પણ ચાર આંગળીઓ સુધી હોય. સદરી (કોટ) અથવા ઝભ્ભામાં રેશમનું કામ હોય તો ચાર આંગળી સુધી જાઈઝ છે. અને રેશમની ગુંદીઓ પણ જાઈઝ છે. ટોપીનું કુમટુ ચાર આંગળ જાઈઝ અને રેશમની ગુંદીઓ પણ જાઈઝ છે. ટોપીનું કુમટુ પણ ચાર આંગળ જાઈઝ છે લેંગાનો નેફો પણ ચાર આંગળી સુધી જાઈઝ છે. શેરવાની અથવા ઝભ્ભામાં ખભા અથવા પીઠ પર રેશમનું પાન (પાંદડાનો આકાર) અથવા કેરી (કેરીનો આકાર) ચાર આંગળીઓ સુધી જાઈઝ છે. *(રદુલ મુહ્તાર)* આ હુકમ તે સમયે છે કે પાન વગેરે મુગર્રક (એટલે રેશમથી તદન ઢંકાયેલુ હોય) કે કપડું જોવામાં ન આવતું હોય અને મુગર્રક ન હોય તો ચાર આંગળીઓથી વધારે પણ જાઈઝ છે.

**મસ્અલા ૧૨ :** રેશમના કપડાનું થીંગડું કોઈ કપડામાં લગાડવામાં આવે તો જો આ થીંગડુ ચાર આંગળીઓ સુધીનું હોય તો જાઈઝ છે અને વધારે હોય તો નાજાઈઝ. રેશમને રૂની જેમ ભરી દીધું હોય પરંતુ જો અબરા (ડબલ કપડાની ઉપરનો ભાગ) અને અસ્તર બંનેવ સુતરાઉ હોય તો તેનું પહેરવું જાઈઝ છે. અને અબરા અથવા અસ્તર બંનેવમાંથી કોઈપણ રેશમ હોય તો તે નાજાઈઝ છે. આ જ રીતે ટોપીનું અસ્તર પણ રેશમનું નાજાઈઝ છે અને ટોપીમાં રેશમનો કિનારો ચાર આંગળી સુધીનો જાઈઝ છે.

*(રદુલ મુહ્તાર)*

**મસ્અલા ૧૩ :** ટોપીમાં લેસ લગાડવામાં આવી અથવા અમામામાં લેસ કિનારી લગાડવામાં આવી તો જો તે ચાર આંગળીઓથી ઓછી પહોળાઈ છે તો જાઈઝ છે, નહીંતર નાજાઈઝ છે.

**મસ્અલા ૧૪ :** અલગ અલગ જગાએ રેશમનું કામ થયેલ છે, તો તેને ભેગુ કરવામાં નહીં આવે એટલે કે એક જગાએ ચાર આંગળીઓથી વધારે નથી પરંતુ ભેગુ કરવાથી વધારે થઈ જાય તો આવુ નાજાઈઝ નથી, માટે કપડાની બનાવટમાં જગા જગા જગાએ રેશમની ધારીઓ હોય તો જાઈઝ છે, જ્યારે કે એક જગ્યા પર ચાર આંગળીઓથી વધારે પહોળી કોઈ ધારી ન હોય. તો આ જ હુકમ કોતરકામનું છે કે એક જગ્યા પર ચાર આંગળીઓથી વધારે ન હોવું જોઈએ. અને ફુલ અથવા કામ એ રીતે બનાવવામાં આવ્યું કે રશમ જ રેશમ દેખાય છે જેને મુગર્રક કહે છે જેમાં કપડુ જોવામાં નથી આવતું, તો આ કામને અલગ અલગ કહેવામાં નહીં આવે, આ જાતનું અથવા ઝરીનું કામ ટોપી અથવા શેરવાની તેમજ સદરી અથવા કપડાં પર હોય અને ચાર આંગળીઓથી વધારે હોય તો નાજાઈઝ છે. *(દુર્રે મુખ્તાર, રદુલ મુહ્તાર)* ધારો (કિનારીઓ) માટે ચાર આંગળીઓથી વધારે ન હોય તો તે સમયે જરૂરી છે કે વાણામાં ધારીઓ હોય અને તાણામાં હોય અને વાણો સુતરનો હોય તો ચાર આંગળીઓથી વધારે હોવાની પરિસ્થિતિમાં પણ જાઈઝ છે.

**મસ્અલા ૧૫ :** કપડાં એ રીતે બનાવવામાં

www.barkatekhwaja.net

આવ્યાં કે એક દોરી સુતરની છે અને એક રેશમની, પરંતુ દેખાવમાં બિલકુલ રેશમ માલૂમ પડે છે એટલે કે સૂતરાઉ દેખાતું નથી તો એ નાજાઈઝ છે.

*(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા ૧૬** : સોના ચાંદીથી કપડુ વણવામાં આવ્યું જેવું કે બનારસી કપડામાં ઝરી વણવામાં આવે છે કિમ્ખાબ (એક પ્રકારનું રેશમી કપડુ) તથા પોત (કાચના દાણા ઝડેલ કપડુ)માં ઝરી હોય છે અને આ જ રીતે બનારસી અમામાના છેડા એક બંનેવ તરફના કિનારામાં ઝરી હોય છે તેમનો એ જ હુકમ છે કે જો એક જગા ચાર આંગળીઓથી વધારે હોય તો નાજાઈઝ છે, નહીંતર જાઈઝ. પરંતુ કિમ્ખાબ તથા પોતમાં કેમ કે તાણા વાણા બંનેવ રેશમના હોય છે માટે ઝરી ચાર આંગળીથી ઓછી જ કેમ ન હોય તો પણ નાજાઈઝ છે. હા ! જો સુતરાઉ કપડાં હોત અથવા તાણો રેશમનો અને વાણોનો સુતરનો હોત અને તેમાં ઝરી વણવામાં આવી હોત તો ચાર આંગળી સુધી જાઈઝ હોત જેમ કે અમામો સુતરનો હોય છે અને તેમાં ઝરી વણેલી હોય છે. આ જ હુકમ પુરૂષો માટે છે. સ્ત્રીઓ માટે રેશમ અને સોના, ચાંદી પહેરવું જાઈઝ છે તેમના માટે ચાર આંગળીઓ સુધી ખાસ નથી. આ જ રીતે સ્ત્રીઓ માટે લેસ કિનારી ગમે તેટલી પહોળી હોય જાઈઝ છે અને મુગર્રક અને ગેરમુગર્રકનો ફર્ક પણ પુરૂષો માટે છે. સ્ત્રીઓ માટે તો આમ તરીકા પર જાઈઝ છે.

*(અલ્ મુસ્તફાદ મિન્નુ રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા ૧૭** : ઝરીની બનાવટની જે હુકમ છે તે જ હુકમ તેના કોતરકામનો પણ છે. હજુ પણ ઝરીની ટોપી અમુક લોકો પહેરે છે તો જો ઝરી કામ થયેલ છે ત્યાંથી કપડુ દેખાય છે તો કેમ કે એક જગાએ ચાર આંગળીઓ જેટલું નથી તો જાઈઝ છે. અને મુગર્રક હોય કે બિલકુલ ઝરી કામથી ઢંકાયેલ હોય તો ચાર આંગળીઓથી વધારે નાજાઈઝ છે. આ જ રીતે કામદાની (તે રેશમી કપડુ જેના પર સોના ચાંદીના તારોથી ડિઝાઈન જડવામાં આવેલી હોય કે ઝરીના કામથી ઢંકાય ગયેલ હોય તો ચાર આંગળીઓથી વધારે જ્યારે કે એક જગ્યાએ હોય તો નાજાઈઝ છે, નહીંતર જાઈઝ છે.

**મસ્અલા ૧૮** : કમરની પટ્ટી રેશમની હોય તો નાજાઈઝ છે. અને સુતરની હોય તેમાં રેશમની ધારી હોય અને ચાર આંગળીઓ જેટલી હોય તો જાઈઝ છે. *(આલમગીરી)*

ચાંદી કે સોનાના તારોની પેટી નાજાઈઝ છે. કેટલાક માલદારો પોતાના સૈનિકો અને નોકરોની પેટીઓ આ જાતની બનાવે છે તો તેમને બચવું જોઈએ.

**મસ્અલા ૧૯** : રેશમની મચ્છરદાની પુરૂષો માટે પણ જાઈઝ છે કારણ કે તેનો વપરાશ પહેરવામાં નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા ૨૦ : રેશમના કપડામાં તાવીઝ સીવીને ગળામાં લટકાવ્યું અથવા હાથ પર બાંધ્યુ તો નાજાઈઝ છે કે આ પહેરવામાં દાખલ છે. આ જ રીતે સોના, ચાંદીમાં રાખીને પહેરવું પણ નાજાઈઝ છે. અને ચાંદી અથવા સોના પર જ તાવીઝ કોતરેલુ છે તો તે અધિકતર રીતે નાજાઈઝ છે.**

**મસ્અલા ૨૧** : રેશમની ટોપી ભલે અમામા નીચે હોય એ પણ નાજાઈઝ છે. આ જ રીતે ઝરીની ટોપી નાજાઈઝ છે ભલે એ અમામાની નીચે હોય.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

સોનેરી ટોપી જે અફઘાની અને સરહદી અને પંજાબી અમામાની નીચે પહેરે છે તે મુગર્રક હોય છે અને તેનું કામ ચાર આંગળીઓથી વધારે હોય છે એ નાજાઈઝ છે. હા ! ચાર આંગળીઓ અથવા તેનાથી ઓછી હોય તો જાઈઝ છે.



www.barkatekhwaja.net

**મસ્અલા ૨૨ :** રેશમનો પટ્ટો મના છે, રેશમની દોરીમાં તસ્બીહ લટકાવવામાં આવે તો તેને ગળામાં નાખવું મના છે. આ જ રીતે ઘડીયાળનો દોરો રેશમી હોય તો તેને ગળામાં નાખવું અથવા રેશમની ચેન કાચબટનમાં નાખીને લટકાવવું પણ મના છે. રેશમની દોરી અથવા ફીતા (રેશમની અથવા સુતરની થોડી ઓછી પહોળી પટ્ટી) કાંડા પર બાંધવી મના છે. આ તમામ વસ્તુઓમાં જો તે જોવામાં નહીં આવે કે આ ચાર આંગળીઓથી ઓછી છે કારણ કે આ વસ્તુઓ આખી રેશમની છે. સોના ચાંદીની ચેન ઘડીયાળમાં લગાડીને તેને ગળામાં પહેરવું અથવા કાચબટનમાં લટકાવવાનું અથવા કાંડા પર બાંધવું મના છે. (રદ્દુલ મુહ્તાર) બલ્કે બીજી ધાતુઓ દા.ત. તાંબુ, પિત્તળ લોખંડ વગરેની ચૈનોનો પણ આ જ હુકમ છે. કારણ કે આ ધાતુઓનું પહેરવું નાજાઈઝ છે. અને આ વસ્તુઓને લટકાવવી પણ નહીં અને ન કાંડા પર બાંધે બલ્કે ખિસ્સામાં પડી રહે છે તો નાજાઈઝ નથી, તેના પહેરવાની મનાઈ છે. ખિસ્સામાં રાખવાની મનાઈ નથી.

**મસ્અલા ૨૩ :** કુર્આન મજીદનું જુઝદાન એવા કપડાનું બનાવેલ હોય જેનું પહેરવું મના છે તો તેમાં કુર્આન મજીદ મૂકી શકીએ છીએ, પરંતુ તેમાં ફીતા લગાડીને ગળામાં નાખવું મના છે એટલે કે મના હોવું એ સ્થિતિમાં છે કે જુઝદાન રેશમ અથવા ઝરીનું હોય. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા ૨૪ :** રેશમની થેલીમાં રૂપિયા રાખવાની મનાઈ નથી, હા ! તેને ગળામાં લટકાવવાની મનાઈ છે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા ૨૫ :** રેશમનું પાકીટ ગળામાં લટકાવવું મના છે, અને તેમાં સોપારી, તંબાકુ મૂકીને તેને ખિસ્સામાં રાખવું અને તેમાંથી ખાવુ મના નથી કેમ કે તેને પહેરવું મના છે ન કે મુત્લકન તેનો વપરાશ. અને ઝરીનું પાકીટ સદંતર વાપરવું મના છે. કારણ કે સોના ચાંદીનો મુત્લકન (કોઈ છૂટ વગર) ઉપયોગ મના છે, તેમાં સોપારી, તંબાકુ ખાવાની પણ મનાઈ છે.

**મસ્અલા ૨૬ :** ફસ્સાદ ફસદ લેવાના સમયે (એટલે રગમાંથી લોહી ચૂંસનાર લોહી ચૂંસતી વખતે) પટ્ટી બાંધે છે જેથી કરીને રગો દેખાય આવે તો આ પટ્ટી રેશમની હોય તો પુરૂષે બાંધવી નાજાઈઝ છે. *(આલમગીરી)*

**મસ્અલા ૨૭ :** રેશમના મુસલ્લા પર નમાઝ પઢવી હરામ નથી. *(રદ્દુલ મુહ્તાર)* પરંતુ તેના પર પઢવું ન જોઈએ.

**મસ્અલા ૨૮ :** મકાનને રેશમ, ચાંદી, સોનાથી શણગારવું દા.ત. દીવાલો, દરવાજાઓ પર રેશમી પડદા લટકાવવા અને કેટલીક જગ્યાએ પધ્ધતિસર સોના ચાંદીના વાસણો અને ઓજારો રાખવાં જેનો હેતુ કેવળ શણગારવાનો હોય તો કરાહત (નાપસંદ) છે અને ઘમંડ અને ફખ્રના કારણે આવું કરે છે તો નાજાઈઝ છે. (રદ્દુલ મુહ્તાર) લગભગ કરાહતનું કારણ એ હશે કે આવી વસ્તુઓ અગર જો શરૂઆતમાં ઘમંડના કારણે ન હોય, પરંતુ છેલ્લે છેલ્લે તેનાથી તકબ્બુર પેદા થઈ જાય છે.

**મસ્અલા–૨૯ :** ફકીહો અને ઉલમાએ એવાં કપડાં પહેરવા જોઈએ કે તે ઓળખાય આવે જેથી કરીને લોકોને તેમનાથી ફાયદો ઉઠાવવાનો મોકો મળે અને ઈલ્મની ઈજ્જત લોકોના દિમાગોમાં બેસી જાય. *(રદ્દુલ મુહ્તાર)* અને જો પોતાની જાતને વિશિષ્ટ તથા ખાસ બતાવવાનો હેતુ હોય તો એ બુરુ છે.

**મસ્અલા ૩૦ :** ખાવાના સમયે કેટલાક લોકો ઘૂંટણ પર કપડું મૂકે છે કે જો શાકનો રસો ટપકે તો કપડાં ખરાબ ન થાય તો જે કપડું ઘૂંટણ પર મૂકવામાં આવ્યું તે રેશમનું હોય તો નાજાઈઝ છે. રેશમના રૂમાલ નાક વગેરે લૂછવા અથવા વૂઝુ પછી હાથ મોં લૂછવા માટે જાઈઝ છે, એટલે કે તેનાથી લૂછવાનું કામ લેવામાં આવે, રૂમાલની જેમ તેને પાસે ન રાખે અને ઘમંડનો પણ હેતુ ન હોય. *(રદ્દુલ મુહ્તાર)*

www.barkatekhwaja.net

ફિક્હના અન્ય

# ત્રણ મહાન ઈમામો

## વિશે બયાન

### હપ્તો-પ

**લેખક : હઝરત મૌલાના મુફ્તી શફીક્ અહમદ શરીફી** *(દારુલ ઉલૂમ ગરીબ નવાઝ, ઈલાહાબાદ)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

## હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ

આપનું નામ માલિક ઈબ્ને અનસ છે. કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ છે. આપનો લકબ ઈમામે દારુલ હુજરહ્ છે. આપની પયદાઈશ હિ. ૯૦માં થઈ. આપની વફાત હિ. ૧૮૯માં થઈ. આપનું મદફન મદીના મુનવ્વરાના કબ્રસ્તાન જન્નતુલ બક્રીઅમાં આવેલ છે.

**હદીષના દર્સની મહાનતા :** આપ હદીષનો દર્સ આપવાના કામની ખૂબ જ અદબ રાખતા હતા. ગુસ્લ કરીને બાવુઝૂ થઈને બેહતરીન લિબાસ પહેરીને ખુશ્બુ લગાડીને એક ચોકી પર ખૂબ જ આજિઝીની સાથે બેસતા અને જ્યાં સુધી હદીષનો દર્સ આપતા રહેતા ઉદ, લોબાન અગરબત્તીની ધુણી સળગતી રહેતી. એક વખતે દર્સે હદીષ આપતી વખતે આપના કુરતામાં વીંછી પેસી ગયો અને તેણે કેટલીયે વાર આપને ડંખ માર્યો અને આપના ચહેરાનો રંગ બદલાતો રહ્યો પણ આપે હદીષનો એહતેરામ ધ્યાનમાં રાખતાં સબક પણ બંધ ન કર્યો અને ન પાસુ પણ બદલ્યું ! દર્સે હદીષ બાદ કુર્આન શરીફની તિલાવત આપની બહેતરીન કાર્યપ્રવૃત્તી હતી અને એટલી વાર કલામે ઈલાહી ખત્મ કર્યું કે ગણી શકાયુ નહીં.

**આપની ઈલ્મી મહાનતા :** મદીના મુનવ્વરામાં એક નેક ઔરતનો ઈન્તેકાલ થયો, ગુસલ આપવાવાળી સ્ત્રીએ પોતાની કોઈ દુશ્મનીના લીધે તે નેક સ્ત્રીની શર્મગાહ પર હાથ રાખીને એમ કહ્યું કે આ શર્મગાહ કેટલા પ્રમાણમાં ઝિનાકાર (વ્યભિચારી) હતી ? તરત જ ગુસલ દેવાવાળી સ્ત્રીનો હાથ શર્મગાહ સાથે એવો ચોંટી ગયો કે હજારો કોશિશો કરવા છતાં શર્મગાહથી અલગ ન થયો.

મદીનાના તમામ ઉલમા તેનો સબબ જાણવાથી લાચાર રહ્યા પરંતુ ઈમામ માલિકે પોતાના કશ્ફ દ્વારા જાણી લીધુ અને ફર્માવ્યું કે તે ગુસ્લ આપનાર સ્ત્રીને 'હદે કઝફ' એટલે કે તે સજા જે ઈસ્લામમાં ઝિનાનો આક્ષેપ લગાવનાર માટે કરવામાં આવે છે તે લાગુ પાડવામાં આવે. જેથી આપના કહ્યા મુજબ તેને એંસી કોરડાઓ લગાડવામાં આવ્યા તો આપોઆપ તેનો હાથ શર્મગાહથી અલગ થઈ ગયો !

**આપની વફાતની હાલાત :** આપની વફાતની વખતે આખરી મુલાકાતના માટે ઉલમા તથા ફુક્હા તથા મુહદ્દિષીન મૌજૂદ હતા અને સૌ એવું ઈચ્છતા હતા કે કદાચ આખરી સમયે ઈમામ માલિકની નઝરે કરમ પડી જાય અને અમારી દુનિયા તથા આખેરત સંવરી જાય. આ હાલતમાં ઈમામ માલિકે આંખો ખોલી અને યહ્યા ઈબ્ને યહ્યાને સંબોધીને ફર્માવ્યું કે **અલ્હમ્દુલિલ્લાહિલ્લઝી અઝહક વ અબ્ક અમાત વ અહયા** એટલે કે "તમામ તારીફ તે ખુદાના માટે જેણે અમને ખુશી આપીને હસાવ્યા અને ક્યારેક ગમ બતાવીને રડાવ્યા, અમે તેના જ હુકમથી જીવંત રહ્યા અને તેના હુકમ પર જાન કુર્બાન કરીએ છીએ." ત્યાર બાદ ફર્માવ્યું કે, હવે મૌત માથા પર ઉભેલી છે અને ખુદાની મુલાકાતનો સમય નજીક છે. લોકોએ અર્ઝ કરી કે, હે ઈમામ માલિક ! અત્યારે આપનો શું હાલ

www.barkatekhwaja.net

છે ? ઈર્શાદ ફર્માવ્યો કે, અલ્હમ્દુલિલ્લાહ ! હું અવલિયાની સોહબતના કારણે ખૂબ ખુશ છું અને **હું અહલે ઈલ્મ (ઈલ્મવાળાઓ)ને જ અવલિયા સમજુ છું.** યાદ રાખો ! **નબીઓ બાદ ખુદાને ઉલમા (આલિમો)થી વધારે અઝીઝ કોઈ મખ્લૂક઼ નથી,** ઉલમા નબીઓના વારસ છે, અને બેહદ ખુશ દિલ છું કે મારી તમામ ઉમર દીનની પ્રાપ્તિ તથા તા'લીમમાં પસાર થઈ. સાંભળી લો ! **કોઈ મુસલમાનને શરીઅતનો એક મસઅલો બતાવીને તેના આમાલની ઈસ્લાહ કરી દેવી અથવા કોઈ આલિમોથી એક મસ્અલો પૂછીને પોતાના આમાલની ઈસ્લાહ કરી લેવી એક સો હજ્જ (નફલ) અને એકસો જેહાદથી બેહતર સમજુ છું.** ત્યારબાદ આપનો અવાજ મંદ પડી ગયો અને પછી થોડીક મિનિટો પછી આપનો વિસાલ થઈ ગયો.

*(કિતાબે અસ્માઉર્રિજાલ)*

## હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ

આપનુ નામ મુહમ્મદ ઈબ્ને ઈદરીસ ઈબ્ને અબ્બાસ ઈબ્ને ઉષ્માન ઈબ્ને શાફેઅ ઈબ્ને સાઈબ ઈબ્ને ઓબૈદ ઈબ્ને અબ્દે યઝીદ ઈબ્ને હાશિમ અબ્દુલ મુત્તલિબ ઈબ્ને અબદે મુનાફ છે. આપની કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ છે. આપનો લકબ શાફઈ છે. આપના અનુયાયીઓ શાફઈ કહેવાય છે. આપની પયદાઈશ હિ.સ. ૧૫૦ મકામે મિનામાં થઈ. મક્કા મુકર્રમહ્‌માં પરવરિશ પામ્યા. આપની વફાત હિ.સ. ૨૦૪માં થઈ મિસરમાં મઝારે પુરઅન્વાર છે.

**આપની અઝમત તથા બુઝુર્ગી :** બચપણમાં જ આપે ખુદ એ ખ્વાબ જોયો કે હુઝૂર ﷺની પાછળ નમાઝ પઢી, પછી નજીક બોલાવીને હુઝૂર ﷺએ આપને એક ત્રાજવું પોતાની બાયમાંથી કાઢીને અતા ફર્માવ્યું. મક્કા મુકર્રમાના એક તાબીર બતાવનારાએ ખ્વાબની તાબીર બતાવી કે આપ ﷺની સુન્નતોની સાચી પેરવી કરનાર અને હદીષના ઈલ્મમાં ઈમામ થશે.

એકવાર આપે એ પણ ખ્વાબ જોયો કે સરકારે દો આલમ સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺએ પોતાનું લુઆબે દહન (થૂંક મુબારક) આપના મોઢામાં નાખ્યું અને ફર્માવ્યું, જાવ ! ખુદાવંદે તઆલા તમને બરકત અતા ફર્માવે. *(કિતાબે અસ્માઉર્રિજાલ)*

**આપનો તક઼્વો તથા પરહેઝગારી :** આપનો હમેશાં નિયમ હતો કે એક ૧/૩ (ત્રીજા ભાગની) રાત ઊંઘતા અને ૧/૩ રાતમાં ઈબાદત કરતા અને ૧/૩ રાતમાં કિતાબો લખતા, અને **દરરોજ અચુક એક કુર્આન મજીદની તિલાવત કરતા.** જીવનભરમાં કદી કોઈ જૂઠ આપની જીભે નથી આવ્યું ન કદી ક઼સમ ખાધી. સખતથી સખત ઠંડીઓમાં પણ ગુસ્લે જુમ્અહ નથી છોડયું અને સોળ વરસો સુધી સતત પેટ ભરીને ખાવા નથી ખાધું ચોપન (૫૪) વરસની ઉમરે મિસરમાં વફાત પામ્યા.

## હઝરત ઈમામ અહમદ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ

આપનું નામ મુબારક અહમદ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને હંબલ ઈબ્ને બિલાલ ઈબ્ને સઅદ ઈબ્ને ઈદરીસ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને હબ્બાન ઈબ્ને અસદ ઈબ્ને રબીયહ ઈબ્ને નઝ્ઝાર ઈબ્ને મઅદ ઈબ્ને અદનાન છે. હિ.સ. ૧૬૪માં બગદાદ શરીફમાં આપની પયદાઈશ થઈ, આપની વફાત હિ.સ. ૨૪૧માં બગદાદ શરીફમાં થઈ, આપની વય ૭૭ સાલની થઈ.

**આપની અડગતા :** આપના જમાનામાં ખલ્કે કુર્આનનો જબરદસ્ત ફિત્નો ઉભો થયો, તે જમાનામાં એ અક઼ીદો જોર પકડી ગયો કે કુર્આન પણ મખ્લૂક઼ છે. બગદાદના બાદશાહે પણ એ અક઼ીદો અપનાવી લીધો હતો તેના કારણે બગદાદનો શાહ મામૂન રશીદ આપનો વિરોધી બની ગયો હતો. આપને ત્રીસ



www.barkatekhwaja.net

કોરડાઓ લગાડયા. જલ્લાદે જ્યારે આપને પહેલો કોરડો માર્યો તો આપ ઊંચા અવાજે **બિસ્મિલ્લાહ** પઢયા, જ્યારે બીજા કોરડા પર **લાહવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ** પઢયા, ત્રીજા કોરડો પડો તો **અલકુર્આનુ કલામુલ્લાહિ ગયરૂ મખ્લૂક્** ફર્માવ્યું અને ચોથા કોરડાની માર પર **લય્યુસીબના ઈલ્લા મા કતબલ્લાહુ લના** પઢયા. આ પ્રમાણે જલ્લાદે ૨૯ કોરડાઓ આપની પીઠ પર લગાડયા અને તે હાલતમાં એક અજબની કરામત આપનાથી જાહેર થઈ કે તમામ બગદાદવાળાઓ આશ્ચર્યમાં રહી ગયા. કોરડાઓની મારથી આપનું કમરબંધ (નાડુ) તૂટી ગયું અને પાયજામો નીચે સરકવા લાગ્યો અને આપના બંને હાથો બાંધેલા હતા તે વખતે આપે આસમાનની તરફ માથુ ઉઠાવ્યું અને આપના હોઠ હાલવા લાગ્યા. એકાએક આપનો પાયજામો આપોઆપ ઉપર ચડી ગયો અને કમરબંધ તૂટી જવા છતાં પાયજામો પોતાની જગાએ કાયમ રહ્યો અને કોઈએ આપનું સતર જોયું નહીં ! *(અસ્માઉર્રિજાલ)*

મૈમૂન ઈબ્ને અસબહ કહે છે કે, હું એક અઠવાડિયા પછી ઈમામ અહમદની સેવામાં હાજર થયો તો મેં પૂછયું, આપે કમરબંદ તૂટયા બાદ આસમાન તરફ માથુ ઉઠાવીને કઈ દુઆ પઢી હતી ? તો આપે જવાબ આપ્યો કે મેં ખુદાથી એ દુઆ કરી કે, ઈલાહી ! જો હું હક્ક્ પર હોઉં તો મારી પર્દોપોશી ફર્માવ અને તારા બંદાઓ સમક્ષ રુસ્વાઈ (બેઈજ્જતી)થી બચાવ ! જો હઝરત ઈમામ આ ફિત્નાને દબાવવા માટે જાનની બાજી ન લગાડતા તો હજારો મુસલમાન કાફિર થઈ જાત અને બદ્અક્રીદગી અને બદ્દીની વધી જાત. મુસલમાનોએ જોઈએ કે આવા બદ્અક્રીદા લોકોને કચડવા માટે દરેક વખતે તૈયાર રહે જેથી ફિત્નો ન વધે.

**આપનો તક્વો તથા ઈબાદત :** આખી આખી રાત ઈબાદતમાં પસાર કરી દેતા, દરરોજ ૩૦૦ રકાત નફલ નમાઝ પઢતા હતા પણ જ્યારે કોરડાઓના મારથી બેહાલ થઈ ગયા તો રોજ ૧૫૦ રકાત પઢવા લાગ્યા. આપે પાંચ હજ્જ પૂરી ત્રણ પગપાળા અને બે હજ્જ સવારી પર. આપના અનુયાયીઓ હંબલી કહેવાય છે. હઝરત પીરાને પીર દસ્તગીર ગૌષે આ'ઝમ કુત્બે આલમ મોહયુદ્દીન અબૂ મુહમ્મદ શયખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہ પણ હંબલી મઝહબવાળા હતા. *(અસ્માઉર્રિજાલ)*

**આપની મોત :** આપની મૌત પણ હજારો કાફિરો માટે હિદાયત તથા ઈમાનનો સબબ બની. જ્યારે આપનો વિસાલ થયો તો **આપની નમાઝે જનાઝામાં પચ્ચીસ લાખ મુસલમાનો શરીક થયા અને આપના વિસાલના દિવસે નમાઝે જનાઝા તથા દફનના દશ્યથી પ્રભાવિત થઈને વીસ હજાર કાફિરો મુસલમાન થયા.** હઝરત સૈયદના ઈમામ શાફઈએ આપનો તે કુરતો ધોઈ પી લીધો હતો જેમાં આપને કોરડાઓ મારવામાં આવ્યા હતા. **૨૩૦ વર્ષો પછી જ્યારે આપની ક્બ્ર ખુલી ગઈ તો આપનું જિસ્મ શરીફ તથા કફન શરીફ બિલકુલ તાજુ અને નવુ જણાતુ હતું.** *(મિર્અતુલ મનાજીહ)*

**મુસલમાનો વિચાર કરો ! :** કેટલા પાકીઝા અને નેક લોકો હતા જેમના થકી ઈસ્લામ રોશન તથા મુનવ્વર થયો. તે જ ઉલમાએ એહલે સુન્નતની બરકતથી આજે પણ ઈસ્લામ ઝિંદા છે અને કયામત લગી ઝિંદા રહેશે. તમે પણ ઉલમાએ એહલે સુન્નતનો દામન મજબૂતીથી પકડી રાખો તો ખાતમો ઈમાન પર થશે, ઈન્શાઅલ્લાહ !

**યાદ રાખો :** આ ચારેય ઈમામ મુજતહિદ અને સાહિબે મઝહબ છે. અને તમામ ઉમ્મતનો ઈત્તેફાક છે કે ચારેય ઈમામ બરહક્ક્ છે. જેઓ ચાર ઈમામોમાંથી કોઈ એકની તકલીદ ન કરે તે ગૈરમુક્લ્લિદ છે, ગુમરાહ છે, બેદીન છે. ....*(સંપૂર્ણ)*



www.barkatekhwaja.net

# ચરિત્રવાન સમાજનું

## ★ ઘડતર કેવી રીતે થાય ? ★

**અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

ઈસ્લામ અલ્લાહનો તે પસંદીદા મઝહબ છે જે માણસને બેહયાઈઓ, બુરાઈઓ તથા દરેક પ્રકારના ગુનાહોથી બચાવવા ચાહે છે. યાદ રાખશો કે કોઈ પણ મઝહબનો અનુયાયી ગુનાહ કરીને સુકૂન હાંસલ નથી કરી શકતો. ગુનાહોની નહૂસતથી દિલનું સુકૂન છિનવાઈ જાય છે અને ગુનેહગાર માણસ દુનિયાની નજરોમાંથી પછી ઉતરે છે, ખુદ પોતાની જ નજરોએથી સૌથી પહેલો ઉતરી જાય છે. (તેનું અંતર જ તેને નીચ કહે છે !) **આજે પૂરી શક્તિ એના માટે ખર્ચવામાં આવી રહી છે કે સમાજની અંદર પવિત્ર વિચારણા અને સારું ચિંતન ધરાવનારા શખ્સ ન રહે.** ઝિના (વ્યભિચાર) સામાન્ય થઈ રહ્યો છે, બદકારી આમ થઈ રહી છે, બેહયાઈઓ તથા બુરાઈઓ એટલા પ્રમાણમાં ફેલાઈ રહી છે કે શરીફ ઈન્સાનનું બચીને પસાર થવું મુશ્કેલ છે. એના અનુસંધાનમાં કુર્આને જે અમૂલ્ય ઉસૂલ (નિયમો) અર્પણ કર્યા છે તેના પર જો લોકો અમલ કરતા થઈ જાય તો સમાજ પર સુકૂન અને દષ્ટાંતરૂપ બની શકે છે.

સૂરએ નૂર તે મહત્વની સૂરત છે જેના વિષયો (લખાણો) પર અમલ કરવાની તાકીદ હદીષમાં આવી છે. હદીષ પાકમાં છે કે, **"પોતાની દીકરીઓને સૂરએ નૂરની તાલીમ આપો."** આ સૂરતમાં એવી અણમોલ તાલીમાત મૌજૂદ છે જેના પર અમલ કરતા થવાથી ગુનાહ વિદાય લઈ લેશે અને જિંદગી પાકીઝા થઈ જશે. સૌ પ્રથમ ઝિનાની સજા વર્ણવવામાં આવી, કેમ કે માણસ સજાની કલ્પનાથી ગુનાહથી બચે છે. ઝાની તથા ઝાનિયા (વ્યભિચારી પુરૂષ તથા સ્ત્રી)ને સંગસાર કરવાની (પથ્થરોથી મારવાની) અથવા સો કોરડા લગાડવાનો હુકમ આપવામાં આવ્યો. એ જ પ્રમાણે ચોરી કરનારાની સજા કુર્આને હાથ કાપવાની વર્ણવી આપેલ છે. ઈસ્લામી સલ્તનતમાં જ્યારે આ સજાને લાગુ પાડવામાં આવી તો ઝિનાના ખયાલથી તથા ચોરીના ખયાલથી લોકો કાંપી ઉઠતા હતા અને ગુનાહથી બચી જતા હતા.

આટલી સખત સજા શા માટે નિશ્ચિત કરવામાં આવી ? જવાબ એ છે કે ઝિના જેવા ગુનાહથી તેના પૂરા વજૂદે લિજ્જત હાંસલ કરી હતી એટલા માટે તેના પૂરા બદન પર સજાની અસર પર થવી જોઈએ. જ્યારે ઝાની પર વર્ણવેલ સજા લાગુ કરી દેવામાં આવે છે તો હવે ગુનાહોથી પાક થઈ જાય છે, આખેરતની સજાથી મેહફૂઝ થઈ જાય છે, હવે એ ઈસ્લામની દષ્ટિએ ભલુબુરુ, કહેવાને પાત્ર તથા નફરતને પાત્ર નથી રહેતો.

બેહયાઈથી બચવાનો બીજો નુસ્ખો કુર્આને આ બતાવ્યો : બદકાર પુરૂષ નિકાહ ન કરે પણ બદકાર સ્ત્રી અથવા શિર્કવાળી સાથે. અને બદકાર સ્ત્રી સાથે નિકાહ ન કરશે પણ બદકાર પુરૂષ અથવા મુશ્રિક. અને એ કામ ઈમાનવાળાઓ માટે હરામ છે. *(કન્ઝુલ ઈમાન)*

આજે સમાજમાં ધ્યાનપૂર્વક જોઈએ તો ખબર પડી જશે કે નિકાહ બાદમાં થાય છે અને ઝિના જેવો ગુનોહ પ્રથમ થઈ ચૂક્યો હોય છે. ઉપરોક્ત આયતમાં ઝિનાની ખરાબી તથા બુરાઈનું વર્ણન છે કે બદકાર સ્ત્રી સાથે કોઈ શરીફ ઈન્સાન નિકાહ કરવાનું માન્ય કરશે નહીં એનાથી પણ ઈસ્લામે રોક્યું જેથી સમાજમાં બેહયાઈ ન ફેલાય. ઈસ્લામની શરૂઆતમાં ઝાનિયા (વ્યભિચારી સ્ત્રી) સાથે નિકાહ કરવો હરામ હતો, બાદમાં આયત وَاَنْكِحُوا الْاَيَامٰى مِنْكُمْ થી મન્સૂખ થઈ ગયું.

રબ્બે કદીર સૂરએ નૂરની આયત નં. ૪માં **પાક દામન સ્ત્રીઓ પર આક્ષેપ લગાડનારાઓની સજા** વર્ણવતાં ફર્માવે છે : "અને જે પારસા સ્ત્રી પર અયબ લગાડે પછી ચાર ગવાહ ચશ્મદીદ ન લાવે તો તેમને ૮૦ કોરડા મારો, અને તેમની ગવાહી કદી ન માનો, અને તેઓ જ ફાસિક છે." (કન્ઝુલ ઈમાન) કુર્આને તો બુરા ગુમાનથી પણ મના કર્યું છે : "કેમ ન થયું જ્યારે તમે એને સાંભળ્યુ હતુ કે મુસલમાન પુરૂષો તથા મુસલમાન સ્ત્રીઓએ પોતાનાંઓ પર નેક ગુમાન કર્યું હોત, અને કહેત કે આ ઉઘાડુ બોહતાન છે." *(કન્ઝુલ ઈમાન)*

આજે સમાજનો એ હાલ છે કે ગલીઓમાંથી શરીફ છોકરીઓનું હિફાઝત સાથે નીકળવું મુશ્કેલ થઈ રહ્યું છે. બદમાશ આવારા છોકરા શૈતાનની જેમ ખાય જનારી નજરો વડે ઘૂરતા જોવા મળે છે. ખયરે કુરૂન (ભલાઈના યુગ)નો તે દૌર યાદ કરો જ્યારે સ્ત્રીઓને ઈસ્લામે રક્ષણ આપ્યું.

આકા કરીમ ﷺને મૌલા અલી کرم اللہ وجہہ الکریم એ અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ અમને કેવી રીતે ખબર પડે કે ઈસ્લામનો પયગામ સૌના સુધી પહોંચી ચૂક્યો છે ? મારા આકા ﷺએ ફર્માવ્યું કે, "સન્આથી હઝરમૂત સુધી એક સ્ત્રી એકલી સફર કરે અને તેણીના દિલમાં કોઈનો ડર ન હોય તો સમજી લો કે ઈસ્લામનો પયગામ સૌના સુધી પહોંચી ચૂક્યો છે.

સમાજમાંથી ઝિના, બેહયાઈ, બોહતાન તથા બદનઝરીનો ખાત્મો થવો જોઈએ તો ચરિત્રવાન સમાજ ઘડતર પામી શકે છે. અલ્લાહ પાક મુસ્લિમ કૌમને હિદાયત નસીબ કરે અને ફિસ્કો ફુજૂર (ગુનાહિત પ્રવૃત્તિઓ)થી દૂર કરે. આમીન..

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, નવે. ડિસે. ૨૦૨૨)*

www.barkatekhwaja.net



# ઈમ્તિનાએ નઝીર એટલે હુઝૂર ﷺ ના જેવા પેદા થવું અશક્ય છે

હપ્તો બીજો

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર દારુલ ઈફતા જામિઆ અશરફિયા-મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

**★ ખાતમુલ અંબિયાની ૨૪ ખાસ ખૂબીઓ જેમાં બીજાની શિર્કત શક્ય નથી ★**

મને આ ફત્વાની ખબરના એક અરસા પછી ઉસ્તાઝે મુત્લક઼ હઝરત અલ્લામા ફઝ્લે હક઼્ક઼ ખૈરાબાદી رحمۃ اللہ علیہની લાજવાબ કિતાબ "ઈમ્તિનાઉન્નઝીર" મળી અને મને એની જોવાની પહેલેથી આતુરતા પણ હતી. એમાં ઘણી જ વિગતવાર આપે આ દલીલ વર્ણવી છે. આપે આ જગાએ હુઝૂર ખાતમુલ અંબિયા ﷺના એવા ૨૪ અવસાફ (ખૂબીઓ) ભેગી કરેલ છે જે બીજા સાથે સંયુક્ત નથી થઈ શકતી, બીજા શબ્દોમાં તે બેની (બીજાઓની) ખૂબી નથી બની શકતી. તે ખાસ ખૂબીઓ આપે આ ક્રમ હેઠળ ગણાવી છે :

(૦૧) સર્વ આલમની તરફ આપનું મબઊષ થવું (આપને મોકલવું). રબ તઆલાનો ઈર્શાદ છે : لِيَكُونَ لِلْعٰلَمِينَ نَذِيرًا "કે જેથી રસૂલ આલમને ડર સંભળાવે." *(સૂ. ફુર્ક઼ાન, ૨૫/૧)* રસૂલે પાક ﷺનું ફર્માન છે : હું પૂરી મખ્લૂક઼ની તરફ મબઊષ થયો. (મોકલવામાં આવ્યો)

(૦૨) રહમતુલ્ લિલ્આલમીન હોવું.

(૦૩) આપના નૂરનું અલ્લાહની સૌ પ્રથમ મખ્લૂક઼ હોવું.

(૦૪) સર્જનના લેહાઝથી આપનું અંબિયા (નબીઓ) પહેલાં હોવું.

(૦૫) સૌ પ્રથમ કબરથી બહાર આવવું.

(૦૬) સૌ પ્રથમ ક઼યામતની ભયાનકતાથી હોશમાં આવવું. أوّلَ مَن يفيق من الصعقة

(૦૭) સૌ પ્રથમ આપને સિજદાની ઈજાઝત હાંસલ થવું.

(૦૮) સૌ પ્રથમ આપનું સજદાથી માથુ ઉઠાવવું.

(૦૯) સૌ પ્રથમ આપનું અલ્લાહ ﷻનો મુશાહેદો ફર્માવવું (જોવું).

(૧૦) સૌ પ્રથમ શફાઅત કરનાર.

(૧૧) સૌ પ્રથમ આપની શફાઅતનું મક઼બૂલ થવું.

(૧૨) સૌ પ્રથમ આપનું જન્નતની ઝંજીરોનું હલાવવું.

(૧૩) સૌ પ્રથમ જન્નતના દરવાજાને ખટખટાવવું.

(૧૪) સૌ પ્રથમ જન્નતનો દરવાજો આપના માટે ખોલવામાં આવશે.

(૧૫) સૌ પ્રથમ ઉમ્મતને પુલસિરાતથી પસાર કરવું.

(૧૬) વસીલાના બુલંદ રૂત્બાથી ખાસ આપનું સરફરાઝ થવું.

(૧૭) આં હઝરત ﷺનું અલ્લાહ ﷻના યમીને કુદ્સમાં અર્શની જમણી બાજુ એવા મક઼ામ પર ઉભા થવું જ્યાં આપના સિવાય કોઈ ઉભો નહીં થાય અને સર્વ આગલા પાછલા આ મક઼ામ પર આપના સરફરાઝ થવા પર રશ્ક કરશે.

(૧૮) ક઼યામતના દિવસે સર્વ અંબિયાએ કિરામ علیہم السلامનું આપના લવાએ હમ્દની નીચે હોવું.

(૧૯) શફાએ કુબરા (જે સરકાર ﷺની સાથે ખાસ છે અને સર્વ અવ્વલીન તથા આખરીનના માટે હશે.)

(૨૦) અલ્લાહ ﷻની નજીક આપનું સર્વ અવ્વલીન તથા આખરીનમાં સૌથી વધુ ઈજ્જત તથા શાનવાળા હોવું.

www.barkatekhwaja.net

(૨૧) ક઼યામતના દિવસે આપનું સર્વ લોકાના સરદાર હોવું.

(૨૨, ૨૩) ક઼યામતના દિવસે તમામ અંબિયાએ કિરામ عَلَیۡہِمُ السَّلَام ના ઈમામ તથા શફીઅ હોવું.

(૨૪) તમામ અખ્લાક઼ની ખૂબીઓ (સારી આદતો) અને અમલોની અચ્છાઈઓની પરિપૂર્ણતા કરવી.

પછી આપે ખાસ અંદાઝમાં ઘણી જ ખૂબીપૂર્વક એ વાતની સ્પષ્ટતા કરી કે કોઈ પણ શખ્સ આ અવસાફ (ગુણો, ખૂબીઓ)માં હુઝૂર ﷺનો શરીક નથી થઈ શકતો, કેમ કે કોઈને આ ખૂબીઓમાં હુઝૂર ﷺનો શરીક ઠરાવવું તેના અન્‌અસ્તિત્વને લાઝિમ છે કે તે શરીક પણ હોય અને શરીક ન પણ હોય. અને આ મુહાલ (અશક્ય) બિઝ્ઝાત છે. વધુ વિગત માટે મૂળ કિતાબ જુઓ : ઈમ્તેનાઉન્નઝીર ફારસી, પેજ ૫૧૮ થી ૫૨૧, ઈમામ અહમદ રઝા એકેડમી બરેલી શરીફ. આ તેનો જ ઉર્દૂમાં સંક્ષિપ્ત અનુવાદ છે.

## ★ ઈમ્તિનાઉન્નઝીરની દલીલ પર વાંધા અને તેના સંતોષકારક જવાબ ★

એના પર સમયના કેટલાક લોકોએ વાંધા કરેલા છે કે કુર્આને પાકમાં હુઝૂર ﷺને ખાતમુન્નબીય્યીન ફર્માવવામાં આવ્યા એટલા માટે આપના જેવું થવું મુહાલુ બિલ્ગૈર (ગૈર સાથે અશક્ય) છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہની દલીલની ચર્ચાથી આ વાત ઉડી જાય છે.

આપની ચર્ચાનો સાર એ છે કે કુર્આની નસ (આયત) وَخَاتَمَ النَّبِيِّينَ (ખાતમુન્નબીય્યીન) પર દલીલ મૌકૂફ (આધારિત) નથી, કેમ કે હુઝૂર સૈયદે આલમ ﷺના માટે આ કમાલની ખૂબી કુર્આનના નુઝૂલ પહેલાં અઝલ (હમેશાંથી)માં પણ સાબિત છે અને અઝલમાં પણ શબ્દ ખાતમ બીજાની ખૂબી બનવાને પાત્ર ન હતો. અને આ ખૂબીની સાબિતી વિના બીજાનું હુઝૂર ﷺના જેવા બનવું મુહાલ બિઝ્ઝાત (અશક્ય) છે.

## ★ એક અન્ય શંકાનો જવાબ ★

આ ચર્ચાથી એ વાત પણ ખુલી ગઈ કે હુઝૂર સરવરે આલમ ﷺના તે ગુણો જે આપની સાથે ખાસ નથી, જેમ કે : માનવ હોવું, નઝીર (ડરાવનાર, ખુદાના ખૌફવાળા) હોવું વગેરે, તે હુઝૂર ﷺ સિવાય અન્યોમાં જોવા મળી શકે છે, બલ્કે જોવા મળે છે. જેમ કે કુર્આને હકીમમાં છે. قُلْ اِنَّمَآ اَنَا بَشَرٌ مِّثْلُكُمْ હે મહબૂબ ! ફર્માવી દો કે હું તમારા જેવો બશર (માણસ) છું. *(સૂ. કહફ, ૧૮/૧૧૦)*

એ જ પ્રમાણે "નઝીર" હોવું હુઝૂર ﷺની સાથે ખાસ નથી, અલ્લાહ તઆલાએ નબીઓ તથા રસૂલોને નઝીર (ડર સંભળાવનાર) બનાવીને મોકલ્યા અને દરેક ઉમ્મતમાં મોકલ્યા અને દરેક ઉમ્મતમાં મોકલ્યા છે. એની સાક્ષીઓ કુર્આન હકીમમાં ઠેક ઠેકાણે છે. દા.ત. :

સૂરએ ફાતિરમાં છે :–

اِنَّآ اَرْسَلْنٰكَ بِالْحَقِّ بَشِيْرًا وَّ نَذِيْرًا ؕ وَ اِنْ مِّنْ اُمَّةٍ اِلَّا خَلَا فِيْهَا نَذِيْرٌ ﴿۲۴﴾

"હે મહબૂબ ! બેશક ! અમે તમને હક઼્ક઼ની સાથે મોકલ્યા, ખુશ ખબરી આપનાર અને ડર સાંભળાવતા અને જે કોઈ ગિરોહ હતો સૌમાં એક ડર સાંભળાવનાર થઈ ગયો." *(સૂ. ફાતિર, ૩૫/૨૪)*

સૂરએ રઅદમાં ફર્માવવામાં આવ્યું : اِنَّمَآ اَنْتَ مُنْذِرٌ وَّلِكُلِّ قَوْمٍ هَادٍ ﴿۷﴾ "તમે તો ડર સંભળાવનારા છો અને દરેક કૌમના માર્ગદર્શક (હાદી)." *(સૂ. રઅદ, ૧૩/૭)*

સૂ. નહ્‌લમાં એનો ઉલ્લેખ આ પ્રમાણે છે :–

وَ لَقَدْ بَعَثْنَا فِيْ كُلِّ اُمَّةٍ رَّسُوْلًا اَنِ اعْبُدُوا اللّٰهَ وَ اجْتَنِبُوا الطَّاغُوْتَ ۚ فَمِنْهُمْ مَّنْ هَدَى اللّٰهُ وَ مِنْهُمْ مَّنْ حَقَّتْ عَلَيْهِ الضَّلٰلَةُ ؕ



www.barkatekhwaja.net

"અને બેશક ! દરેક ઉમ્મતમાં અમે એક રસૂલ મોકલ્યા કે અલ્લાહને પૂજો અને શૈતાનથી બચો. તો એમનામાંથી કોઈને અલ્લાહે રાહ બતાવી ને કોઈના પર ગુમરાહી બરાબર ઉતરી." *(સૂ. નહ્લ, ૧૬/૩૬)*

હવે કોઈ કહે કે હુઝૂરની જેમ હજારો નઝીર (ડર સાંભળનારા) અને લાખો માણસ છે, જેઓ નઝીર તથા બશર (માણસ) થવામાં આપના જેવા છે, તો એ સહીહ છે. પણ એ કે સર્વ કમાલની ખૂબીઓમાં હુઝૂર ﷺ જેવા હજારો છે, અથવા થઈ શકે છે, એ ગલત છે. કેમ કે સર્વ કમાલની ખૂબીઓ (અવસાફ)માં તે ઉચ્ચ ખૂબીઓ પણ છે જે હુઝૂર સાથે ખાસ છે, અને એમનામાં હુઝૂરના બરાબર કે સમાન કદી ન થયો, ન છે, ન થઈ શકે છે.

## ★ વહાબીઓની દલીલો ★

"હુઝૂર સૈયદે આલમ ﷺના બરાબર કરોડો નબી પેદા થઈ શકે છે." પોતાના આ અકીદા પર વહાબી અહલે હદીષ ફિર્કાના ઈમામે (ઈસ્માઈલ દહેલ્વીએ) બે નકલી દલીલો પેશ કરી છે, જેને નકલ કરીને અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી رحمۃ اللہ علیہએ ખૂબ જ સ્પષ્ટ તથા તેહકીકી જવાબો આપ્યા છે. અમે અહીં તેમની જ કિતાબ "તહકીકુલ ફતાવા"થી ઈમામે વહાબિયાની બંને દલીલો જવાબો સાથે પેશ કરીએ છીએ. આપ ફર્માવે છે :

## ★ "હુઝૂર જેવા થઈ શકે"ની પહેલી નકલી દલીલ ★

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

اَوَ لَيْسَ الَّذِىْ خَلَقَ السَّمٰوٰتِ وَ الْاَرْضَ بِقٰدِرٍ عَلٰٓى اَنْ يَّخْلُقَ مِثْلَهُمْ ؕ بَلٰى ۗ وَ هُوَ الْخَلّٰقُ الْعَلِيْمُ ﴿۸۱﴾ اِنَّمَآ اَمْرُهٗۤ اِذَاۤ اَرَادَ شَيْـًٔا اَنْ يَّقُوْلَ لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿۸۲﴾

"અને શું તે જેણે આસ્માન તથા જમીન બનાવ્યાં એનાં જેવાં અધિક નથી બનાવી શકતો ? કેમ નહીં ! અને તે જ છે મહાન પેદા કરનાર, સર્વ કાંઈ જાણનાર. એનું કામ તો એ જ છે કે જયારે કોઈ ચીજને ચાહે, તો તેને કહે "થઈ જા" તે તુરત થઈ જાય છે."

*(સૂ. યાસીન, ૩૬/૮૧, ૮૨)*

مِثْلَهُمْની ઝમીરે જમા મુઝક્કર, સર્વ ઈન્સાનોની તરફ રાજેઅ છે, કેમ કે આયતે કરીમા કયામતના બયાનમાં આવેલ છે, જેથી જે કયામતમાં જીવંત થશે તે વર્ણવેલ આયતના હેઠળ દાખલ થશે, અને જાહેર છે કે દરેક માનવ વ્યક્તિ કયામતમાં જીવંત થનાર છે, જેથી આયતે કરીમાના મુકતદાના પ્રમાણે દરેક વ્યક્તિનુ મિષ્લ (ના જેવું) ખુદાના કુદરત હેઠળ દાખલ થશે. જાણે દલીલનો ક્રમ આ પ્રમાણે થશે કે :

★ આ હઝરત કયામતના દિવસે જીવંત થશે અને આ જરૂરીયાતે દીનથી છે.

★ અને જે શખ્સ કયામતના દિવસે જીવંત થશે, આયતે કરીમા પ્રમાણે તેના જેવો કુદરતે ઈલાહીના હેઠળ સામેલ છે.

(પરિણામ) જેથી નબી કરીમ ﷺના મિષ્લ (જેવા થવું) કુદરતે ઈલાહી હેઠળ સામેલ છે. અને આ જ હેતુ છે. (આ વહાબીઓના દલીલ છે)

## :: જવાબ ::

આ અજબની દલીલ છે જે આગલી પાછલી સર્વ દલીલોની પ્રતિષ્ઠાને ધૂળમાં મિલાવી રહેલ છે. આ આયતે કુર્આનની તફસીર નથી. અલ્બત્ત કાઈલ (કહેનાર)ની તફસીરની જાણકારીની નિશાની જરૂર છે.

અલ્લામા બયઝાવી ફર્માવે છે : (જે ઝાતે કરીમાએ આસ્માનો તથા જમીનોને પેદા કરી) તેમના શરીરોની મોટાઈ અને શાનની અઝમતના છતાં (શું એ એના પર કાદિર નથી કે તેમના જેવી વ્યક્તિઓ પેદા કરે) જેઓ જમીન તથા આસમાનની સરખામણીમાં ઘણા જ નાના હોય, અથવા ઉસૂલે ઝાત અને સિફાતે ઝાતમાં એમના જેવા હોય."

કાફિર અને હશ્રે જિસ્માનીના મુન્કિર કહેતા હતા : مَنۡ يُّحۡىِ الۡعِظٰمَ وَهِىَ رَمِيۡمٌ ''સડેલાં હાડકાંને કોણ જીવંત કરશો ?'' *(સૂ. યાસીન, ૩૬/૭૮)*

આ આયતે કરીમા હશ્રે જિસ્માનીના એ મુન્કિરોના ઈન્કારને (વહેમને) દૂર કરવા માટે છે અને એનો અર્થ એ છે કે જેણે અઝીમુશશાન અને મોટા મોટા શરીરોવાળાં જમીન તથા આસ્માનને પેદા કર્યાં તો શું તે એના પર ક઼ાદિર નથી કે તે ઈન્સાનોના નાના ક઼દવાળા મામૂલી નમૂનાઓને પેદા કરી આપે, અથવા જાતના ઉસૂલ તથા સિફતોમાં તેમના જેવા પેદા કરી આપે ?

હા ! તે એના પર ક઼ાદિર છે, તે પેદા કરનાર, જાણનાર છે. એની શાન એ છે કે તે જ્યારે કોઈ ચીજનો ઈરાદો કરે છે તો ફર્માવે છે, થઈ જા ! તો તે પેદા થઈ જાય છે.

જેથી આ આયતની દલીલ એ છે કે અલ્લાહ તઆલા શરીરોને ફરીથી જીવંત કરવા પર ક઼ાદિર (શક્તિમાન) છે અને મુન્કિરોના વહેમને દૂર કરવાનો હેતુ છે.

અને આ જગાએ ''મિષ્લ'' (ના જેવા)થી મુરાદ એ છે :–

★ જે શરીરના ભાગો અને શરીરથી સંબંધિત સિફતો (ખાસિયતો)માં સમાન હોય.

★ અથવા ઓછા કદ અને મામૂલી હોવામાં સમાન હોય, ન કે સર્વ કમાલોમાં સમાન સમાન હોય, કેમ કે હશ્રે જિસ્માની અને શરીરના ફરી બનવાથી સર્વ કમાલોમાં સમાન હોવાનો ઉલ્લેખ કોઈ રીતે સંબંધ કે મુનાસિબત નથી ધરાવતો.

જેથી આ આયતનો મતલબ એ છે કે શરીરના ભાગો અને તેની સાથે સંબંધ રાખનાર બાબતો અથવા મોટાઈ તથા માત્રા (માપ) દરેક માનવ વ્યક્તિના સમાન, કુદરતે ઈલાહીના હેઠળ સામેલ છે. એવા સ્થાનોએ ''મિષ્લ'' (ના જેવા) શબ્દથી સર્વ કમાલોમાં સમાન સમજવું આલિમોની શાનને શોભા આપતુ નથી.

આશ્ચર્યની વાત છે કે આ કાઈલે (કહેનારે) આ આયતમાં આવેલ શબ્દથી સર્વ કમાલોમાં સમાન સમજીને દલીલ કાયમ કરવામાં મહેનતથી કામ લીધું છે, આસાન એ હતું કે અલ્લાહ તઆલાના ઈર્શાદ : اِنَّمَاۤ اَنَا بَشَرٌ مِّثۡلُكُمۡ (જાહેરી માનવ સ્વરૂપમાં તો હું તમારા જેવો છું. સૂ. કહફ, ૧૮/૧૧૦)થી દલીલ કરતા. આ આયત હુઝૂરની સમાનતાની શક્યતા શું બલ્કે ખરેખર હોવા પર દલીલ પૂરી પાડે છે અને ''મિષ્લ'' શબ્દ આ આયતમાં પણ આવેલો છે અને ''મિષ્લ'' શબ્દનો અર્થ જલ્દી સમજાય જાય એવો છે, આ કાઈલ (કહેનાર)ના દિમાગમાં એ જ છે જેને સાબિત કરવાના એ પેંતરામાં છે. વક્ર દષ્ટિ અને બદએતેક઼ાદીથી ખુદાની પનાહ ! અને એનાથી હિદાયત અને સીધાપણાની તૌફીક છે. (ક્રમશઃ)

www.barkatekhwaja.net


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : **રૂા. ૫૦૦/–** *(ટપાલ/કુરીયર ખર્ચ રૂા.૧૦૦ અલગ)*

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, ગુજરાત,
**મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૬૬૪૫ ૨૧૪૭૭**

| બેંકની વિગત | બેંક ઓફ બરોડા દયાદરા બ્રાન્ચ | A/c. No. 34620100000303, Razvi Kitab Ghar | IFSC Code : BARB0DAYADR | PhonePe Paytm/GPay Mo. 94274 64411 |
|---|---|---|---|---|

# બાતિલ ફિર્કાવાળાઓના ગલત તર્જુમા

# (અને) કન્ઝુલ ઈમાન

**રજૂકર્તા : જનાબ સિરાજભાઈ લોખંડવાલા**
*(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–ભાવનગર)*

બાતિલ ફિર્કાવાળાઓ થકી કુર્આને પાકના તર્જુમાઓમાં અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની ગુસ્તાખીઓના નમૂના અગાઉ પણ સુન્ની અવામ સમક્ષ રજૂ થયેલ છે. અત્યારે અલ્લાહની શાનમાં ગુસ્તાખીપૂર્ણ તર્જુમાની ઝલક જુઓ અને આ'લા હઝરત رحمۃ اللہ علیہના અદબપૂર્ણ તર્જુમાઓ જુઓ અને બદઅકીદાઓથી દૂર રહી તમારા ઈમાનને બચાવો ! *–તંત્રી...*

## (૩) અલ્લાહ તઆલાની તરફ ભૂલની નિસ્બત

**અલ્ કુર્આન :–**

قَالَ كَذٰلِكَ اَتَتْكَ اٰيٰتُنَا فَنَسِيْتَهَا ۚ وَ كَذٰلِكَ الْيَوْمَ تُنْسٰى ﴿۱۲۶﴾

*(પારા–૧૬, સૂરએ તાહા, આયત નં. ૧૨૬)*

**જે લોકોએ કુર્આનનો ખોટો તર્જુમો કર્યો તે:**

૦૧. તબ્લીગી જમાઅતના મોલવી મહેમૂદુલ હસન દેવબંદીનો તર્જુમો (ઉર્દૂ) :–

❑ "ફર્માયા યૂં નહીં પહોંચી થી તુજકો હમારી આયતેં ફિર તૂને ઉન્કો ભૂલા દિયા, ઔર ઈસી તરહ આજ તુજકો ભૂલા દેંગે." *(હવાલા : હરમૈન શરીફૈન, શાહ ફહદ કુર્આન શરીફ પ્રિન્ટીંગ, કોમ્પલેક્ષ, મદીના મુનવ્વરા, ઈ.સ. ૧૯૯૩, સઉદી અરબ)*

***(નૉટ** : આ આયતની તફસીર કરતાં મોલવી બશીર અહમદ સાહબ ઉષ્માની લખે છે કે, આજ ઉસી તરહ તુજ કો ભૂલાયા જા રહા હૈ)*

૦૨. એહલે હદીષના મોલવી મુહમ્મદ જુનાગઢીનો તર્જુમો (ઉર્દૂ) :–

❑ "(જવાબ મિલેગા કે) ઈસી તરહ હોના ચાહીયે થા તૂ મેરી આઈ હુઈ આયતોં કો ભૂલ ગયા તો આજ તૂ ભી ભૂલા દિયા જાતા હૈ." *(હવાલો : હરમૈન શરીફૈન, શાહ ફહદ, કુર્આન શરીફ પ્રિન્ટીંગ કોમ્પલેક્ષ, મદીના મુનવ્વરા, હિજરી ૧૪૩૦, સઉદી અરબ)*

૦૩. તબ્લીગી જમાતના મૌલાના અબ્દુર્રહીમ મો. ગુલામ મુહમ્મદ સાદિક્નો તર્જુમો (ગુજરાતી) :–

❑ "(અલ્લાહ) ફર્માવશે, એવી જ રીતે તારી પાસે અમારી આયતો આવી હતી તો તું તેને ભૂલી ગયો અને એવી જ રીતે આજે તું વિસરાઈ જશે." *(હવાલો : કુર્આને મજીદ, ગુજરાતી તર્જુમો અને તફસીર પારા ૧૧ થી ૨૦, ભાગ–૨, પ્રકાશન નં. ૩૭૦, આવૃત્તિ : ત્રીજી, વર્ષ–૨૦૦૫, પ્રકાશન વિભાગ, દારુલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિય્યહ, ભરૂચ)*

૦૪. મોલવી અઝીઝુલ્લાહ હમીદુલ્લાહ ખતીબ (પેશ ઈમામ જામેઅ મસ્જિદ–ગોધરા (ગુજરાતી હરફોંમેં)

❑ "ફર્માએગા (ખુદા) ઈસી તરહ આઈ તેરે પાસ આયતેં હમારી ફિર ભૂલા દિયા તુને ઉનકો, ઔર યૂં હીં આજ ભૂલા દિયા જાએગા."

૦૫. "કહેગા, ઈસી તરહ આઈથી તેરે પાસ નિશાનિયાં હમારી પસ ભૂલ ગયા તૂ ઉનકો ઔર ઈસી તરહ આજ ભૂલા દિયા જાવેગા તૂ." *(હવાલા : ગુજરાતી હર્ફોમેં, કુર્આન મજીદ, પબ્લિશર્સ એન.બી.એસ. બુક ડિપો, અહમદાબાદ)*

૦૬. મોલવી ફતેહ મુહમ્મદખાં જાલંધરીનો તર્જુમો (હિંદી) :–

❑ "ખુદા ફર્માએગા કે ઐસા હી (ચાહિએ થા) તેરે પાસ હમારી આયતેં આઈ તો તૂને ઉનકો ભૂલા દિયા, ઈસી તરહ આજ હમ તુજકો ભૂલા દેંગે." *(હવાલા : હિંદ મુર્તજિમ મઅ–અરબી મતન, પ્રકાશક : મહમૂદ એન્ડ કંપની, મરોલ પાઈપ લાઈન, બમ્બઈ)*

www.barkatekhwaja.net

**૦૭.** મોલવી અબુલ આ'લા મૌદૂદીનો તર્જુમો (ગુજરાતીમાં) :–

❑ "અલ્લાહ તઆલા ફર્માવશે, "હા ! આવી જ રીતે તેં અમારી આયતોને, જ્યારે તે તારી પાસે આવી હતી ભૂલાવી દીધી હતી. એવી જ રીતે આજે તું ભૂલાવવામાં આવી રહ્યો છે." *(હવાલા : દિવ્ય કુર્આન, ગુજરાતી ભાષાંતર અને સંક્ષિપ્ત વિવરણ, ઈસ્લામી સાહિત્ય પ્રકાશન, કાલુપુર ટાવર, અહમદઆબાદ, પાંચમી આવૃત્તિ, ઈ.સ. ૧૯૯૮)*

**૦૮.** સુલેહકુલ્લી મોલવી ડૉ. તાહિરુલ કાદરીનો તર્જુમો (ઉર્દૂ) :–

❑ "ઈર્શાદ હોગા : ઐસા હી (હોગા કે દુનિયામેં) તેરે પાસ હમારી નિશાનિયાં આઈ પસ તુને ઉન્હેં ભૂલા દિયા ઔર આજ ઈસી તરહ તૂ (ભી) ભૂલા દિયા જાએગા." *(હવાલા : ઈર્ફાનુલ કુર્આન, ત્રીજી ઈશાઅત, ઈ.સ. ૨૦૦૮, જુલાઈ, મિન્હાજુલ કુર્આન, લાહોર પાક.)*

**૦૯.** મોલવી હાફિઝ નઝીર અહમદનો તર્જુમો (ઉર્દૂ) :–

❑ "વોહ ફર્માએગા, ઈસી તરહ તેરે પાસ હમારી આયતેં આઈ તો તૂને ઉન્હેં ભૂલા દિયા ઔર ઈસી તરહ આજ હમ તુજે ભૂલા દેંગે." *(હવાલા : મુસ્લિમ અકાદમી, મુહમ્મદનગર, અંજુમને હિમાયતે ઈસ્લામ, પ્રેસ લાહોર, પાક.)*

### ★ કુર્આનનો સાચો તર્જુમો ★

★ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ (કન્ઝુલ ઈમાન) :–

❑ "ફર્માએગા, યૂં હી તેરે પાસ હમારી આયતેં આઈ થીં તૂને ઉન્હેં ભૂલા દિયા ઔર ઐસે હી આજ તેરી કોઈ ખબર ન લેગા."

## (૪) અલ્લાહ તઆલાની તરફ ભૂલની નિસ્બત

**અલ્ કુર્આન :–**

وَ قِيْلَ الْيَوْمَ نَنْسٰىكُمْ كَمَا نَسِيْتُمْ لِقَآءَ يَوْمِكُمْ
هٰذَا وَمَاْوٰىكُمُ النَّارُ

*(પારા નં. ૨૫, સૂરએ જાષિયહ, આયત નં. ૩૪)*

**જે લોકોએ કુર્આનના ખોટા તર્જુમો કર્યો તે:**

**૦૧.** તબ્લીગી જમાઅતના મોલવી મહેમૂદુલ હસન દેવબંદીનો તર્જુમો (ઉર્દૂ) :–

❑ "ઔર હુકમ હોગા કે આજ હમ તુમ કો ભૂલા દેંગે જૈસે તુમને ભૂલા દિયા થા અપને ઈસ દિન કી મુલાકાત કો." *(હવાલા : હરમૈન શરીફૈન, શાહ ફહદ, કુર્આન શરીફ, પ્રિન્ટીંગ કોમ્પલેક્ષ, મદીના મુનવ્વરા, ઈ.સ. ૧૯૯૩, સઉદી અરબ)*

**૦૨.** એહલે હદીષના મોલવી મુહમ્મદ જુનાગઢીનો તર્જુમો (ઉર્દૂ) :–

❑ "આજ હમ તુમ્હે ભૂલા દેંગે જૈસે કે તુમને અપને ઈસ દિન સે મિલને કો ભૂલા દિયા થા." *(હવાલા : હરમૈન શરીફૈન, શાહ ફહદ કુર્આન શરીફ પ્રિન્ટીંગ કોમ્પલેક્ષ, મદીના મુનવ્વરા, હિ.સ. ૧૪૩૦, સઉદી અરબ)*

**૦૩.** તબ્લીગી જમાઅતના મોલ્વી અબ્દુર્રહીમ મો. ગુલામ મુહમ્મદ સાદિકનો તર્જુમો (ગુજરાતી) :–

❑ "અને કહેવામાં આવશે કે આજે અમે તમને ભૂલી જઈએ છીએ, જેમ કે તમે તમારા આ દિવસના સામે આવવાને વિસરી ગયા હતા." *(હવાલો : કુર્આન મજીદ, ગુજરાતી તર્જુમો અને તફસીર, પારા ૨૧ થી ૩૦, ભાગ–૩, પ્રકાશન નં. ૩૭૦, આવૃત્તિ : ત્રીજી, વર્ષ : ૨૦૦૫, પ્રકાશન વિભાગ : દારુલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિય્યહ, ભરૂચ)*

**૦૪.** મોલવી અઝીઝુલ્લાહ હમીદુલ્લાહ ખતીબ (પેશ ઈમામ જામેઅ મસ્જિદ–ગોધરા) (ગુજરાતી હરફોમાં)

❑ "ઔર કહા જાએગા, આજ હમ ભૂલા દેંગે તુમ કો ભૂલા દિયા થા તુમને ઈસ દિન કી મુલાકાત કો." *(હવાલો : ખતીબ કિતાબ ઘર એન્ડ પ્રિન્ટર્સ, એહમદાબાદ)*

**૦૫.** મોલ્વી શાહ રફીઉદ્દીન દહેલ્વીનો તર્જુમો (ગુજરાતી હર્ફોમાં) :–

❑ "ઔર કહા જાવેગા, આજ ભૂલ જાવેંગે હમ

તુમકો જૈસા ભૂલ ગએ તુમ મુલાકાત હમારી ઈસ દિન કો." *(હવાલા : ગુજરાતી હર્ફોમેં કુર્આન મજીદ, પબ્લિશર્સ, એન.બી.એસ. બુક ડિપો, અહમદઆબાદ)*

**૦૬.** મોલવી ફતેહ મુહમ્મદખાં જાલંધરીનો તર્જુમો (હિંદી) :–

❑ "ઔર કહા જાએગા કિ જિસ તરહ તુમને ઈસ દિન કે આને કો ભૂલા રખ્ખા થા, ઉસી તરહ આજ હમ તુમ્હે ભૂલા દેંગે." *(હવાલા : હિંદી મુતર્જિમ મઅ અરબી મતન, પ્રકાશક : મહમૂદ એન્ડ કંપની, મરોલ પાઈપ લાઈન, બમ્બઈ)*

**૦૭.** મોલવી અબુલ આ'લા મૌદૂદીનો તર્જુમો (ગુજરાતીમાં) :–

❑ "અને તેમને કહી દેવામાં આવશે, 'આજે અમે પણ તમને એવી જ રીતે ભૂલાવી દઈએ છીએ જેવી રીતે તમે આ દિવસની મુલાકાતને ભૂલી ગયા હતા." *(હવાલા : દિવ્ય કુર્આન, ગુજરાતી ભાષાંતર અને સંક્ષિપ્ત વિવરણ, ઈસ્લામી સાહિત્ય, પ્રકાશન : કાલુપુર ટાવર, અહમદઆબાદ, પાંચમી આવૃત્તિ–૧૯૯૮)*

**૦૮.** સુલેહકુલ્લી મોલ્વી ડૉ. તાહિરુલ કાદરીનો તર્જુમો (ઉર્દૂ) :–

❑ "ઔર (ઉનસે) કહા જાએગા : આજ હમ તુમ્હેં ભૂલા દેતે હૈં જિસ તરહ તુમને અપને ઈસ દિન કી પેશી કો ભૂલા દિયા થા." *(હવાલા : ઈર્ફાનુલ કુર્આન, ત્રીજી ઈશાઅત, ઈ.સ. ૨૦૦૮, જુલાઈ, મિન્હાજુલ કુર્આન, લાહોર, પાક.)*

**૦૯.** મોલવી હાફિઝ નઝીર અહમદનો તર્જુમો (ઉર્દૂ) :–

❑ "ઔર કહા જાએગા, આજ હમને તુમ્હેં ભૂલા દિયા હૈ જૈસે તુમને અપને ઈસ દિન કે મિલને કો ભૂલા દિયા થા." *(હવાલા : મુસ્લિમ અકાદમી, મુહમ્મદ નગર, અંજુમને હિમાયતે ઈસ્લામ પ્રેસ, લાહોર, પાક.)*

**૧૦.** મોલવી અબ્દુલ માજિદ દર્યાબાદીનો તર્જુમો (ઉર્દૂ) :–

❑ "ઔર (ઉનસે) કહા જાએગા કે આજ હમ તુમ્હેં ભૂલાએ દેતે હૈં જૈસા કે તુમને અપને ઈસ દિન કે આને કો ભૂલા રખ્ખા થા." *(હવાલા : પાક કંપની, ઉર્દૂ બાઝાર, લાહોર, પાક.)*

**૧૧.** અહલે હદીષના મોલવી ષનાઉલ્લાહ અમૃતસરીનો તર્જુમો (હિંદી) :–

❑ "ઔર કહા જાએગા કિ જૈસે તુમ ઉસ દિન કો ભૂલે રહે થે હમ આજ તુમ કો ભી ભૂલ જાયેંગે. તુમ્હારા ઠિકાના જહન્નમ હૈ." *(હવાલા : ૪૧૧૬, એહલે હદીષ મંઝિલ, ઉર્દૂ બાઝાર, જામા મસ્જિદ, દિલ્લી, સાતવાં એડિશન, ૨૦૦૯)*

## ★ કુર્આનનો સાચો તર્જુમો ★

★ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ (કન્ઝુલ ઈમાન) :–

❑ "ફર્માયા જાએગા, આજ હમ તુમ્હેં છોળ દેંગે જૈસે તુમ અપને ઉસ દિન કે મિલને કો ભૂલે હુએ થે."

**સમજૂતી** : જોયું પહેલા જે લોકોના તર્જુમા રજૂ કર્યા જેમાં અલ્લાહ તઆલાની તા'ઝીમ, મહોબ્બત, અદબ કાંઈ પણ ન હતું. તે લોકોને ખબર જ નથી કે તેઓએ અલ્લાહની શાનમાં કેવી ગુસ્તાખી કરી અને અલ્લાહ તઆલા માટે શબ્દ ભૂલ, ફરમોશ, વિસરી જવું આ બધું અલ્લાહ તઆલા માટે શક્ય નથી. મુજદ્દિદે દીનો મિલ્લત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ કુર્આનનો સાચો તર્જુમો કરીને તેમને દેખાડી દીધું કે સાચુ શું છે. કેમ કે સહાબાએ કિરામથી લઈને અત્યાર સુધીના ઓલમાએ હક્કે આવો,

www.barkatekhwaja.net

(ભૂલવાવાળો, ફરામોશ કરવું) તર્જુમો કર્યો જ નથી.

## ભૂલવું, ભૂલાવવું અલ્લાહ માટે શક્ય નથી

એક તરફ બદમઝહબના મોલવીઓ અલ્લાહ તઆલાને ભૂલવાવાળો કહે છે. અને બીજી તરફ કુર્આન અલ્લાહ તઆલા ભૂલવાવાળો નથી તેમ કહે છે. તો શું તમે મૌલાનાની વાત માશો કે કુર્આનની ?

**૦૧.** અલ્ કુર્આન :– وَمَا كَانَ رَبُّكَ نَسِيًّا

**તર્જુમો** : "ઔર હુઝૂર કા રબ ભૂલનેવાલા નહીં." *(પારા નં. ૧૬, સૂરએ મરયમ, આયત નં. ૬૪, કન્ઝુલ ઈમાન)*

**૦૨.** અલ્ કુર્આન :– لَا يَضِلُّ رَبِّيْ وَلَا يَنْسَى "મેરા રબ ન બહેકે, ન ભૂલે." *(પારા નં. ૧૬, સૂરએ તાહા, આયત નં. ૫૨, કન્ઝુલ ઈમાન)*

જોયું કુર્આન તો કહે છે કે અલ્લાહ તઆલા ભૂલવાવળો નથી. કુર્આને ભૂલવાની વાતને નકારી કાઢી છે, અને સાફ સાફ શબ્દોમાં કહ્યું કે અલ્લાહ તઆલા ભૂલવાવાળો નથી. જોયું ! મારા ઈમામ ઈમામે ઈશ્કો મહોબ્બત આ'લા હઝરત અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ નો કેટલો સરસ, સુંદર અને અલ્લાહ તઆલા અને તેના પ્યારા રસૂલની મહોબ્બતમાં સાચો તર્જુમો છે.

હવે અમે અલ્લાહ તઆલાની ઝાત તમામ, ઐબ, ઉણપ, કમી, નુકસાનથી પાક છે, તેની દલીલ આપશું કે ભૂલી જવું એ એક અયબ છે જ્યારે કે અલ્લાહ તઆલાની પાક ઝાત તમામ ખામીથી પાક છે.

**૦3.** અલ્ કુર્આન :– سُبْحٰنَ الَّذِىْٓ "પાકી હૈ ઉસે." *(પારા નં. ૧૫, સૂરએ બની ઈસરાઈલ, આયત નં. ૧, કન્ઝુલ ઈમાન)*

હવે આ આયતની તફસીર માટે અમે તબ્લીગી જમાતનો હવાલો રજૂ કરીએ છીએ એટલા માટે કે એહલે સુન્નતની તફસીરનો હવાલો રજૂ કરીએ તો કહેશે કે તમે તમારા ઘરની વાત કહી એટલા માટે.

તબ્લીગી જમાતના મોલવી અબ્દુર્રહીમ મો. ગુલામ મુહમ્મદ સાદિક઼ આ આયતની તફસીર કરતાં લખે છે કે, "અલ્લાહની ઝાત દરેક પ્રકારની ખામી અને નુકસાન તેમજ દરેક પ્રકારની અશક્તિ અને લાચારીથી પાક છે. *(હવાલા : કુર્આન મજીદ, ગુજરાતી તર્જુમો અને તફસીર, પારા : ૧૧ થી ૨૦, પ્રકાશન નં. ૩૭૦, આવૃત્તિ–ત્રીજી, વર્ષ–૨૦૦૫, પ્રકાશન વિભાગ દારુલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિય્યહ, કંથારીઆ, ભરૂચ)*

આ વળી કેવી વાત મોલવી સાહબે કુર્આનના તર્જુમામાં અલ્લાહને ભૂલવી દિધો (અલ્લાહની પનાહ !) અને (નોંધ : આગળ તેના હવાલા આવી ગયા) બીજી બાજુ અલ્લાહને તમામ ખામીથી પાક કહે છે. ડબલ પોલિસી ચલાવી ! વાંચવાવાળા મારા પ્યારા ભાઈ અને બહેનો ! તમેજ ફૈંસલો કરો શું દીનમાં આવી પોલીસીવાળા હક્ક઼ પર છે કે નાહક્ક઼ પર ?!

**૦૪.** અલ્ કુર્આન :– اَلْمَلِكُ الْقُدُّوْسُ السَّلٰمُ "બાદશાહ નિહાયત પાક સલામતી દેનેવાલા." *(પારા નં. ૨૮, સૂરએ હશ્ર, આયત નં. ૨૩, કન્ઝુલ ઈમાન)*

**૦૫.** અલ્ કુર્આન :– اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحٰنَكَ

**તર્જુમો** : "કોઈ મઅ્બૂદ નહીં સિવા તેરે પાકી હૈ તુજકો, બેશક ! મુઝસે બેજા હુવા." *(પારા નં. ૧૭, સૂરએ અંબિયા, આયત નં. ૮૭, કન્ઝુલ ઈમાન)*

**૦૬.** અલ્ કુર્આન :– وَّسَبِّحُوْهُ بُكْرَةً وَّاَصِيْلًا "ઔર સુબ્હ વ શામ ઉસકી પાકી બોલો." *(પારા નં. ૨૨, સૂરએ અહઝાબ, આયત નં. ૪૨, કન્ઝુલ ઈમાન)*

**૦૭.** અલ્ કુર્આન : وَنَحْنُ نُسَبِّحُ بِحَمْدِكَ وَنُقَدِّسُ لَكَ

**તર્જુમો** : "તેરી તસ્બીહ કરતે ઔર તેરી પાકી બોલતે હૈં." *(પારા નં. ૧, સૂરએ બક઼રહ, આયત નં. ૩૦, કન્ઝલ ઈમાન)*

અહીં સુધી અમે અલ્લાહ ભૂલવાથી પાક છે. તેમાં કુર્આનની બે આયતો અને અલ્લાહ તઆલાની જાત તમામ ખામી, ઉણપ, નુકસાનથી પાક છે. તેના

બારામાં પાંચ આયતો રજૂ કરી, હવે અમે ઓલમાએ અહલે સુન્નતની કિતાબો દ્વારા અલ્લાહ માટે શું અક઼ીદો રાખવો જોઈએ તે જણાવીશું.

**જવાબ નં. ૮** : બહારે શરીઅત (ગુજરાતી)

**લેખક** : ફક઼ીહે આ'ઝમ મૌલાના અજમદઅલી સાહબ આ'ઝમી

અક઼ીદહ્ નં. ૧૫માં લખે છે કે, અને દરેક તે વસ્તુથી જેમાં અયબ તથા ખામી છે, તેનાથી (અલ્લાહ) પાક છે. અર્થાત અને નુકસાનનું તેમાં હોવું અસંભવિત છે. *(હવાલા : બહારે શરીઅત, ભાગ પહેલો : ૧ થી ૫, સુન્ની દા'વતે ઈસ્લામી, દયાદરા શાખા, દયાદરા, જિ. ભરૂચ, વર્ષ : ૨૦૦૯)*

**જવાબ નં. ૯** : ક઼ાનૂને શરીઅત (ગુજરાતી)

**લેખક** : હઝરત અલ્લામા શમ્સુદ્દીન જોનપુરી રઝવી

અલ્લાહ એક છે પાક છે બેમિષાલ અને બેઐબ છે. અર્થાત એના જેવો કોઈ નથી અને એ ખામી વિનાનો છે. *(હવાલા : ક઼ાનૂને શરીઅત, ભાગ : ૧, પેજ : ૧, સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા શાખા, ભરૂચ)*

**જવાબ નં. ૧૦** : અન્વારે શરીઅત (ઉર્દૂ)

**લેખક** : મુફતી જલાલુદ્દીન અહમદ અમજદી સાહબ رحمۃ اللہ علیہ

(અલ્લાહ) હર ઐબ સે પાક હૈ ઉસ કે લિએ કિસી ઐબ કા માનના કુફ્ર હૈ. *(હવાલા : અન્વારે શરીઅત, પેજ : ૭, કુતુબખાના અમજદિયહ)*

**જવાબ નં. ૧૧** : બરકાતે શરીઅત (હિંદી)

**લેખક** : અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના શાકિર અલી નૂરી સાહબ

"અલ્લાહ એક હૈ, પાક હૈ ઔર બેમિષાલ, બેઐબ હૈ." (હવાલા : બરકાતે શરીઅત, પેજ : ૭૫, મકતબે તયબહ, મુમ્બઈ)

**જવાબ નં. ૧૨** : નમાઝ પઢતી વખતે તક્બીરે તહરીમા (અલ્લાહુ અકબર) કહ્યા પછી આપણે ષના પઢીએ છીએ જેના શરૂઆતના શબ્દો આ પ્રમાણે છે :– **સુબ્હાનકલ્લાહુમ્મ. તર્જુમો** : "હે અલ્લાહ, તારી ઝાત પાક છે."

અહીં સુધી અમે ૧૨ જવાબો (હવાલા) આપ્યા કે અલ્લાહ તઆલા ભૂલવાવાળો નથી અને તે બધી ખામીથી પાક છે. હવે અમે એવો હવાલો રજૂ કરીએ છીએ કે આજકાલના કહેવાતા બદ્મઝહબ અને ખાસ કરીને કહેવાતી એહલે હદીષ વાત વાતમાં બુખારી શરીફનો હવાલો માગે છે તો અમે પણ તેનો હવાલો રજૂ કરીએ છીએ એટલા માટે કે જે હુઝૂર ﷺની મહોબ્બતમાં બુખારી શરીફ વાંચે તો તેને તેમાંથી ફૈઝ મળે, પણ આંખના આંધળા અને હુઝૂર ﷺની દુશ્મનીમાં વાંચે તેને કાંઈ પણ ન મળે. જો બદમઝહબના મોલવીઓએ આ હદીષને વાંચી હોત તો ક્યારેય પણ અલ્લાહ તઆલાને ભૂલવાવાળો ન કહેતા.

**જવાબ નં. ૧૩** : બુખારી શરીફ (કિતાબ)

**લેખક** : હઝરત અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન ઈસ્માઈલ બુખારી (વિસાલ હિજરી : ૨૫૬, આજથી લગભગ ૧૧૭૮ વર્ષ પહેલાંના બુઝુર્ગ)

હદીષ નં. ૬૯૪૦ : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે કહ્યું કે નબી ﷺએ ફર્માવ્યું, બે કલ્મા જે રહમાનને પ્યારા છે ઝબાન ઉપર હલકા મીઝાનમાં ભારી છે : અમે અલ્લાહની હર (બધા) ઐબથી પાકી બયાન કરીએ છીએ તેની હમ્દની સાથે અલ્લાહ હર (બધા) ઐબથી પાક છે. અઝમતવાળો. *(હવાલો : નુઝહતુલ ક઼ારી શરહે સહીહ બુખારી, જિલ્દ : ૫, પેજ નં. ૭૯૫, ફરીદ બુક ડેપો, ઉર્દૂ બાઝાર, લાહોર, પાક.)*

હવે અમે વધારે હવાલા ન આપતાં બાતિલ ફિક઼ાવાળાના બે મોલવીની કિતાબના હવાલા આપીએ છીએ અને પછી આગળ વધીએ છીએ કે સહાબાએ કિરામથી લઈને ઉમ્મતના મોટા મોટા ઓલમાઓએ આ આયતની શું તફસીર કરી અને શું કહ્યું છે. જે તેમણે કહ્યું એ જ મારા ઈમામે એહલે સુન્નત આ'લા

www.barkatekhwaja.net

હઝરત رحمۃ اللہ علیہએ કન્ઝુલ ઈમાનમાં લખ્યું કે જે એક બાજુ કુર્આન શરીફનો તર્જુમો છે તો બીજી બાજુ કુર્આનની તફસીર. અને બદ્‌મઝહબના કહેવાતા મોલાનાઓએ આ બધુ છોડી પોતાની મેળે તર્જુમો કરવા ગયા તો ઠોકરો ખાઈને પડી ગયા.

**જવાબ નં. ૧૪ :** તબ્લીગી જમાતના મોલવી અશરફ અલી થાનવી

(અલ્લાહ) "સબ ઐબો સે પાક હૈ." (હવાલા : બહિશ્તી ઝેવર (ઉર્દૂ), હિસ્સા : અવ્વલ, પેજ : ૨૮, રબ્બાની બુક ડેપો, હવે વાંચો થાનવી સાહેબ, પેજ નં. ૨૯, ઉપર લખતા લખતા અલ્લાહ તઆલાને કેવી રીતે યાદ કરે છે. વાંચશો તો પગ નીચેથી જમીન ખસી જશે. "ગુનાહ કે કામ સે અલ્લાહમિયાં નારાઝ ઔર ષવાબ કે કામસે ખુશ હો."

**જવાબ નં. ૧૫ :** તબ્લીગી જમાઅતના મોલવી મુહમ્મદ કિફાયતુલ્લાહ

"વોહ સારે ઐબો સે પાક હૈ." *(હવાલા : તા'લીમુલ ઈસ્લામ, હિંદી, કામિલ ૪ હિસ્સે, કુતુબખાન અઝીઝિયા, ઉર્દૂ બાઝાર, દિલ્લી)*

વધારે હવાલા નથી લખતા, જો બીજા હવાલા લખવામાં આવે તો ખૂબ વધારે થઈ જશે, મારો મકસદ તફસીરની મજબૂત કિતાબો દ્વારા તે ચારેય આયતો સમજાવવાનો છે.

**જવાબ નં. ૧૬ :** કિતાબ : ગુનિયતુત્તાલિબીન (હિંદી), પેજ નં. ૧૬૭

લેખક : હઝરત સૈયદના શૈખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہ

(વિસાલ : હિ.સ. ૫૬૧ આજથી ૯૦૦ વર્ષ પહેલાના બુઝુર્ગ)

આપ પોતાની કિતાબમાં અલ્લાહની સિફાતે ઈલાહીનું બયાન કરતાં લખે છે : "વહ બડા સખી હૈ, બુખ્લ નહીં કરતા, વહ બુર્દબાર હૈ ઈન્તેકામમેં જલ્દી નહીં કરતા, યાદ રખનેવાલા હૈ ભૂલતા નહીં." *(અરબી દુનિયા, ૩૯૯ મટિયા મહેલ, જામા મસ્જિદ, દિલ્હી, ૨૦૧૦)*

**જવાબ નં. ૧૭ :** કિતાબ : ગુનિયતુત્તાલિબીન (હિંદી), પેજ નં. ૨૧૩

**લેખક :** હઝરત સૈયદના શૈખ અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہ (વિસાલ : હિ.સ. ૫૬૧, ૯૦૦ વર્ષ પહેલાના બુઝુર્ગ)

વધારેમાં આપ ફર્માવે છે કે, તે સિફતો (ખાસિયતો) જેની સાથે નિસ્બત આપવી અલ્લાહ તઆલાની ઝાત માટે નાજાઈઝ છે, તે આ મુજબ છે :

"જેહાલત, શક, તરદ્દુદ, ગલબએ ઝન, સહવ વ નિસયાન (ભૂલવું) ઊંઘ, બીમારી, ગફલત, ઈઝ્ઝ (લાચારી), મૌત, બહેરાપણુ, ગુંગાપણુ, અંધાપો....વગેરે."

આટલુ વાંચી ગયા પછી વાંચનારનાં મગજમાં થોડાક સવાલો તો પેદા થવા જ જોઈએ.

## :: સવાલો ::

★ અલ્લાહ તઆલા બધા ઐબોથી પાક છે. તો હવે જે પણ મોલવી એ અલ્લાહને ભૂલવાવાળો કહ્યો (અલ્લાહની પનાહ !) તેણે અલ્લાહને ઐબવાળો કહ્યો કે નહીં ?

★ અલ્લાહની તે મોલવીઓએ ગુસ્તાખી કરી કે નહીં ?

★ આના (બદ્‌મઝહબના તર્જુમાવાળા કુર્આન)થી એ જાણવા મળે છે કે બદ્‌મઝહબોનો એ અકીદો છે કે તે અલ્લાહને પાક માને છે પણ સાથે સાથે ભૂલવાવાળો પણ માને છે. (અલ્લાહની પનાહ !) આ સાચુ કે નહીં ?

★ તૌહીદનો ખોટો ઢંઢેરો પીટવાવાળાને એક સવાલ કે તે નબીનો કલ્મો પઢયો છે કે મોલવીનો કલ્મો ?

ખોટા તર્જુમા કરવાવાળાને ખબર જ નથી કે અલ્લાહ તઆલાની શાન તેની અઝમત અને તેના બારામાં શું અકીદો રાખવો જોઈએ. જો કોઈ આપણા મા, બાપને ગાળો આપે તો આપણે તેની સાથે ઝઘડો કરીએ છીએ. જો તમે અલ્લાહ અને તેના રસૂલ ﷺની સાથે સાચી મહોબ્બત કરતા હોવ તો આવા મોલવી અને તેના માનવાવાળાઓથી દૂર થઈને કુર્આન અને હદીષ ઉપર સાચો અકીદો રાખવાવાળી એહલે સુન્નત વ જમાઅત સાથે થઈ જાવ. (સંપૂર્ણ)

www.barkatekhwaja.net

# ઈબ્ને તયમિયાની ગુમરાહીઓ

**અઝ** : હઝરત મૌલાના સાદિક મિસ્બાહી
**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી

અલ્લામા તક઼ીઉદ્દીન (ઈબ્ને તયમિયા) હિ.સ. ૬૬૧, ઈ.સ. ૧૨૬૩માં હરાન તુર્કીમાં પેદા થયો. સાત વરસની વયે દમિશ્ક શામ (સીરિયા) તરફ હિજરત કરી અને ત્યાં જ હિફ્ઝે કુર્આન ખત્મ કર્યુ, અને તાલીમ પૂર્ણ કરીને દમિશ્કમાં જ દર્સ તથા ઈફ્તા (ફતવા લેખન)નું કામ સાંભળી લીધું.

ઈબ્ને તયમિયા પોતાને હંબલી મઝહબનો જાહેર કરતો હતો પણ વિવિધ સ્થાનોએ તેણે જમહૂર (બહુમતી ઉલમા) જ નહીં, બલ્કે ઈજમાએ ઉમ્મતની વિરૂધ્ધતા કરી. તેને જાહેરી મઝહબનો સરદાર તથા વહાબી ખયાલનો શ્રોત (ઉગમ સ્થાન) કહી લો, (કેમ કે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદી વરસો પછી એને જ અનુસર્યો અને દુનિયાભરમાં વહાબિયતની ગુમરાહી ફેલાયી) કેમ કે એ બંદાએ વિવિધ ઉસૂલ તથા ફુરૂઅમાં ઉમ્મતના ઈજમાઅની વિરૂધ્ધ કર્યું જેના પર ઘણા બધા ઉલમા, દા.ત. અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની, ઈબ્ને હજર હૈતમી, અલ્લામા તાજુદ્દીન સુબ્કી, ફક઼ીહ વલીઉદ્દીન ઈરાક઼ી અને તક઼ીઉદ્દીન સુબ્કી વગેરેએ તેનો સખત રદ કર્યો.

જ્યારે તેના (ઈબ્ને તયમિયાના) નવા વિચારો તથા ખયાલો સામે આવવા લાગ્યા તો એ દૌરના ઉલમાએ તેની દમ બાંધીને ખબર લીધી. અને જ્યારે તેની આ બાતિલ માન્યતા સામે આવી કે, "રસૂલે ખુદા ﷺના રોઝાએ અત્હરની ઝિયારત માટે સફર કરવી નાજાઈઝ બલ્કે સફર કરવી ગુનોહ છે." તો કસાફી અફનાઈ માલિકીએ મિસરના સુલ્તાન નાસિરને દરખાસ્ત કરી કે ઈબ્ને તયમિયાને તેની બેઅદબી અને બકવાસ વાતોના કારણે ક઼ત્લ કરાવી દેવામાં આવે. આ આવેદન પત્ર પર ઘણા બધા ઉલમાએ સમર્થનમાં સહીઓ કરી. પરિણામ એ આવ્યું કે સુલ્તાન નાસિરે ઈબ્ને તયમિયાને દમિશ્કના કિલ્લામાં કેદ કરી દીધો અને જુમ્આ ૧૦ શાબાન હિ.સ. ૭૨૬ના રોજ દમિશ્કની જામેઅ મસ્જિદમાં શાહી એલાન સંભળાવવામાં આવ્યું કે ઈબ્ને તયમિયાને નબીઓની કબરોની ઝિયારતથી મના કરવા પર કેદની સજા આપવામાં આવે છે. હવે પછી તે કોઈ ફત્વો આપી શકશે નહીં. *(ઈમામ ઈબ્ને તયમિયા, અઝ : મુહમ્મદ યૂસુફ કોકની, પેજ–૫૬૪,૫૬૫)*

એને કેટલાય મદ્રસાઓ, ખાનકાહો અને ઉલમાની મજલિસોથી ભગાડવામાં આવ્યો, વરસો સુધી કેદખાનાની તકલીફો વેઠી અને છેવટે કેદખાનામાં જ હિ.સ. ૭૨૮માં દમિશ્કમાં મૃત્યુ પામ્યો.

ઈબ્ને તયમિયા કેટલીય વિદ્યાઓનો નિષ્ણાંત (માહિર), પુષ્કળ કિતાબોનો લેખક, ઈમામ ઝહબી, ઈબ્ને ક઼ૈયિમ, ઈબ્ને કષીર જોવા મોટા મોટા ઉલમાનો ઉસ્તાદ હતો.

ઈબ્ને તયમિયા કહેવા પૂરતો તો હંબલી મઝહબવાળો હતો, પરંતુ અસલમાં તે તક઼લીદનો સખત વિરોધી, સાથોસાથ તેજ બુધ્ધિવાળો અને ચાલાક બંદો હતો, તબીઅત આઝાદ ખયાલની અને હઠાગ્રહવાળો હતો. હક઼્ક઼ એ છે કે ઈલ્મ તથા તેજ દિમાગની સાથોસાથ ચિંતન તથા ખયાલની સલામતી અને યોગ્ય રાયની તૌફીક઼ મયસ્સર ન હોય તો ઈલ્મ તથા દિમાગી શક્તિ જેહમત તથા મુસીબત બની જાય છે. એટલા માટે ઈસ્લામના

www.barkatekhwaja.net

ઉલમાની રવિશથી હટીને તેણે ઘણી બધી ચિંતનાત્મક માન્યતાને લગતી બિદઅતો ખડી કરી અને કેટલાયે મસાઈલમાં કુર્આન તથા હદીષો, સુન્નત તથા શરીઅત અને ઉમ્મતના ઈજમાઅથી મતભેદ કર્યા. મશહૂર ઈતિહાસકાર ઈબ્ને બતૂતાએ ઈબ્ને તયમિયાને પાગલપનવાળો અને વિકૃત દિમાગવાળો આલિમ કહ્યો. *(તહરીકે વહાબિયતકા મુખ્તસર તઆરુફ, પેજ-૧૨, ૧૩)*

ઈબ્ને તયમિયાએ અસંખ્ય મસાઈલમાં જમહૂર (બહુમતી ઉલમા)થી અલગ પોતાની રાય કાયમ કરી અને ઉમ્મતના ઈજમાઅની વિધ્ધ કર્યું. અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ની શાનમાં પણ સખત ગુસ્તાખીઓ કરી.

અલ્લામા ઈબ્ને હજર હૈતમી શાફઈએ પોતાના ફત્વાઓમાં તેના ઉલમાથી વિમુખ (ઉલ્ટા) અકીદાઓ તથા મસાઈલ પર ચર્ચા કરી છે. તેની કેટલીક માન્યતાઓ નીચે મુજબ છે :

(૧) કોઈએ સ્ત્રીને તલાક આપી તો કસમનો કફ્ફારો, દા.ત. ત્રણ રોઝા રાખી લે તો કામ ચાલી જશે.

(૨) હૈઝવાળીને અથવા જે તહર (પાકીના દિવસો)માં સંભોગ કરવામાં આવ્યો તેમાં કોઈ તલાક આપતો રહે પણ કોઈ તલાક પડશે નહીં.

(૩) જાણી જોઈને નમાઝ છોડી આપી તો તેની કઝા નથી.

(૪) ત્રણ તલાક આપવાથી એક જ લાગુ થશે.

(૫) હૈઝ (માસિક)વાળી પણ ખાનએ કા'બાનો તવાફ કરી શકે છે, તેના પર કોઈ કફ્ફારો લાઝિમ ન થશે.

(૬) વેપારી પાસેથી જે ટેકસ લઈ લેવામાં આવ્યો તેનાથી ઝકાત અદા થઈ ગઈ. અલગથી હવે કાંઈ આપવાનુ નથી, ભલે તેણે ઝકાતની નિય્યત કરી હોય કે ન કરી હોય.

(૭) તેલ, ઘી વગેરે પ્રવાહી ચીજોમાં જો કોઈ જાનવર ઉંદર, છિપકલી વગેરે મરી પણ જાય તો પણ તે પાક જ રહેશે.

(૮) જુનુબી (નાપાક વ્યક્તિ) રાતે નાપાકીના હાલતમાં નફ્લ નમાઝ પઢી શકે છે. ફજરથી પહેલાં નફ્લ નમાઝ માટે નહાવાની જરૂરત નથી.

(૯) શર્તે વાકિફ (વકફ થયેલ ચીજની શર્ત કે બીજા હેતુ માટે કે બીજે ન વપરાય) એ તદ્દન ફાલતુ ચીજ છે. એટલે કે જો કોઈ ચીજ મસ્જિદ માટે કોઈએ વકફ કરી તો તેને મદ્રસા તથા કોઈ અન્ય કામમાં વાપરી શકાય છે.

(૧૦) ઈજમાઅની વિરૂધ્ધ કરવું કોઈ ગુનોહ નથી.

(૧૧) અલ્લાહની જાત મહલ્લે હવાદિષ (મખ્લૂક જેવી સિફતો ધરાવનાર) છે. (تَعَالَى الله عَن ذَٰلِک وتقدس)

(૧૨) અલ્લાહની જાત મુરક્કબ (મિશ્રણ) છે, તે ભાગોનો એવો જ મોહતાજ છે, જેવી રીતે કુલ, વિભાગોનો મોહતાજ હોય છે. (تَعَالَى الله عَن ذَٰلِک وتقدس)

(૧૩) કુર્આન કદીમ (હમેશાંથી) નથી, હાદિષ (પછીથી ઉદ્ભવેલુ) છે.

(૧૪) દુનિયા કદીમ બિન્નૂઅ (અલ્લાહની જેમ હમેશાંથી) છે, તે હમેશાંથી અલ્લાહની સાથે રહી. અલ્લાહ તઆલાના અખત્યારથી નથી. (تَعَالَى الله عَن ذَٰلِک وتقدس)

www.barkatekhwaja.net

**(૧૫)** અલ્લાહ તઆલાના માટે હાથ, પગ, ચહેરો છે જેવી રીતે માણસો માટે હોય છે. (تَعَالَی اللہ عَن ذٰلِک وتقدس)

**(૧૬)** તે અર્શ પર એ જ પ્રમાણે તશરીફ રાખે (બેસે) છે જેવી રીતે કોઈ માણસ ખુરશી પર બેસે છે. (تَعَالَی اللہ عَن ذٰلِک وتقدس)

**(૧૭)** અલ્લાહ તઆલા એક જગાએથી બીજી જગા આવજા કરે છે. (تَعَالَی اللہ عَن ذٰلِک وتقدس)

**(૧૮)** જહન્નમ એક દિવસે ફના થઈ જશે.

**(૧૯)** અંબિયાએ કિરામ (નબીઓ)માસૂમ નથી.

**(૨૦)** નબી કરીમ ﷺના માટે કોઈ પદ (હોદ્દો, પ્રતિષ્ઠા) નિયુક્ત નથી, તેમના વસીલાથી દુઆ માગવી જાઈઝ નથી.

**(૨૧)** હુઝૂર ﷺના રોઝાની તરફ ઝિયારતની નિય્યતથી સફર કરવી હરામ અને ગુનોહ છે. એ સફરમાં નમાઝ પૂરી પઢવામાં આવશે, કસર જાઈઝ નથી. *(અસ્તગફિરુલ્લાહિ તઆલા)*

**(૨૨)** તૌરાત તથા ઝબૂરના કલમા (શબ્દો) નથી બદલવામાં આવ્યા, બલ્કે કેવળ તેના અર્થ બદલી નાખવામાં આવ્યા છે. *(બહવાલા : ફતાવા હદીષિયહ, ૧/૮૫, દારુલ ફિક્ર, બૈરૂત)*

શયખુલ ઈસ્લામ અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہના પ્રમાણે : તે (ઈબ્ને તયમિયા) ખૂબ જ અતિશયોક્તિ કરનારો, સખત ઘમંડી હતો. પોતાને મુત્લક્ મુજતહિદ સમજતો હતો, ઉલમાને રદિયો આપતો. તેની હિંમત એટલી વધી કે હઝરત ઉમર رضی اللہ عنہની ગલતી કાઢવા લાગ્યો ! હઝરત અલી رضی اللہ عنہના બારામાં એ બકવાસ કરી કે તેમણે સત્તર (૧૭) જગાએ ભૂલો કરી. તેણે (ઈબ્ને તયમિયા)એ મુતવફ્ફી અન્હા ઝવજહા (તે સ્ત્રી જેનો પતિ મૃત્યુ પામ્યો હોય)ના મસ્અલામાં નસ્સે કિતાબ (કુર્આની આયત)ની વિરૂધ્ધતા કરી. ઈમામ ગઝાલી رحمۃ اللہ علیہને ગાળો આપતો, ઈમામ ઈબ્ને અરબીને ભલુબુરુ કહેતો. તેનું કહેવું હતું કે અલ્લાહ તઆલા અર્શ પર એવી જ રીતે બેસ છે જેવી રીતે હું મારી ખુરશી પર બેસુ છું. મિમ્બર પર બે પગથિયાં ઉતરીને કહ્યું કે અલ્લાહ તઆલા આવી રીતે ઉતરે છે. (نَعُوذُ بِاللہِ تَعَالٰی) નઊઝુબિલ્લાહિ તઆલા વસીલો તથા મદદ ચાહવું અને નબી કરીમ ﷺના વસીલાથી દુઆ કરવાની તેણે ના પાડી...વગેરે. *(અદુરરુલ કામિના ફી અઅ્યાનિલ માઅતિષ્ષામિનહ, ૧/૧૭૮, ઝિક્ર મન ઈસ્મે અહમદ મજલિસે દાઈરતુલ મઆરિફિલ્ ઉષ્માનિયા, હૈદ્રાબાદ–હિંદ)*

પેજ નં.**૪૭** નું ચાલુ.. જેમ કે ''બહારે શરીઅત''માં છે : **(શરત–૨)** સ્ત્રીને મક્કા શરીફ સુધી જવામાં ત્રણ દિવસ અથવા તેથી વધારેનો (એટલે ૯૨ કિ.મિ. કે તેથી વધુનો) રસ્તો હોય તો તેના પતિ સાથે અથવા મેહરમનું સાથે હોવું શર્ત છે, ચાહે તે સ્ત્રી યુવાન હોય કે વૃદ્ધા હોય. *(બહારે શરીઅત, ભાગ–૬)*

મેહરમ એટલે બાપ, ભાઈ, સગા કાકા, મોટા, દાદા, મામા, નાના, સગા ભત્રીજા, ભાણીયા વગેરેમાંથી કોઈની સાથે જઈ શકે છે. ''બહારે શરીઅત''માં છે કે : સ્ત્રી મેહરમ વગર અથવા પતિ વગર હજ્જ માટે (ઉમરા માટે) ગઈ તો ગુનેહગાર થઈ, પરંતુ હજ્જ કરશે તો હજ્જ થઈ જશે.

પ્રથમ તો એ કે હજ્જ કરવા માટેની બધી શર્તો હોય પણ એક શર્ત મેહરમ ન હોય તો પણ તે સ્ત્રી પર હજ્જ ફર્ઝ નથી થતી, પછી શા માટે નાહક્ક ગુનાહમાં પડવું ? કેમ કે મક્કા શરીફમાં એક ગુનોહ એક લાખ ગુનાહ બરાબર છે, તો કદમ કદમ પર લાખો ગુનાહોની કમાણી થતી જશે ! જેથી બહેનો આ બાબત ધ્યાનમાં રાખે અને મેહરમ વિના હજ્જ ઉમરામાં જવાથી રોકાય જાય. وما توفیقی الا باللہ

# મેહરમ વિના

## હજ્જ ફર્ઝ જ ન થશે !

(ફ્રાયદ્દેય)

આજકાલ સઊદી ગવર્નમેન્ટે ઘણા કામો ઈસ્લામ તથા ઈસ્લામી શરીઅતની વિરુદ્ધ ચાલુ કરી દીધાં છે. ઘણા હરામ કામો જે સરાસર કુર્આન હદીષની વિરુદ્ધ છે તેની ઈજાઝત ત્યાં આપી દેવામાં આવી છે. એવી જ એક છૂટ હજ્જના સંબંધી પણ સઊદી ગવર્નમેન્ટે આપી દીધી છે કે મહરમ વિના કોઈ પણ સ્ત્રી હજ્જ ઉમરા કરી શકે છે. આ છૂટને આપણી નાદાન બહેનો તથા ભાઈઓ જાણે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ તરફથી છૂટ મળી ગઈ હોય તેમ ખુશી ખુશી મેહરમ વિના ગૈર લોકો સાથે હજ્જ ઉમરામાં જવા લાગી છે. અલ્લાહની ઈબાદત અલ્લાહ વ રસૂલના હુકમ પ્રમાણે થાય તો જ ક઼બૂલ થશે, નહીં તો સવાબને બદલે અઝાબ આપણા આમાલનામામાં નોંધાતો જશે કે જેને વેઠવાની આપણુ આ નાઝુક બદન શક્તિ નથી ધરાવતું. માટે મન માની રીતે અને નફ્સની ખુશી માટે કે "હું હજ્જ કરી આવી કે ઉમરા કરી આવી" એવો નકામો દિલી સંતોષ મેળવવા અલ્લાહ વ રસૂલની નાફર્માની કરીને નાણા ખર્ચીને પણ સવાબને બદલે અઝાબ વહોરવો એ સહી દિમાગવાળાઓનું કામ નથી.

હા ! હજ્જની ઈબાદતની ઘણી ફઝીલતો છે. જેમ કે હદીષે પાકમાં છે :

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે અલ્લાહના માટે હજ્જ કરે તો ન ફુહશકલામી (અપશબ્દો બોલે) ન ગુનાહની વાતો, તો એવી રીતે પરત થશે જાણે તેને માએ આજે જન્મ આપ્યો." *(મુસ્લિમ, બુખારી)*

"તેમનાથી જ રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ઉમરાથી બીજા ઉમરા સુધી વચ્ચેના ગુનાહોનો કફ્ફારો છે અને મક઼બૂલ હજ્જનો બદલો જન્નતના સિવાય કાંઈ નથી." *(મુસ્લિમ, બુખારી)*

ઉલમા ફર્માવે છે કે બે ઉમરાઓની વચ્ચેના ગુનાહે સગીરા માફ થઈ જાય છે અને હજ્જે મક઼બૂલમાં કબીરા ગુનાહોની માફીની ક઼વી (મજબૂત) ઉમ્મીદ છે. અને હજ્જે મક઼બૂલનો બદલો તો યક઼ીનન ! જન્નત છે, એના ઉપરાંત દુનિયામાં માલદારી, દુઆની ક઼બૂલિયત પણ અતા થઈ જાય તો રબનો કરમ છે. તેમજ એક હદીષમાં છે :–

બઝ્ઝાર અને તિબ્રાની હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું : હાજીની મગફેરત થઈ જાય છે અને હાજી જેના માટે મગફેરતની દુઆ કરે તેના માટે પણ મગફેરત થઈ જાય છે. (બહારે શરીઅત, ભાગ–૬) અને બીજી હદીષમાં છે :–

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે માહે રમઝાનમાં ઉમરા કરવા હજ્જના બરાબર છે. *(મિર્અતુલ મનાજીહ, ભા–૪)*

એક હદીષમાં છે : "....બેશક઼ ! રમઝાન શરીફમાં ઉમરો કરવો મારી સાથે હજ કરવા સમાન છે. *(સહીહ બુખારી, હ–૧૮૬૩ તથા અન્ય હદીષની કિતાબો)*

હઝરત અબૂ યઅ્લા હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે હુઝૂર રસૂલે ખુદા ﷺએ ફર્માવ્યું, જે હજ્જ અદા કરવા માટે નીકળ્યો અને (માર્ગમાં જ) મૃત્યુ પામ્યો તો ક઼યામતના દિવસે તેના માટે હજ્જ કરવાવાળાનો સવાબ લખવામાં આવશે, અને જે ઉમરા માટે નીકળ્યો અને માર્ગમાં જ મૃત્યુ પામ્યો તો તેના માટે ક઼યામત સુધી ઉમરા કરવાવાળાનો સવાબ લખવામાં આવશે.....

*(બહારે શરીઅત, ભાગ–૬)*

સારાંશ કે હજ્જ ઉમરાની ફઝીલતો ઘણી છે પણ ત્યારે કે જ્યારે અલ્લાહની આ ઈબાદત તેના હુકમોને આધિન રહીને કરવામાં આવે. વધુ પેજ ૪૬ પર...

# નાજાઈઝ રીતે જમીન પચાવી પાડનારનો અંજામ !

કાર્યાલય

આજકાલ આમ લોકોમાં ઘણા એવા છે જેઓ કોઈનો માલ, સંપત્તિ કે જમીન વગેરે પચાવી લેવાને કે જમીન દબાવી લેવાને પોતાની હોશિયારી સમજે છે અથવા પોતાની બહાદુરી જાણે છે. તેમજ કેટલીક જગાએ બાપના ઈન્તેક઼ાલ પછી તેણે છોડેલી જમીન જાયદાદમાં પણ અન્યનો હક્ક઼ પચાવી પાડવાના પેંતરા રચાતા હોય છે અને સામાન્યતઃ બહેનોને તેમના હક્ક઼ મુજબનો વારસો આપવામાં આવતો નથી. હા ! બાપે જિંદગીમાં જેને જે આપીને તેને માલિક કરી આપેલ હોય તો તે તો તેનું જ ગણાશે, પણ બાપના મૃત્યુ બાદ તેની પાછળ તેની જે મિલ્કત, માલ, રકમ વગેરે રહેલ હોય તેને શરીઅતના નિયમાનુસાર (મરનારનુ કરજ અદા કર્યા બાદ) દરેકનો હિસ્સો પાડી તેમને આપવું અનિવાર્ય છે. વળી કેટલાક લોકો પડોશીની જમીન કે ખેતરમાં ઘાલમેલ કરી દેતા હોય છે અથવા સરકારી જમીન પર પણ નાજાઈઝ કબજો જમાવીને લોકોના રસ્તાઓ તંગ કરીને પબ્લિકના અવર જવરમાં તકલીફો ઉભી કરતા હોય છે. સારાંશ કે નાજાઈઝ રીતે જમીન કે સંપત્તિ પચાવી પાડવા સંબંધે ઈસ્લામી શરીઅતમાં, રસૂલે પાક ﷺની હદીષોમાં શું આદેશો છે તેને જોઈએ અને જો પોતે આ કામોમાં સપડાયા હોઈએ તો આજથી એવી જમીન છોડી દઈને તેના હક્ક઼દારોને સોંપી તૌબા કરી લઈએ જેથી આખેરતના અઝાબમાંથી મુક્તિ મળી જાય.

### ★ જુલ્મથી વેંત જમીન પચાવનારને ક઼યામતમાં સાત જમીનોનો હાર પહેરાવાશે ★

"હઝરત સઅદ ઈબ્ને ઝયદથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે **જે વેંત જેટલી જમીન જુલ્મની રીતે લઈ લે તો ક઼યામતના દિવસે તેને સાત જમીનોનો તૌક઼ પહેરાવવામાં આવશે[૨]."** (મુસ્લિમ, બુખારી)

આ હદીષથી જાણવા મળ્યું કે જમીનના સાત તબક઼ા ઉપર નીચે છે. કેવળ સાત મુલ્ક (અમુક લોકોએ સાત જમીનથી સાત મુલ્ક મુરાદ લીધું છે) નહીં, **પ્રથમ તો એ હડપ કરનારાને જમીન સાત તબક઼ (પટ)નો તૌક઼ (હાર) પહેરાવવામાં આવશે, પછી તેને જમીનમાં ધસાવવામાં આવશે.** જેથી જે હદીષોમાં છે કે તેને જમીનમાં ધસાવવામાં આવશે તે હદીષો આ હદીષની વિરુદ્ધ નથી. આ હદીષ તદ્દન જાહેર પર છે કે એમાં કોઈ તાવીલ (અર્થઘટન)ની જરૂરત નથી. અલ્લાહ તઆલા એ હડપ કરનારની ગરદન એટલી લાંબી કરી દેશે કે આટલી મોટી હંસલી (ગળાનુ હાડકુ) એમાં આવી જશે. જાણવા મળ્યું કે જમીનને હડપ કરવું અન્ય ચીજો હડપ કરવા કરતાં અતિ કઠિન છે.

### ★ કોઈની મામૂલી ચીજ પણ વિના ઈજાઝતે લેવી નાજાઈઝ ★

આજકાલ કોઈની કોઈ ચીજને તેના ઘર કે ખેતરમાંથી લઈ લેવાને જાણે ગુનો સમજવામાં નથી આવતું, પણ આવો હદીષે પાકમાં એના વિશે શું દર્શાવ્યું છે :–

"હઝરત સાઈબ ઈબ્ને યઝીદ رضی اللہ عنہથી રિવાયત છે, તે પોતાના પિતાથી, તે નબી કરીમ ﷺથી રિવાયત કરે છે. ફર્માવ્યું, તમારામાંથી કોઈ પોતાના મુસલમાન ભાઈની લાઠી (અસા) ન તો મજાકમાં લે ન ઈરાદાપૂર્વક. જે પોતાના ભાઈની લાઠી

લઈ લે તે તેને પરત કરી આપે[૨]. (તિર્મિઝી, અબૂ દાઊદ) અને અબૂ દાઊદની રિવાયત جادا સુધી છે.

"અસા" તે મામૂલી લાઠી (લાકડી) કહેવાય છે જે વૃદ્ધોના હાથોમાં રહે છે. ક્યારેક જાનવર હાંકવાની ચાબુકને અસા કહી દે છે. અહીં બંને અર્થ બની શકે છે. મક્સદ એ છે કે કોઈની મામૂલી ચીજ પણ જાણે કે અજાણપણે ન લો. જો નાદાનીમાં લઈ ચૂક્યા છો તો માલૂમ થવા પર તરત પરત કરી દો. ચીજ છુપાવવા ચોરવાની મજાક પણ જાઈઝ નથી.

*(અશિઅહ)*

વિચારો કે મજાકમાં પણ કોઈની ચીજ ચોરવા છુપાવવાની, જાણે અજાણે લેવાની પણ સાફ શબ્દોમાં મનાઈ કરી આપી છે તો હવે જાણી જોઈને કોઈની જગા પચાવી પાડવા વિશે તો કેટલો સખત હુકમ હોઈ શકે છે ?! આવો, આપણા પ્યારા નબી કરીમ ﷺનું વધુ એક ફર્માન જોઈ લો ! :

### ★ હડપ કરનાર સાત જમીનોના તળીયા સુધી ક્યામતમાં ખોદશે ★

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે **જે શખ્સ જુલ્મની રીતે વેંત જેટલી જગા લઈ લે અલ્લાહ એને એનો પાબંદ કરશે કે તેને સાત જમીનોના તળીયા સુધી ખોદે. પછી ક્યામતના દિવસે તેનો તોક્ પહેરશે, ત્યાં સુધી કે લોકોની વચ્ચે ફેંસલો કરી દેવામાં આવે[૧]."** (અહમદ)

આ જમીન પચાવી પાડનારા માટે ત્રીજો અઝાબ છે, અથવા એક જ શખ્સને આ ત્રણેવ અઝાબ ત્રણ સમયોમાં આપવામાં આવશે અથવા કોઈને તે ઉપર વર્ણનમાં આવી ગયેલા અઝાબ અને કોઈને આ અઝાબ, એટલે એ શખ્સ ખુદ સાત તળીયા સુધીની જમીન સુધી બોરિંગ કરે અને પોતે જ પોતાના ગળામાં તોક્ (હાર) બનાવીને પહેરીને ફરે. *(મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ, ભાગ–૪)*

## :: ઈન્તેક્ાલ પુરમલાલ ::

❒ **બરોડા** : બરકાતે ખ્વાજાના ચાહક જનાબ હિદાયતભાઈ વાઘોડીયાવાળાનાં અહલિયા મર્હૂમા હજીયાણી બીબીબેન ઉર્ફ રશીદાનો તા. ૩૦–૩–૨૦૨૩, ૭ રમઝાન હિ. ૧૪૪૪ના રોજ ઈન્તેક્ાલ થયો જેમની દફનવિધિ મધુનગર, ગોરવા, વડોદરામાં કરવામાં આવી.

❒ **દયાદરા** : ખાતે તા. ૨૨–૩–૨૦૨૩, ૨૯–શાબાન હિ. ૧૪૪૪ બુધવારના રોજ ઐયૂબભાઈ અહમદ કોળા (માજી સરપંચ)નો ઈન્તેક્ાલ થઈ ગયો. તેમજ હાજી અ.રશીદ (ભીખા) સૂફીનો તા. ૩૧–૩–૨૦૨૩, ૮–રમઝાનુલ શરીફ, હિ. ૧૪૪૪, જુમ્આના રોજ ઈન્તેક્ાલ થયો છે.

❒ **કેનેડા** : ખાતે હાજી ઈકબાલભાઈ ખીડા દયાદરાવાળાનો તા. ૨૫–૩–૨૦૨૩, ૨–રમઝાનુલ મુબારક હિ. ૧૪૪૪, શનિવારના રોજ ઈન્તેક્ાલ થયો છે.

❒ **ભરૂચ** : મુકામે (નેશનલ પાર્ક)માં નફીસા હનીફ શેઠ સલાદરાવાળા (સાજીદ શેરપુરાવાલા દયાદરવીના બહેન)નો ૨૭–શાબાન હિ. ૧૪૪૪, તા. ૨૦–૩–૨૦૨૩, સોમવારના રોજ ઈન્તેક્ાલ થઈ ગયો છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*



www.barkatekhwaja.net

## ''રઈસુલ કલમ'' એવોર્ડ બદલ દાદાબાપુ રૂપાલવાળાને મુબારકબાદ !

જાણીતા અને અવામમાં લોકપ્રિય લેખક અને શાયર હઝરત મુહિબ્બે મિલ્લત, પીરે તરીક્ત સૈયદ અલ્હાજ દાદાબાપુ એસ. કાદરી હૂદી હુસૈની રૂપાલવાળા છેલ્લા ૫૦ વરસથી દીની ખિદમતમાં કાર્યરત છે. અનેક વિષયો પર આપે કિતાબો લખી છે જે પ્રસિધ્ધિ મેળવી ચૂકી છે. આપે કોઈ કિતાબની કિંમત કે હદિયો રાખેલ નથી અને લખવાનુ મહેનતાણુ પણ લીધેલ નથી. આપના દ્વારા ''સુન્ની ખિદમતગાર કમિટી'' (રૂપાલ)નું સંચાલન થઈ રહ્યું છે જ્યાંથી ફ્રીમાં કિતાબો પ્રસિધ્ધ થતી રહે છે. આપના દીનો લેખો તયબહ, ફલાહે ઈસ્લામ, રૂહાની પૈગામ, શાહમદાર વગેરે સુન્ની માસિકોમાં છપાતા રહે છે. આપની ક્લમી દીની સેવાઓની ક્દર કરીને રતનપુર (જિ. ખેડા)ના ઈદારા ''જામિઆ મદીનતુલ ઉલૂમ'' ખાતે તા. ૫–૩–૨૦૨૩ના રોજ દસ્તારબંદીના પ્રોગ્રામમાં ''નૂર એજ્યુ. એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ'' તરફથી સૈયદ દાદાબાપુને ''રઈસુલ ક્લમ''નો એવોર્ડ આપીને તેમનું બહુમાન કરવામાં આવેલ છે. બરેલી શરીફથી પધારેલ હઝરત મુફ્તી અરસલાન સાહેબના હસ્તે એવોર્ડ અપાયો હતો. (હબીબ તરકવાડિયાના લખાણને ટૂંકાવીને રજૂ કરેલ છે.) હઝરત ક્બ્લિા દાદાબાપુને ખૂબ ખૂબ મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક (દયાદરા)*

## દયાદરામાં યાદગાર દિવસોના પ્રસંગે સુન્ની ઈજતેમાઓ

રમઝાન શરીફના મુબારક મહીનામાં આવતા યાદગાર દિવસો જેમ કે ૩–રમઝાન રોજ મુખ્તારુલ મસાજિદ દયાદરામાં અસર બાદ સુન્ની દા'વતે ઈસ્લામીના સુન્ની ઈજતેમામાં **હઝરત મૌલાના મુફ્તી સાબિર નજમી મિસ્બાહી** (સદર ઈફ્તા વ દારુલ ક્ઝા, દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ) સાહબે હઝરત બીબી ફાતિમા ઝહરા رضی اللہ عنہا ના વિસાલના દિવસ નિમિત્તે જન્નતી ઔરતોની સરદારની શાનમાં બયાન મેહફિલે દુરૂદ તથા યાસીન શરીફના ખત્મ બાદ કર્યું હતું. એ જ પ્રમાણે ૧૦–રમઝાન શરીફ ઉમ્મુલ મો'મિની હઝરત ખદીજતુલ કુબરા رضی اللہ عنہا ના વિસાલના દિવસ નિમિત્તે હઝરત મુફ્તી સાબિર સાહબે શાને ઉમ્મુલ મો'મિનીન પ્રદર્શિત કરી હતી. તેમજ ૧૭ રમઝાન જંગે બદર તથા ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ના વિસાલના દિવસે ખત્મે યાસીન શરીફ બાદ હઝરત મુફ્તી સાબિર મિસ્બાહી સાહબે અસર બાદ બયાન કર્યું હતું. તથા ૨૧–રમઝાન અસર બાદ શહાદતે હઝરત અલી رضی اللہ عنہ ના દિવસે **હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી** (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ શાને હૈદરે કર્રાર رضی اللہ عنہ ની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. તેમજ રમઝાન શરીફના પૂરો મહીનો દરરોજ અસર બાદ **હઝરત મૌલાના મુફ્તી તૌસીફ રઝા હલદરવી** સાહબે કુર્આને પાકની તફસીર પેશ કરી કુર્આન પાકના, ઈલ્મે દીનના ફયઝાનથી હાજરજનોને નવાઝયા હતા.

*–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

## ★ ખિલાફત અર્પણ ★

**કલોલ** : ખાતે તા. ૧૩–૧૧–૨૦૨૨ના રોજ ૧૧મી શરીફના મહીનામાં હઝરત શયખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદની અશરફીયુલ જીલાની કલોલના દૌરા પર આવેલા ત્યારે શહેર કાઝી કલોલ હઝરત હાજી ઈસ્માઈલમિયાં મેહમૂદમિયાં કાદરી, ચિશ્તીને ખિલાફતથી નવાજયા હતા. મુબારકબાદ ! *–તંત્રી...*